અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654



પેજ-08
ટ્વિંકલ ખન્ના પુત્રના જન્મદિવસ પર ભાવુક થઈ ગઈ...



પેજ-09
સચિન તેંડુલકરના પુત્ર અર્જુને 9 વિકેટ લઈને તબાહી મચાવી

**હવામાન**

| શહેર | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અમદાવાદ | 32.00 | 25.00 |
| વડોદરા | 32.00 | 25.00 |
| સુરત | 31.00 | 27.00 |

પેજ 5



પેટ્રોલ-ડીઝલ જ નહીં, હવે ઈથેનોલથી ચાલતી કાર રસ્તા પર દોડશે...

18 SEPTEMBER-2024 WEDNESDAY

ટ્રમ્પે આફતને અવસરમાં પલટી: હુમલાના કલાકમાં 10 લાખને ડોનેશન...



પેજ 10

**શેરબજાર**

| | | |
|---|---|---|
| સેન્સેક્સ | 83079.66 ▲ | 90.88 |
| નિફ્ટી | 25418.55 ▲ | 34.80 |
| સોનું | 73260.00 ▼ | 236.00 |
| ચાંદી | 89630.00 ▲ | 021.00 |

વર્ષ-13 । અંક-303 । વિક્રમ સંવત-2079 । ભાદરવો સુદ-પૂનમ । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ▪ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક

## ચક દે...ઈન્ડિયા




# ભારતીય હોકી ટીમે ચીનને કચડ્યું

## રેકોર્ડ પાંચમીવાર એશિયન ચેમ્પિયન્સ હોકીનું ટાઇટલ જીત્યું : સતત બીજીવાર ચેમ્પિયન બન્યું

(એજન્સી) હુલુનબુઇર । તા. 17

ભારતે સતત બીજી વખત અને એકંદરે પાંચમી વખત હોકી એશિયન ચેમ્પિયન્સ ટ્રોફી જીતી છે. મંગળવારે રમાયેલી ફાઈનલ મેચમાં ભારતે યજમાન ચીનને 1-0થી હરાવ્યું હતું. આ મેચ ચીનના હુલુનબુઇર શહેરમાં મોકી હોકી ટ્રેનિંગ બેઝ પર રમાઈ હતી. આ ટુર્નામેન્ટમાં ભારત અજેય રહ્યું હતું. ભારત તરફથી મેચનો એકમાત્ર ગોલ જુગરાજ સિંહે કર્યો હતો. ચીનની ટીમ ચાર ક્વાર્ટર બાદ પણ ગોલ કરી શકી ન હતી.

### પ્રથમ ક્વાર્ટરમાં રમત ટાઈ રહી હતી

ભારત અને ચીન વચ્ચે એશિયન ચેમ્પિયન્સ ટ્રોફીની ફાઈનલનો પ્રથમ ક્વાર્ટર ટાઈ રહ્યો હતો. પ્રથમ ક્વાર્ટરમાં ભારતીય ખેલાડીઓએ ઘણી તકો ઊભી કરી હતી, પરંતુ ચીનના ડિફેન્ડર્સ અને ગોલકીપરે શાનદાર રમત રમી હતી અને તેને ગોલમાં પરિવર્તિત થવા દીધી નહોતી. આઠમી મિનિટે અભિષેક સિંહે ગોલ પર સીધો શોટ ફટકાર્યો હતો. અહીં ચીનના ગોલકીપરે શાનદાર બચાવ કર્યો હતો.

# આતિશીએ નવી સરકાર બનાવવાનો દાવો કર્યો

# કેજરીવાલે રાજ્યપાલને રાજીનામું આપ્યુ

(એજન્સી) નવી દિલ્હી । તા. 17

દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે રાજીનામું આપવાની જાહેરાત કર્યા બાદ દિલ્હીના રાજકારણમાં ભારે ઉથલપાથલ જોવા મળી રહી છે. આજના ઘટનાક્રમમાં કેજરીવાલના રાજીનામા બાદ આમ આદમી પાર્ટી (AAP) ની વિધાયક દળની બેઠકમાં આતિશી માર્લેનાને મુખ્યમંત્રી બનાવવા પર મહોર વાગી છે અને માર્લેનાએ આજે એલી ઓફિસ પહોંચી સરકાર રચવાનો દાવો રજૂ કર્યો છે. આ સાથે તેમણે ભાજપ પર નિશાન સાધ્યું છે. મળતા અહેવાલો મુજબ દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે આજે ઉપરાજ્યપાલ વી.કે.સક્સેના સાથે મુલાકા કરીને રાજીનામું આપી દીધું છે. આ સાથે આતિશીએ વિધાયક દળ દ્વારા પસંદ કરાયેલા નેતાના નામનો પત્ર પણ ઉપરાજ્યપાલને સોંપ્યો છે. કેજરીવાલે બે દિવસ પહેલા જ જાહેરાત કરી હતી કે, તેઓ મુખ્યમંત્રી પદેથી રાજીનામું આપી જનતા વચ્ચે જશે.



### અમારા માટે દુ:ખની ક્ષણ, મને કોઈ શુભકામના ન આપે : આતિશી

આતિશીએ કહ્યું કે, કેન્દ્ર સરકારે દિલ્હીના CM અરવિંદ કેજરીવાલ વિરુદ્ધ ખોટો પ્રચાર કર્યો અને ખોટા આરોપો લગાવ્યા. કેન્દ્રએ તેની તમામ એજન્સીઓને તેની પાછળ છોડી દીધી. 6 મહિના જેલમાં રાખ્યા. સુપ્રીમ કોર્ટે તેમને મુક્ત કર્યા. કોર્ટે કેન્દ્ર સરકાર પર પણ આકરી ટીપ્પણી કરી હતી. જો તે અન્ય કોઈ વ્યક્તિ હોત તો તે તરત જ મુખ્યમંત્રીની ખુરશી પર બેસી ગયો હોત. કેજરીવાલે કહ્યું કે, હું દિલ્હીની જનતાનો નિર્ણય સ્વીકારીશ. આ અમારા માટે દુ:ખની ક્ષણ છે. દિલ્હીની જનતા પ્રતિજ્ઞા લઈ રહી છે કે આગામી ચૂંટણીમાં તેઓ કેજરીવાલને દિલ્હીના મુખ્યમંત્રી બનાવશે.

### કેજરીવાલની ઈમાનદારી પર કાદવ ઉછાળવામાં આવ્યો: ગોપાલ રાય

આતિશીના નામની જાહેરાત કરતા દિલ્હીના પરિવહન મંત્રી ગોપાલ રાયે કહ્યું- અમે મુશ્કેલ સંજોગોમાં આ નિર્ણય લીધો છે. કેજરીવાલની ઈમાનદારી પર કાદવ ઉછાળવામાં આવ્યો. જ્યાં સુધી જનતા તેમને પસંદ નહીં કરે ત્યાં સુધી તેઓ મુખ્યમંત્રીની ખુરશી પર બેસશે નહીં. બપોરે 1 વાગ્યે આતિશીએ મીડિયા સાથે વાત કરી અને કહ્યું, 'હું મારા ગુરુ અરવિંદ કેજરીવાલજીનો આભાર માનું છું, જેમણે મને આટલી મોટી જવાબદારી આપી.

**ભાજપે કહ્યું- મેકઓવરથી દાગ નહીં ધોવાય :** દિલ્હીના મુખ્યમંત્રી તરીકે આતિશીની પસંદગી કરવામાં આવ્યા બાદ ભાજપના પ્રદેશ અધ્યક્ષ વીરેન્દ્ર સચદેવાએ આપ પર નિશાન સાધ્યું છે. તેમણે કહ્યું કે, ચહેરો બદલવાથી AAPનું ચારિત્ર નહીં બદલાય. આમ ચહેરો બદલીને મેકઓવર કરવા માંગે છે, જોકે તેમના પર ભ્રષ્ટાચારના લાગેલા દાગ સાફ નહીં થાય.'

### ભગવાન દિલ્હીની રક્ષા કરે: સ્વાતિ માલીવાલ

આ દરમિયાન AAPના રાજ્યસભા સાંસદ સ્વાતિ માલીવાલે કહ્યું, 'જેનો પરિવાર આતંકવાદી અફઝલ ગુરુ માટે લડ્યો હતો તેને આમ આદમી પાર્ટીએ મુખ્યમંત્રી બનાવ્યો છે. ભગવાન દિલ્હીની રક્ષા કરે. દિલ્હી માટે આજનો દિવસ ખૂબ જ દુ:ખદ છે. 13 સપ્ટેમ્બરે દારૂ નીતિ કેસમાં સુપ્રીમ કોર્ટમાંથી જામીન મળ્યા બાદ કેજરીવાલે 15 સપ્ટેમ્બરે મુખ્યમંત્રી પદ છોડવાની જાહેરાત કરી હતી. તેમણે કહ્યું હતું કે, 'હવે જનતાએ નક્કી કરવું જોઈએ કે હું ઈમાનદાર છું કે બેઈમાન. જો જનતા એ ડાઘ ધોઈ નાખશે અને વિધાનસભાની ચૂંટણી જીતશે તો હું ફરીથી ખુરશી પર બેસીશ.'

## મોદીજી, નેતાઓ પર લગામ લગાવો

# રાહુલને મારવાની ધમકી આપે છે : ખડગે

(એજન્સી) નવી દિલ્હી । તા. 17

કોંગ્રેસ-અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને તેમના 74મા જન્મદિવસની શુભેચ્છા પાઠવી છે. ખડગેએ PMને પત્ર પણ લખ્યો છે, જેમાં રાહુલ ગાંધી વિરુદ્ધ નફરતભર્યા ભાષણ પર ચિંતા વ્યક્ત કરી છે. ખડગેએ કહ્યું- 'ભાજપ અને સહયોગી પક્ષોના નેતાઓ દ્વારા રાહુલ ગાંધી વિરુદ્ધ ખૂબ જ વાંધાજનક અને હિંસક ભાષાનો સતત ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. આપને વિનંતી છે કે આવા નેતાઓ પર લગામ લગાવો.'

**રાહુલ વિરુદ્ધ હેટ સ્પીચ મુદ્દે ખડગેનો PMને પત્ર**



હકીકતમાં ગયા અઠવાડિયે ભાજપના એક નેતા, એક કેન્દ્રીય મંત્રી અને શિવસેનાના એક ધારાસભ્યએ રાહુલ ગાંધી વિરુદ્ધ નિવેદનો આપ્યાં હતાં. એને રાજકીય પતન ગણાવીને ખડગેએ PM પાસે કડક કાર્યવાહીની માગ કરી છે. BJPએ 11 સપ્ટેમ્બરે દિલ્હીમાં રાહુલ ગાંધીના ઘરની બહાર પ્રદર્શન કર્યું હતું. આ દરમિયાન BJP નેતા તરવિંદર સિંહ મારવાહ પર રાહુલને જાનથી મારી નાખવાની ધમકી આપવાનો આરોપ લાગ્યો હતો.

# બુલડોઝરની કાર્યવાહી પર સુપ્રીમ કોર્ટની બ્રેક

## સુપ્રીમ કોર્ટે આપ્યો આદેશ : અમારી પરવાનગી વિના તોડફોડ ન થવી જોઈએ

(એજન્સી) નવી દિલ્હી । તા. 17

સુપ્રીમ કોર્ટે મંગળવારે બુલડોઝરની કાર્યવાહી પર 1 ઓક્ટોબર સુધી પ્રતિબંધ મૂક્યો છે. કોર્ટે કહ્યું હતં કે આગામી સુનાવણી સુધી દેશમાં એકપણ બુલડોઝરની કાર્યવાહી ન કરવી જોઈએ. કોર્ટે આગળ કહ્યું હતું કે અમારે સ્પષ્ટ કરવું જોઈએ કે આ આદેશમાં રસ્તાઓ, ફૂટપાથ, રેલવે લાઈનોના ગેરકાયદે અતિક્રમણનો સમાવેશ થતો નથી. સુપ્રીમ કોર્ટે મંગળવારે મોટો આદેશ આપતાં દેશભરમાં બુલડોઝર એક્શન પર પ્રતિબંધ લાદી દીધો છે. ઉત્તર પ્રદેશ સહિત અન્ય રાજ્યોમાં વારંવાર થતી બુલડોઝરની કાર્યવાહી વિરૂદ્ધ દાખલ જમિયત ઉલેમા-એ-હિન્દની અરજી પર સુપ્રીમ કોર્ટે સુનાવણી આપતાં આ નિર્દેશ આપ્યો છે. જસ્ટિસ બી.આર. ગવઈ અને જસ્ટિસ કે.વી. વિશ્વનાથનની બેન્ચે આ આદેશ આપ્યા હતા. સુપ્રીમ કોર્ટે પ્રતિબંધ લાદતાં જણાવ્યું હતું કે, આગામી આદેશ સુધી દેશભરમાં બુલડોઝર કાર્યવાહી હાથ ધરવામાં આવશે નહીં. જો કે, પબ્લિક રોડ, ગલી, જળ સંસ્થા, ફુટપાથ, રેલવે લાઈન વગેરે પર ગેરકાયદે કબજા પર આ પ્રતિબંધ લાગુ થશે નહીં.



**કેન્દ્ર સરકારે આદેશ પર સવાલો ઉઠાવ્યા, કહ્યું- હાથ ન બાંધો** કેન્દ્રએ આ આદેશ પર સવાલો ઉઠાવ્યા હતા. સોલિસિટર જનરલ તુષાર મહેતાએ કહ્યું હતું કે બંધારણીય સંસ્થાઓના હાથ આ રીતે બાંધી શકાય નહીં. એના પર જસ્ટિસ બીઆર ગવઈ અને જસ્ટિસ કે.વી. વિશ્વનાથનની બેન્ચે કહ્યું- જો કાર્યવાહી બે અઠવાડિયાં સુધી રોકી દેવામાં આવે તો આકાશ નહીં તૂટી પડે. તમે એને રોકો, 15 દિવસમાં શું થઈ જશે?

**અમને વાર્તાઓ પ્રભાવિત કરી શકશે નહીઃ સુપ્રીમ કોર્ટ** સુનાવણીમાં જસ્ટિસ ગવઈએ કહ્યું કે, અમને વાર્તાઓ પ્રભાવિત કરી શકે નહીં. અમે સ્પષ્ટતા કરી ચૂક્યા છીએ કે, ગેરકાયદે બાંધકામનું સંરક્ષણ કરવાના પક્ષમાં નથી, પરંતુ એક્ઝિક્યુટીવ જજ બની શકીએ નહીં. ડિમોલિશનની પ્રક્રિયા સ્ટ્રીમલાઈન થાય તે જરૂરી છે, રસ્તાઓ, ગલીઓ, ફૂટપાથ તથા જાહેર સ્થળો પર ગેરકાયદે બાંધકામ દૂર કરવા પર કોઈ પ્રતિબંધ નથી.

**મોદી @ 74** વડાપ્રધાન મોદી 74માં જન્મદિવસ નિમિત્તે ઓડિશાના પ્રવાસે...



## CJIના નિવાસસ્થાને ગણેશ પૂજામાં સામેલ થવા અંગે PM મોદીએ આપ્યો જવાબ

# સત્તાના ભૂખ્યા લોકોને...

(એજન્સી) ભુવનેશ્વર । તા. 17

વડાપ્રધાન મોદી 74માં જન્મદિવસ નિમિત્તે ઓડિશાના પ્રવાસે છે. આ દરમિયાન તેમણે ગણેશ પૂજા વિવાદ પર પહેલીવાર નિવેદન આપ્યું હતું. તેમણે ભુવનેશ્વરના જનતા મેદાનમાં કહ્યું કે, સત્તાના ભૂખ્યા લોકો ગણેશપૂજાથી હેરાન છે. કોંગ્રેસ ઈકોસિસ્ટમના લોકો છેલ્લા કેટલાક દિવસોથી નારાજ છે, કારણ કે મેં ગણપતિ પૂજામાં ભાગ લીધો હતો. આ અંગે વાત કરતા તેમણે કહ્યું કે, થોડા દિવસ પહેલા મેં ગણપતિ પૂજામાં ભાગ લીધો તો, જેના કારણે કોંગ્રેસની ઈકો સિસ્ટમના લોકો પરેશાન અને ભડકેલા છે. સત્તાના ભૂખ્યા લોકોને ગણેશ પૂજાથી પરેશાની થઈ રહી છે.

### અંગ્રેજો ગણેશ ઉત્સવથી ચિઢાતા હતા : મોદી

આ મુદ્દે કોંગ્રેસ પર પ્રહાર કરતા તેમણે કહ્યું કે, 'ભાગલા પાડો અને રાજ કરોની નીતિ પર કામ કરતા અંગ્રેજો ગણેશ ઉત્સવથી ચીડાતા હતા. આજના સમયમાં પણ જે લોકો ભારતીય સમાજના ભાગલા પાડવાનો પ્રયાસ કરી રહ્યા છે, તેઓ ગણેશ ઉત્સવના નામથી જ ચીડાય છે. સત્તાના ભૂખ્યાં લોકોને ગણેશ પૂજાથી પરેશાની થઈ રહી છે.'

### આખરે મમતા સરકાર હડતાળ કરનારા ડોક્ટરો સામે ઝૂકી, નવી તપાસ સમિતિ રચી

કોલકાતા : મમતા સરકારે હડતાળ પર બેઠેલા જુનિયર ડોક્ટરો સાથે વાત કર્યા બાદ તેમની માગણીઓ સ્વીકારી લીધી છે અને મેડિકલ એજ્યુકેશન ડાયરેક્ટર અને હેલ્થ સર્વિસના ડાયરેક્ટરને હટાવી દીધા છે. મમતાએ ડોક્ટરોને ખાતરી આપતા કહ્યું કે સીપીને મંગળવારે સાંજે 4:00 વાગ્યા સુધીમાં હટાવી દેવામાં આવશે અને વિનીત ગોયલની જગ્યાએ નવા સીપી ચાર્જ સંભાળશે. આ સાથે જ મંગળવારે સુપ્રીમ કોર્ટની સુનાવણી બાદ ઘણા મોટા ફેરફારો થશે. ડોક્ટરોએ મમતા પાસે પાંચ માગણીઓ કરી હતી જેમાંથી સરકારે ત્રણ માગણી સરકારે સ્વીકારી લીધી છે.



### દિલ્હીમાં ટેકો આપવાની કિંમત બિહારમાં વસૂલશે નીતિશ, ભાજપને મોટો ઝટકો

પટણા : બિહારમાં વિધાનસભા ચૂંટણીની તૈયારી શરુ થઈ ગઈ છે. એક બાજુ એનડીએ અને ઈન્ડિયા ગઠબંધનના ઘટક દળોના નેતા અલગ-અલગ નામથી રાજકીય યાત્રાઓ કરી રહ્યા છે. નીતિશ કુમાર વહેલામાં વહેલી તકે બોર્ડ-નિગમમાં બાકીના પદોની ભરતી કરવાના પ્રયાસોમાં લાગી ગયા છે. 'બીસ સૂત્રી સમિતિ' અને બાળ સંરક્ષણ આયોગના ખાલી હોદ્દા ભરાયા છે. એનડીએના ત્રણ ઘટક દળ ચિરાગ પાસવાન અને તેના કાકા પશુપતિ કુમાર પાસવાનના નેતૃત્વવાળા લોજપાના બન્ને દળો, જીતન માંઝીની હમ અને ઉપેન્દ્ર કુશવાહાના આરએલએમના હાથ ખાલી છે.



### નાણા મંત્રી અને પીએમ શું SEBI ચીફના કૌભાંડોથી વાકેફ હતા?: જયરામ રમેશ

નવી દિલ્હી : સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (SEBI) ના વડા માધબી પુરી બૂચના મામલામાં નાણામંત્રી નિર્મલા સીતારમણની પ્રતિક્રિયા પર આકરો પ્રહાર કોંગ્રેસે આક્ષેપ મૂક્યો હતો કે, શું વડાપ્રધાન અને નાણા મંત્રીને આ કૌભાંડ વિશે જાણકારી હતી. કોંગ્રેસના મહાસચિવ જયરામ રમેશે સવાલ કર્યો હતો કે, સેબીના વડા અને તેમના પતિ પર નાણાકીય વ્યવહારો અંગે જે તથ્યો સામે આવ્યા છે, તેને હજુ સુધી કોઈએ નકાર્યા નથી. શું નાણા મંત્રી અને વડાપ્રધઆન નરેન્દ્ર મોદીને 2022થી આ તથ્યો વિશે જાણકારી હતી?



### ખળભળાટ : અમદાવાદથી દિલ્હી ગયેલી ફ્લાઈટે રન-વે પર ઊતરતાં જ ફરી કર્યું ટેક ઑફ

(એજન્સી) નવી દિલ્હી । તા. 17

દિલ્હીના ઈન્દિરા ગાંધી આંતરરાષ્ટ્રીય ઍરપૉર્ટ પર મંગળવારે એક મોટો અકસ્માત થતાં બચી ગયો. અમદાવાદથી દિલ્હી આવી રહેલી ઈન્ડિગો એરલાઈન્સની ફ્લાઈટ એકવારમાં લેન્ડ કરી શકી ન હતી. દિલ્હી ઍરપૉર્ટના ટર્મિનલ ત્રણના રનવે પર ફ્લાઈટના લેન્ડિંગના સમયે ટચ અપ રનવે કરીને ફરીથી ટેક ઑફ કરી કરી દીધું. જેના કારણે ઈન્ડિગો એરલાઈન્સની અંદર હાજર મુસાફરો ગભરાઈ ગયા હતા. જો કે, આશરે 20 મિનિટ આકાશમાં ચક્કર લગાવ્યા બાદ વિમાનનું રી-અપ્રોચ લેન્ડ કરાવવામાં આવ્યું હતું. અમદાવાદથી દિલ્હી જઈ રહેલી ઈન્ડિગોની ફ્લાઈટને અમુક કારણોસર રી-અપ્રોચ લેન્ડિંગ કરાવવામાં આવ્યું. જો કે, આ મુદ્દે એરલાઈન્સ તરફથી કોઈ સ્પષ્ટ જાણકારી આપવામાં નથી આવી. વિમાનના ટચ અપ રનવે કરીને ફરીથી ટેક ઑફ કરવાથી મુસાફરો ગભરાઈ ગયા હતા. મળતી માહિતી મુજબ, વિમાનની ગતિ વધારે હોવાના કારણે તેને ટચ અપ રનવે કરીને ફરીથી ટેક ઑફ કરવું પડ્યું હતું. થોડીવાર આકાશમાં ચક્કર લગાવ્યા બાદ વિમાનને ફરીથી ટર્મિનલ 3 પર લેન્ડ કરાવવામાં આવ્યું હતું.

## મોદી સરકારનો રોડમેપ : છેલ્લાં 10 વર્ષ, વર્તમાનના 100 દિવસ અને આગામી 23 વર્ષનું સપનું

# આખી દુનિયાની નજર નરેન્દ્ર મોદી પર : અમિત શાહ

(એજન્સી) નવી દિલ્હી । તા. 17

વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો જન્મદિવસ છે. તેમના નેતૃત્વમાં રચાયેલી NDA સરકારે આજે તેના કાર્યકાળના 100 દિવસ પૂર્ણ કર્યા છે. નરેન્દ્ર મોદીની સરકાર દેશની પ્રથમ બિન-કોંગ્રેસી સરકાર છે, જે સતત ત્રીજી વખત સત્તામાં આવી છે. આ વર્ષે, સ્વતંત્રતા દિવસે, લાલ કિલ્લા પરથી, વડા પ્રધાન મોદીએ 2047માં ભારતની આઝાદીના 100 વર્ષ પૂર્ણ કરીને દેશને વિકસિત રાષ્ટ્ર બનાવવાની બ્લુ પ્રિન્ટ તૈયાર કરી હતી. યુવાનો, ગરીબો, મહિલાઓ અને ખેડૂતોને કહેવામાં આવ્યું હતું. આ વિકસિત ભારતના આધારસ્તંભ બનવા માટે. ચાલો જાણીએ કે વડાપ્રધાન મોદીના પ્રથમ બે કાર્યકાળ, તેમના ત્રીજા કાર્યકાળના પ્રથમ 100 દિવસની મુખ્ય સિદ્ધિઓ શું છે અને વિકસિત ભારતનું તેમનું સ્વપ્ન શું છે.



**100 દિવસની સિદ્ધિઓ પર પુસ્તિકા લોન્ચ કરવામાં આવી :** વડાપ્રધાનનો જન્મ એક નાનકડા ગામમાં થયો હતો અને વિશ્વની સૌથી મોટી લોકશાહીના વડાપ્રધાન બન્યા હતા. છેલ્લા 10 વર્ષોમાં, વિશ્વભરના વિવિધ દેશોએ તેમના દેશને સર્વોચ્ચ સન્માન આપ્યું છે. ભારતના વિકાસ, સુરક્ષા અને ગરીબોને સમર્પિત સરકાર સતત ચલાવ્યા પછી, ભાજપને ત્રીજી વખત સરકાર બનાવવાનો જનાદેશ મળ્યો.

### 10 વર્ષમાં મજબૂત ભારત બનાવ્યું

ગૃહમંત્રી અમિત શાહે કહ્યું કે છેલ્લા એક દાયકામાં પીએમ મોદીના નેતૃત્વમાં દેશની આંતરિક અને બાહ્ય સુરક્ષા મજબૂત થઈ છે, જેના કારણે મજબૂત ભારતનું નિર્માણ થયું છે. શાહે કહ્યું કે એક નાનકડા ગામમાં જન્મેલા મોદી આટલા મોટા દેશના પીએમ બન્યા અને પોતાના કાર્યકાળ દરમિયાન દેશને ગૌરવ અપાવ્યું. છેલ્લા દાયકામાં દેશે અનેક યોજનાઓના સફળ અમલીકરણને જોયું અને ત્રીજી વખત ભાજપ ગઠબંધનને જનાદેશ આપ્યો.

### શાહે મોદી સરકારના 100 દિવસનું રિપોર્ટ કાર્ડ રજૂ કર્યું

અમિત શાહે કહ્યું કે સરકારના કાર્યકાળમાં એક દેશ એક ચૂંટણી લાગુ કરવાની યોજના છે. આ ઉપરાંત તેઓ મણિપુરમાં શાંતિ માટે મેઈતેઈ અને કુકી બંને સમુદાયો સાથે વાત કરી રહ્યા છે. શાહે કહ્યું- ત્રીજા કાર્યકાળના 100 દિવસમાં મોદી સરકારે 15 લાખ કરોડ રૂપિયાની યોજનાઓ શરૂ કરી, ટેક્સમાં રાહત આપી અને 3 લાખ કરોડ રૂપિયા ખેડૂતોના ખાતામાં ટ્રાન્સફર કર્યા. આજે દેશની આંતરિક અને બાહ્ય સુરક્ષા મજબૂત છે. અર્થતંત્ર તમામ 14 માપદંડોમાંથી પસાર થઈ ગયું છે. આ દરમિયાન, તેમણે કહ્યું - પીએમ મોદીના જન્મદિવસ પર, 17 સપ્ટેમ્બરથી 2જી ઓક્ટોબર સુધી એટલે કે 15 દિવસ સુધી, અમારા જેવા લાખો કાર્યકરો દેશભરના તમામ જરૂરિયાતમંદ લોકોની સેવામાં રોકાયેલા રહેશે.

### હાહાકાર : લેબનોનમાં સીરિયલ બ્લાસ્ટ, રાજદૂત સહિત 1000થી વધુ લોકોને ઈજા

(એજન્સી) બૈરુત । તા. 17

લેબનોમાં સીરિય બ્લાસ્ટ થયો હોવાની ઘટના સામે આવી છે. અહીં પેઝર્સ બ્લાસ્ટ થવાના કારણે ઈરાનના રાજદૂત સહિત 1000થી વધુ લોકો ઈજાગ્રસ્ત થયા છે. આ ઈજાગ્રસ્તોમાં હિઝબુલ્લાના સભ્યો અને આરોગ્ય કર્મચારીઓ પણ સામેલ છે. ઈરાનની મેહર સમાચાર એજન્સીના અહેવાલ મુજબ ઈરાનના રાજદૂત મોજીતબા અમાની પણ ઈજાગ્રસ્ત થયા છે. લેબનોનથી મળતા અહેવાલો મુજબ, દક્ષિણ લેબનોન અને રાજધાની બેરૂત સહિત ઘણા સ્થળો પર સીરિયલ બ્લાસ્ટ થયા છે, જેમાં હિઝબુલ્લાના અનેક લોકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા છે. આ વિસ્ફોટમાં કેટલાક લોકોના મોત થયા, તેની હજુ કોઈ વિગતો સામે આવી નથી. એવું કહેવાય છે કે, કોમ્યુનિકેશન માટે પેઝર્સનો ઉપયોગ કરી રહ્યા હતા અને તે તમામ પેઝર્સમાં એક સાથે બ્લાસ્ટ કરવામાં આવ્યો. ઈરાનના રાજદૂત સહિત 1000થી વધુ લોકો ઈજાગ્રસ્ત થયા છે. ઉલ્લેખનીય છે કે, લેબનોમાં સીરિય બ્લાસ્ટ થયો હોવાની ઘટના સામે આવી છે.

# 26 બાઈકો બળીને ખાખ : ડોમિનોઝના આઉટલેટ બહાર પાર્ક બાઈકોમાં આગ




વડોદરા | શહેરના ફતેગંજ વિસ્તારમાં આવેલ જાણીતા પીઝાના આઉટલેટ ઉપર પાર્ક કરેલી 26 ઈલેક્ટ્રિક ડિલિવરી બાઈકોમાં મોડી રાત્રે ભીષણ આગ ફાટી નીકળી હતી. આ વિકરાળ આગમાં તમામ 26 બાઈકો ગણતરીની મિનિટોમાં ખાખ થઈ ગઈ હતી. ફાયર બ્રિગેડ દ્વારા પાણીમારો ચલાવીને આગ ઉપર કાબુ મેળવ્યો હતો.

મળેલી માહિતી પ્રમાણે, શહેરના ફતેગંજ સેફ્રોન ટાવર પાસે ડોમિનોઝ પિઝાનું આઉટલેટ આવેલું છે. આઉટલેટની બહાર પાર્ક કરાયેલી 26 ડિલિવરી બાઈકમાં મોડી રાત્રે આગ ફાટી નીકળી હતી. આગ લાગતાની સાથેજ E બાઈકોમાં પ્રચંડ ધડાકા થયા હતા. જેના કારણે આગે વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું હતું અને ગણતરીની મિનિટોમાં આગની લપેટમાં આવી ગયેલી 26 બાઈકો બળીને ખાખ થઈ ગઈ હતી.

મોડી રાત્રે લાગેલી આગના બનાવવાની જાણ વડોદરા ફાયર બિગેડને કરવામાં આવતા લાશ્કરો ઘટના સ્થળે દોડી ગયા હતા અને આગ વધુ પ્રસરે નહીં તે માટે પાણીમારો ચલાવીને ગણતરીની મિનિટોમાં આગ ઉપર કાબુ મેળવી લીધો હતો. જો કે, આગ સંપૂર્ણ કાબુમાં આવે તે પૂર્વે તમામ બાઈકો હાડપિંજરમાં ફેરવાઈ ગઈ હતી. આ બનાવને પગલે વિસ્તારમાં ગભરાટ ફેલાઈ ગયો હતો.

ફતેગંજ વિસ્તારમાં પીઝા આઉટલેટના પાર્કિંગમાં પડેલી 26 બાઈકોમાં લાગેલી આગના પગલે લોકોના ટોળેટોળા એકત્ર થઈ ગયા હતા. E બાઈકોમાં પ્રચંડ ધડાકા થતા હોવાના કારણે વિસ્તારના લોકોમાં ગભરાટ ફેલાઈ ગયો હતો. આ આગ કેવી રીતે લાગી છે તેનું ચોક્કસ કારણ બહાર આવ્યું નથી. પરંતુ આગના આ બનાવે વિસ્તારમાં ભારે ચકચાર જગાવી મૂકી હતી.

### ન્યૂઝ કોર્નર

## પાણીયા ગામ પાસે ડમ્પરે ટક્કર મારતા મહિલાનું મોત

દાહોદ | દાહોદ જીલ્લાના લીમખેડા તાલુકા પાણીયા ગામે એક ડમ્પરના ચાલકે એક 36 વર્ષિય રાહદારી મહિલાને અડફેટમાં લેતાં મહિલાનું શરીરે ગંભીર ઈજાઓને પગલે મોત નીપજ્યું હતું. લીમખેડાના પાણીયા ગામે આવેલ હાઈસ્કુલની સામેથી પસાર થતાં રસ્તા ઉપરથી એક ડમ્પરના ચાલકે પોતાના કબજાનું ડમ્પર પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લાવી પસાર થઈ રહ્યાં હતાં ત્યારે તે સમયે રસ્તે ચાલતા જતાં 36 વર્ષિય કંચનબેન મગળસીંગભાઈ પટેલને ડમ્પરના ચાલકે અડફેટમાં લેતાં કંચનબેન-ને શરીરે, હાથે પગે તેમજ માથાના ભાગે ગંભીર જીવલેણ ઈજાઓ પહોંચતાં તેમનું મોત નીપજ્યું હતું. ઘટનાને અંજામ આપી ડમ્પરનો ચાલક સ્થળ પર પોતાના કબજાનું ડમ્પર મુકી પોતે નજીકના પોલીસ મથકે હાજર થઈ ગયો હતો.

## દાહોદના મોટીખરજ ગામે મકાનમાં સંતાડેલો દારૂ ઝડપાયો

દાહોદ |
દાહોદ તાલુકાના મોટી ખરજ ગામેથી એક રહેણાંક મકાનમાંથી પોલીસે રૂા.1,01,520/-નો વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડ્યો હતો, જ્યારે મકાન માલિક પોલીસને ચકમો આપી નાસી જવામાં સફળ રહ્યો હતો.
પ્રાપ્ત વિગતો અનુસાર દાહોદના મોટી ખરજ ગામે ભાભોર ફળિયામા રહેતાં વિનુ સુરેશ ભાભોરના રહેણાંક મકાનમાં વિદેશી દારુનો જથ્થો હોવાની બાતમી મળતા પોલીસે બાતમી વાળી જગ્યાએ ઓચિંતી પ્રોહી રેડ પાડતાં પોલીસને જોઈ બુટલેગર વિનુભાઈ નાસી જવામાં સફળ રહ્યો હતો. પોલીસે તેના રહેણાંક મકાનમાં તલાસી લેતાં મકાનમાંથી પોલીસે વિદેશી દારૂની કુલ બોટલો નંગ.744 કિંમત રૂા.1,01,520/-નો વિદેશી દારુનો જથ્થો કબજે કરી આ સંબંધે દાહોદ તાલુકા પોલીસે પ્રોહીબીશનનો ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

### વિશ્વામિત્રીના કાંઠે ઝોન ફેર કરનાર પૂર્વ TPOના 5 ખાતામાં માત્ર 12 લાખ!, કૈલાશ ભોયાનું ધરમપુરનું લોકર કરશે ઘટસ્ફોટ.!

# વડોદરાને ડૂબાડનાર બીજો 'સાગઠિયા'...!

**વડોદરા | તાજેતરમાં વડોદરામાં આવેલા વિનાશક માનવસર્જિત પૂર પાછળ વિશ્વામિત્રીના કિનારે આડેધડ ઝોન ફેરની મંજૂરી આપનાર હાલમાં જ ફરજિયાત નિવૃત્ત કરાવી દેવાયેલા કૈલાસ ભોયા હોવાનું કહેવાય છે. તેમણે વડોદરામાં પોતાની ફરજ દરમિયાન વિશ્વામિત્રીના કાંઠે આડેધડ ઝોન ફેરની મંજૂરી આપી હોવાનું સંભળાય છે. અને તેમની સામે ભ્રષ્ટાચારની પણ ફરિયાદ નોંધાઈ હતી. ત્યારે આ બધા વચ્ચે હવે વડોદરાને ડૂબાડનાર બીજો 'સાગઠિયા' કૈલાશ ભોયાનું લોકર પણ અનેક ઘટસ્ફોટ કરી શકે છે તેવી ચર્ચાઓએ જોર પકડ્યું છે.**



વડોદરામા ફરજ દરમિયાન વિશ્વામિત્રીના કિનારે ઝોન ફેરની પ્રવૃત્તિ કરી હોવાનો આરોપ જેમની સામે છે, એવા સુરતના તત્કાલિન ટાઉન પ્લાનિંગ ઓફિસર કૈલાશ લાહનાભાઈ ભોયા સામે વડોદરામાં જાગૃત નાગરિકે દ્વારા ભ્રષ્ટાચાર અને સત્તાના દૂરુપયોગની અરજી થઈ હતી. જેની તપાસ બાદ ગુનો દાખલ કરી કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી.
કૈલાશ ભોયા સામે ભ્રષ્ટાચારના અનેક આક્ષેપોને પગલે મિલકત અંગે તપાસ હાથ ધરાઈ હતી. વડોદરા એસીબીએ 1 એપ્રિલ 2012થી 31 માર્ચ 2020 સુધી ભોયાની મિલકતના પુરાવા તેમજ બેંક ખાતાની વિગતો મેળવી હતી. જેમાં પ્રાથમિક દૃષ્ટિએ જ આવક કરતાં વધુ સંપત્તિ બહાર આવી હતી. વડોદરા શહેરના અકોટા વિસ્તારમાં આવેલા નહેરુ પાર્ક સોસાયટીમાં વૈભવી બંગલો અને હરણીમાં ફ્લેટ હોવાનું બહાર આવ્યું છે. જ્યારે વલસાડ, ધરમપુર અને આસપાસના ગામોમાં જમીન અને પ્લોટ પણ છે.



## કૈલાશ ભોયાને જ્યુડિશિયલ કસ્ટડીમાં મોકલાયો

આ દરમિયાન તેના પોતાના પાંચ એકાઉન્ટમાંથી 12 લાખ રૂપિયા મળ્યા હતા. જ્યારે તેની પત્ની અને પુત્રના એકાઉન્ટમાંથી 14 લાખ રૂપિયા મળ્યા હતા. તેના પરિવારના એકાઉન્ટમાંથી કુલ 26 લાખ રૂપિયા મળ્યા હતા. આજે આરોપી કૈલાશ ભોયાને ફરી કોર્ટમાં રજૂ કરાયો હતો. જ્યાં તેને કોર્ટે જ્યુડિશિયલ કસ્ટડીમાં મોકલી આપવાનો આદેશ કર્યો હતો. તેથી તેને વડોદરા સેન્ટ્રલ જેલમાં મોકલી આપવામાં આવ્યો છે.

## ભોયાએ 56.7 ટકા વધુ મિલકતો ભ્રષ્ટાચારથી વસાવી

અગાઉ વડોદરામાં 2014થી 2016 સુધી ફરજ બજાવી ચૂકેલા કૈલાશ ભોયાએ 56.7 ટકા વધુ મિલકતો ભ્રષ્ટાચારથી વસાવી હોવાનું તપાસમાં બહાર આવ્યું હતું. બાદમાં એસીબીના મદદનીશ નિયામક પીએચ ભેસાણીયાના માર્ગદર્શન હેઠળ પીઆઇ એ.એન.પ્રજાપતિએ કૈલાશ ભોયા સામે આવક કરતા વધુ મિલકતનો ભ્રષ્ટાચાર અધિનિયમ મુજબ ગુનો નોંધ્યો છે અને આરોપીને વલસાડ ખાતેથી ઝડપી પાડીને કાર્યવાહી હાથ ધરી હતી. પોલીસે તેના ત્રણ દિવસના રિમાન્ડ મેળવીને તેના બેંક એકાઉન્ટની તપાસ કરી હતી. પરિણામે એસીબીના નાણાકીય સલાહકાર દ્વારા વિશ્લેષણ કરાતા કૈલાશ ભોયાની કાયદેસરની કુલ આવક 2.75 કરોડ હતી, જેની સામે તેમને પોતાના અને પરિવારજનોના નામે કુલ રોકાણ અને ખર્ચ 4.33 કરોડનો કર્યો હતો. આમ આવક કરતા 1.75 કરોડની વધુ સંપત્તિ વસાવી હોવાનું બહાર આવ્યું હતું.

## બેંક લોકર પર પોલીસને નજર

એસીબી દ્વારા હવે ધરમપુર ખાતેના બેંક લોકોને ખોલવાની કાર્યવાહી શરૂ કરવામાં આવશે. પોલીસ કોર્ટની મંજૂરી લઈને આરોપીને સાથે રાખીને આગામી દિવસોમાં તેનું બેંક લોકર ખુલશે. આરોપીના બેંક એકાઉન્ટમાં ખૂબ ઓછી રકમ મળી છે. જેથી તેના બેંક લોકરમાં શું મળે છે તેની પર પોલીસને નજર છે. એ.સી.બી.ની ચાર વર્ષ સુધી ચાલેલી તપાસમાં વિશ્વામિત્રીમાં પૂર બાદ અચાનક જાગેલા તંત્રએ કાર્યવાહી કરી છે. જેમાં એ.સી.બી દ્વારા તપાસ દરમિયાન આરોપી કૈલાશ ભોયા વડોદરામાં જ રહે છે અને અકોટા નેહરુ પાર્ક સોસાયટીમાં કરોડોની કિંમત ધરાવતો બંગલો ધરાવે છે.

## વલસાડ, જૂનાગઢ, સુરત, વડોદરામાં મિલકત વસાવી

આરોપી કૈલાશ ભોયાએ ટાઉન પ્લાનર તરીકે રાજ્યના જુદાજુદા શહેરોમાં મિલકત વસાવી હતી. જેમાં વલસાડ, જૂનાગઢ, સુરત, વડોદરાનો સમાવેશ થાય છે.
ફરજ દરમિયાન હંમેશા વિવાદોમાં રહ્યા છે. ફરિયાદો છતાં કોઈ કાર્યવાહી થઈ ન હતી. ચાલુ તપાસ છતાં સુરત બદલી થઈ હતી. જેની પાછળ રાજકીય પીઠબળ હોવાનું મનાય છે. યોગ્ય તપાસ થાય તો ચોંકાવનારી માહિતી બહાર આવી શકે છે.

## જાફરાબાદના ટીંબી ગામ પાસે શંકાસ્પદ અનાજ સાથે બે ઝડપાયા

(એજન્સી) અમરેલી | તા. 17



અમરેલીના જાફરાબાદના ટીંબી ગામ નજીકથી નાગેશ્રી પોલીસે શંકાસ્પદ અનાજના જથ્થા સાથે બે શખ્સોને ઝડપી પાડી વધુ તપાસ હાથ ધરી છે.જાફરાબાદ તાલુકાના ટીંબી ગામ નજીક નાગેશ્રી પોલીસને માહિતી મળતા PSI પી.વી.પ્લાસની ટીમ દ્વારા ગેરકાયદેસર આધાર પુરાવા વગરનો શંકાસ્પદ ઘઉંના જથ્થા સાથે બે ઈસમોને ઝડપી પાડ્યા હતા. પોલીસે અશોક લેલન્ડ ટેમ્પોમાં રાખેલી ઘઉંની 40 બોરીઓ કબજે કરી વધુ તપાસ હાથ ધરી છે. ટીબી ગામના રેહવાસી મુસ્તકભાઈ ઉર્ફે બાપુ જુમાશા પઠાણ, આરીફશા સુલેમાનશા કનોજીયા બંને આરોપીને ઝડપી લઈ પૂછપરછ હાથ ધરવામાં આવી છે. ઘઉંનો જથ્થો ક્યાંથી લાવ્યા?, કોને સપ્લાય કરવાનો હતો તેને લઈ પૂછપરછનો ધમધમાટ ચાલી રહ્યો છે. પુરવઠા વિભાગની જાણ કરી તપાસ સોંપશે આ કાર્યવહી પી.એસ.આઈ.પી.વી.પ્લાસ,પી.એલ. મકવાણા, સહિત કર્મચારીઓને રેડ કરવામાં સફળતા મળી છે.

# કાળા પથ્થરનો જંગ લોહિયાળ બનશે:ભૂમાફિયાઓના નામ સાથે એકથી વધુ અરજી ફાયરિંગનું કારણ બની...

(એજન્સી) સુરેન્દ્રનગર | તા. 17

સાયલાના સુદામડામાં ખનીજચોરીની અરજી કરતાં ઘર ઉપર 10 રાઉન્ડ ફાયરિંગનો બનાવ બન્યો હતો. આ પંથકમાં માત્ર 82 કાયદેસર લીઝ છે. જ્યારે ક્વોરી ઉદ્યોગનું ટર્ન ઓવર રૂ.5 અબજને આંબી જતું હોવાથી કેટલીવખત કાગળો અને કેટલીટ વખત હથિયારો સાથે જંગ ખેલાતો હોય છે. ફાયરિંગના બનાવ બાદ ક્વોરી ઉદ્યોગકારોની બેઠક મળી હતી. જેમાં રણનીતિ બનાવવાનો નિર્ણય લેવાયો હતો. ઝાલાવાડમાં બ્લેક સ્ટોનમાંથી કપચી બનાવવાની 120 પૈકી એકમાત્ર સાયલામાં 100 ક્વોરી આવેલી છે. અગાઉ 130 કાયદેસર લીઝ હતી. પરંતુ નદીથી 200 મીટરના નિયમોને લીધે 48 લીઝ રદ થતાં 82 કાયદેસરની લીઝ છે. દરરોજ 2000 હજારથી વધુ ડંપર ભરીને ગુજરાત અને ગુજરાત બહાર બ્લેક સ્ટોનનો સપ્લાય કરવામાં આવે છે. જેની સરકારને મહિને રૂ.1 કરોડથી વધુની રોયલ્ટી પણ ભરે છે. ક્વોરી ઉદ્યોગનું મહિન ટર્નઆર અંદાજે રૂ.5 અબજને આંબી જાય છે. ત્યારે આ મોટા ટર્નઓવરને લઈ હથિયારો ઉડે તે સ્વભાવિક છે.
આમ ફાયરિંગ કેસમાં પહેલાં સોતાજ યાદવે જેલમાંથી જામીન ઉપર છૂટ્યા બાદ ઘણી જગ્યાએ ગેરકાયદે ખોદકામની નામ સાથે અરજી કરી હતી. અને આથી જ ફાયરિંગ કરાયું હતું. બનાવના 24 કલાક બાદ પણ એકપણ આરોપી ન પકડાતા પોલીસ સામે પણ શંકા સેવાઇ રહી છે. બનાવની ગંભીરતાને ધ્યાને લઇને ફરિયાદી સોતાજના ઘરે બંદોબસ્ત ગોઠવી દેવાયો છે. તો તેની દીકરી કુસુમબેને પણ સુરેન્દ્રનર કોલેજ જતાં જીવનું જોખમ હોઇ બંદોબસ્તની માંગ કરી છે.
ફાયરિંગ બાદ ખાણખનીજની ટીમ સુદામડામાં ખાણોની માપણી કરવા જતાં ક્વોરી એસો.ના સભ્યોએ હડતાળ સમયે કમિશને ઉકેલ ન આવે ત્યાં સુધી માપણી ન કરવાનો પરિપત્ર બતાવતાં કામગીરી બંધ રહી હતી.



બ્રેકિંગ ન્યૂઝ

## ભચાઉ નજીક 2.7 રિક્ટર સ્કેલની તિવ્રતાનો આંચકો નોંધાયો

ભુજ | કચ્છમાં વર્ષ 2021ના ભયંકર ભૂકંપ બાદ નાના મોટા આંચકાઓ આવવાનું યથાવત છે. આજે સવારે 7 વાગ્યાના અરસામાં કચ્છમાં ભૂકંપના આંચકાનો અનુભવ થયો હતો. જો કે, સવારે આવેલા આંચકાની તિવ્રતા 2.7 રિકટર સ્કેલ હોય ઓછા લોકોને તેનો અનુભવ થયો હતો. આજે આવેલા આંચકાનું કેન્દ્રબિંદુ ભચાઉથી 10 કિમી દૂર નોંધાયું છે. કચ્છમાં આજે સવારે 6 અને 59 મિનિટે 2.7 રિકટર સ્કેટલનો ભૂકંપનો આંચકો અનુભવાયો હતો. સિસ્મોલોજી વિભાગમાં આંચકાનું કેન્દ્રબિંદુ ભચાઉથી 10 કિમી દૂર નોંધવામાં આવ્યું છે.

## દુષ્કર્મ આચર્યું:સિદ્ધપુરના શખ્સે બે સંતાનોની માતા સાથે દુષ્કર્મ આચર્યું

પાટણ | સિદ્ધપુરનો શખ્સ બે સંતાનોની માતાને ફરવાના બહાને મુંબઈ, પુણા, અજમેર ખાતે લઈ ગયો હતો. બાદમાં ચાણસ્મા તાલુકાના વડાવલી ગામે લાવી મહિલા સાથે દુષ્કર્મ આચર્યું હતું. તેવી મહિલાએ ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ શરૂ કરી છે. સિદ્ધપુર ખાતે રહેતી 26 વર્ષીય મહિલાને સિદ્ધપુરનો જ ઈકરામ ઉર્ફે ગાભો ઈકબાલભાઈ સિંધી ફરવા જવાનું બહાનું બતાવી મહિલાને મુંબઈ પુણા અજમેર ખાતે ફેરવી હતી. બાદમાં 9થી 13 સપ્ટેમ્બર 5 દિવસ સુધી ચાણસ્મા તાલુકાના વડાવલી ગામે તેના ઓળખીતા અલાઉદ્દીન ભાઈના ઘરે રાખી હતી.

# વીજપોલ સાથે કારની ટક્કર:વલ-સાડના અબ્રામા વિસ્તારનો બનાવ

(એજન્સી) વલસાડ | તા. 17

વલસાડના અબ્રામા ઝોન ઓફિસ નજીક એક કારચાલકે પોતાની કાર પુરપાટ ઝડપે અને ગફલતભરી રીતે હંકારી લાવી રોડની નજીકમાં આવેલા વીજપોલ સાથે ધડાકાભેર અથડાવી અકસ્માત સર્જ્યો હતો. અકસ્માતમાં આજુબાજુના 3 વીજપોલ તૂટી ગયા હતા. જેને લઈને વિસ્તારમાં અંધારપટ છવાઈ ગયો હતો. જેને લઈને નજીકમાં આવેલા મંદિર પાસે ચાલી રહેલા ભંડારામાં ભારે ભાગદોડ મચી હતી. સદનસીબે આ બનાવમાં કોઈને જાનહાનિ થઈ ન હતી.
આ અકસ્માતની ઘટના સ્થળેથી મળતી વધુ માહિતી મુજબ, વલસાડના અબ્રામા વિસ્તારમાં આવેલી નગરપાલિકાની ઝોન કચેરી નજીક ગત રાત્રીએ એક કાર નબર GJ-15-CG-3006નો ચાલક ત્યાંથી પસાર થયો હતો. અને ઝોન કચેરીથી થોડે દૂર જતા પુરપાટ જતી કારચાલકે સ્ટેરિંગ ઉપરથી કાબુ ગમાવ્યો હતો. જેને લઈને કાર ચાલકે ધડાકાભેર કારને રોડની નજીકમાં આવેલા વીજ થાંભલા સાથે ધડાકાભેર અથડાવી અકસ્માત સર્જ્યો હતો. એક વીજપોલ સાથે કાર અથડાતા કુલ 3 જેટલા વીજપોલ તૂટી ગયા હતા. આ વિસ્તારમાં એક સાથે 3 વીજપોલ તૂટી જવાની ઘટના બનતા સમગ્ર વિસ્તારમાં અંધારપટ છવાઈ ગયો હતો અને ઝોન ઓફિસ નજીક આવેલા ગણેશ મંડળ દ્વારા નજીકમાં આવેલા મંદિર પાસે ખુલ્લી જગ્યામાં સ્થાનિક લોકો અને ગણેશ ભક્તો માટે મહાપ્રસાદનું આયોજન કર્યું હોવાથી મોટી સંખ્યામાં લોકો મોટી મંદિરના પટાંગણમાં હાજર હતા. અને અચાનક વીજ થાંભલા સાથે તાર તૂટી પડતા લોકોના જીવ તાળવે ચોંટયા હતા અને ભારે અફરાતફરી મચી ગઈ હતી. સમયસર વીજ કંપનીના કર્મચારીઓએ તાત્કાલિક ઘટના સ્થળે આવી વીજ પુરવઠો બંધ કરી જમીનદોસ્ત થયેલા વીજ થાંભલાને ખસેડવાની કામગીરી હાથ ધરી હતી. જોકે આ બનાવમાં કાર ચાલક નશાની હાલતમાં હોવાનું સ્થાનિકોએ જણાવ્યું હતું.

# શિક્ષણધામમાં ચલાવાતો હતો નશાનો કારોબાર:સૌરાષ્ટ્ર યુનિ.માં ધમધમતી હતી :કુલ રૂ.17 હજારનો મુદ્દામાલ જપ્ત

(એજન્સી) રાજકોટ | તા. 17

શિક્ષણના ધામ કહેવાતા સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કેમ્પસને યુનિવર્સિટીના સત્તાધીશોએ લજવ્યું છે. યુનિવર્સિટીના કેમ્પસની અંદર ચાલતા નશાના કાળા કારોબાર પર પોલીસે દરોડો પાડ્યો છે. કેમ્પસમાં આવેલી ઓરડીમાં બૂટલેગરે લાંબા સમયથી દારૂની ભઠ્ઠી ચાલુ કરી દીધી હતી. પોલીસ ખાબકી ત્યારે 32 લિટર દારૂ અને 240 લિટર આથો મળી આવ્યો હતો.
સૌરાષ્ટ્ર યુનવર્સિટી કેમ્પસમાં એથ્લેટિક ગ્રાઉન્ડના વળાંક પાસે ચારબાઈ માતાજીના મંદિર પાસે આવેલી ઓરડીમાં રૈયાધારનો બૂટલેગર અંકિત ઉર્ફે ભોલો અશોક સોલંકી દેશી દારૂની ભઠ્ઠી ચલાવતો હોવાની માહિતી મળતા ક્રાઈમ બ્રાંચના પીઆઈ મેહુલ ગોંડલિયાના માર્ગદર્શન હેઠળ પીસીબીના વિજયભાઈ મેતા સહિતની ટીમ ખાબકી હતી. પોલીસ યુનિવર્સિટી કેમ્પસમાં પ્રવેશી ત્યારે પોલીસને પણ શંકા હતી કે, યુનિવર્સિટી શિક્ષણધામ છે. અહીં દારૂની ભઠ્ઠી ચાલતી હોવાની માહિતી ખોટી હોઈ શકે, જોકે પોલીસ માહિતી પર આગળ વધી હતી યુનિવર્સિટી કેમ્પસની અંદર ચારબાઈ માતાજીના મંદિર પાસે આવેલી ઓરડીએ પહોંચી અને ઓરડીનું બારણું ખોલ્યું તો પોલીસ પણ ચોંકી ગઈ હતી. ઓરડીમાં ગેસના ચૂલા પર દારૂ બની રહ્યો હતો. ભઠ્ઠીમાં ટીંપણા, મોટા તપેલા તેમજ ભઠ્ઠીના અન્ય સાધનો હતા.
પોલીસે ઓરડીની તલાશી લેતા ત્યાંથી રૂ.6400ની કિંમતનો 32 લિટર દેશી દારૂ, રૂ.5 હજારની કિંમતનો 200 લિટર આથો, 40 લિટર બળેલો આથો અને ભઠ્ઠીના સાધનો સહિત કુલ રૂ.17,050નો મુદ્દામાલ મળી આવ્યો હતો. પોલીસે ઓરડીમાં હાજર બૂટલેગર અંકિત ઉર્ફે ભોલો સોલંકીની ધરપકડ કરી હતી.
સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં 3 હજાર યુવક-યુવતીઓ અભ્યાસ કરે છે. વિદ્યાના ધામ આ કેમ્પસમાં નશા મુક્તિ માટેનું કેન્દ્ર ચાલે છે અને દરેક ભવનના વડા, પ્રોફેસરો તેમજ યુનિવર્સિટીના કુલપતિ સહિતના હોદ્દેદારો વિદ્યાર્થીઓને નશાની જાળમાં ન ફસાવાના અગાઉ અનેક લેક્ચર આપી ચૂક્યા છે, પરંતુ આ તમામ શિક્ષણવિદોની નજર હેઠળ યુનિવર્સિટીમાં જ દેશી દારૂની ભઠ્ઠી ચાલતી હતી. ભવનના વડાઓ અને પ્રોફેસરો આ બાબતથી અજાણ હોય તે વાત અસ્થાને છે અને જો ખરેખર અજાણ હોય તો તે ભયંકર લાપરવાહ છે તેવું કહેવું વધુ પડતું નથી. યુનિવર્સિટીમા પોતાના સગા વહાલાને ગોઠવી દેવા, સામેવાળાના પત્તા કાપી નાખવા આવા ખેલ સતત ચાલે છે, પરંતુ વિદ્યાર્થીઓના ભવિષ્ય અને તેની સુરક્ષા બાબતે યુનિવર્સિટી કેમ્પસમાં ફરજ બજાવતા તમામ લોકો લાપરવાહ હોવાનું પોલીસના દરોડાથી સાબિત થયું છે. રાજકોટમાં આવેલી સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં અત્યાર સુધીમાં અનેક કાંડ થઈ ચૂક્યા છે, એવું એક પણ કૃત્ય નહીં હોય કે, અહીં નહીં થયું હોય. બસ હવે જે બાકી હતું તે પણ પોલીસે ઉજાગર કરી દીધું છે, યુનિ. કેમ્પસમાં દેશી દારૂની ભઠ્ઠી ધમધમતી હતી.

## આનંદનગરમાં ભાડાનું મકાન ખાલી કરવા ધમકી આપતા મહિલાએ ફીનાઈલ પીધું

(એજન્સી) ભાવનગર | તા.17

ભાવનગરના આનંદનગર વિસ્તારમાં મકાન ખાલી કરાવવા બાબતે મકાન માલિક સહિત ત્રણે મહિલાને ધમકી આપતા મહિલાએ પોતાની જાતે ફાઈનલ પી લીધું હતું.મહિલાને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામા છે.આ બનાવ અંગે પ્રાપ્ત વિગત મુજબ ભાવનગરના આનંદનગર છેલ્લા બસ સ્ટેન્ડ, પોલીસ ક્વાર્ટર પાસે ભાડે મકાન રાખીને રહેતા દેવીબેન દિલીપભાઈ જગડે આજથી પાચેક મહીના પહેલા કરચલિયાપરામાં રહેતા મેહુલ પાસેથી આનંદનગરમાં છેલ્લા બસ સ્ટેન્ડ પાસે આવેલ મકાન માસીક 3000 ભાડેથી રાખ્યું હતું.તેની પાસેથી એક વર્ષ માટે ભાડેથી રાખ્યું હતુ પરંતુ આજ થી બે મહીના પહેલા મેહુલ તથા તેની બહેન તથા તેની માતા ત્રણેય જણા દેવીબેન પાસે આવેલ અને કહેલ કે મકાન ખાલી કરો કાંતો મકાનનું ભાડુ ૫૦૦૦ કરી દો નહીંતર મકાન ખાલી કરી નાંખો તેમ કહેતા દેવીબેન બીજુ મકાન ભાવનગરમાં શોધતા હતા. મકાન હાલ ભાડે થી નહીં મળતા તેમની પાસે મુદ્દત માગી હતી. મેહુલ પંદર દિવસની મુદ્દત આપી હતી. મેહુલે ફોન કરીને જણાવેલ કે મુદ્દત પૂર્ણ થઇ ગયેલ હોય મકાન ખાલી કરી આપો તેમ કહ્યું હતું.દરમિયાનમાં મેહુલ અને મેહુલ બહેન અને માતા દેવિબેન નાં ઘરે આવી.ઉશ્કેરાઈ જઈ ગાળો આપી મારવા દોડ્યા હતા. પરંતુ બંને પુત્ર વચ્ચે પડી માર મારતા બચાવેલ હતી અને દેવિબેનએ તેઓને કહેલ કે મકાન મળશે ભાડે થી પછી તમારૂ મકાન સોંપી આપીશ તેમ કહેતા ત્રણેય જણા ઉશ્કેરાઈ ગયા હતા.

### ન્યુઝ ફ્લેશ

#### ઠાસરાની ખીજલપુર ગ્રામ પંચાયતની ગ્રામસભામાં છૂટાહાથની મારામારી

ડાકોર | ઠાસરાની ખીજલપુર ગ્રામ પંચાયતમાં ગ્રામસભાનું આયોજન કરાયું હતું. જેમાં કામોને લઈ ચાલુ સરપંચના પતિ અને પૂર્વ સરપંચ વચ્ચે બોલાચાલી બાદ મામલો બિચક્યો હતો. ત્યારે બંને એક બીજા ઉપર તૂટી પડયા હતા અને ચાલુ ગ્રામસભામાં છૂટાહાથની મારામારી શરૂ કરી દીધી હતી. જેમાં પૂર્વ સરપંચને સારવાર માટે દાખલ કરવામાં આવ્યા હતા. ત્યારે મામલો પોલીસ સ્ટેશને પહોંચ્યો હતો અને બંનેપક્ષોએ સામસામે ફરિયાદ નોંધાવી હતી. વિકાસના કામો બાબતે પૂર્વ સરપંચ અને અન્ય ગ્રામજનોએ માહિતી અધિકારનો ઉપયોગ કરીને વિકાસના કામો બાબતે માહિતીઓ માંગી હતી.

#### ઠાસરાના આગરવાની સીમમાં લાકડી અને કુહાડીના ઘા ઝીંકી સગર્ભાની હત્યા

ડાકોર | ઠાસરા તાલુકાના આગરવા ગામની સીમમાં સગર્ભાનું લાકડી અને કુહાડીના ઘા મારી હત્યા કરી દેવાઈ હતી. અજાણ્યા શખ્સો પરિણીતાની કરપીણ હત્યા કરી નાસી છૂટયા હતા. આ મામલે પોલીસને જાણ કરવામાં આવતા ઘટના સ્થળે દોડી આવી હતી અને મૃતદેહને પીએમ માટે ડાકોરની રેફરલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. આ મામલે મૃતક પરિણીતાના પતિએ પોલીસ ફરિયાદ નોંધાવી છે. જેના પગલે પોલીસે હત્યારાઓને ઝડપી લેવા કવાયત હાથ ધરી છે.નગીન ઉર્ફે રાહુલ તળપદાએ ફરિયાદ નોંધાવી છે કે, પિતા સહિત પરિવારના ૩ સભ્યો ખેતરમાં કાકડી વિણવા ગયા હતા. બાદમાં ડાકોરમાં કાકડી વેચવા માટે આવ્યા હતા. ત્યાર પછી પતિ નગીન ડાકોર ખાતે આવેલી હોસ્પિટલમાં નોકરીએ ગયો હતો.

#### મહુધામાં લઘુમતી સમાજના 10 શખ્સોના 3 દિવસના રિમાન્ડ

નડિયાદ, મહુધા | કઠલાલ બાદ મહુધામાં પણ સોશિયલ મિડીયા પર ઉશ્કેરણીજનક પોસ્ટ મુકવા મુદ્દે લઘુમતી સમાજના ટોળાએ ત્રણ યુવકો પર હુમલો કર્યો હતો. આ કેસમાં પોલીસે ધરપકડ કરેલા ૧૦ શખ્સોના ત્રિ દિવસના રિમાન્ડ મંજૂર કર્યા હતા અને પોસ્ટ મામલે બે આરોપીની ધરપકડ પોલીસે કરી છે આ આરોપીના પણ બે દિવસના રિમાન્ડ કોર્ટે ગ્રાહ્ય રાખ્યા છે.કઠલાલમાં જુલુસ નહીં કાઢવાના નિર્ણયની સામે મહુધાના બે યુવકોએ ઉશ્કેરણીજનક પોસ્ટ મૂક્યા બાદ મામલો બિચક્યો હતો અને લઘુમતિ ટોળાએ મહુધા આવેલા ૩ કઠલાલના યુવકો પર પથ્થરમારો કરીને હુમલો કર્યો હતો. આ મામલે ૩૮ ના નામજોગ અને અન્ય ૧૦૦ લોકોના ટોળા સામે ફરિયાદ દાખલ થઇ છે. જેમાં પોલીસે દસ લોકોની અટકાયત કરી છે. ઉશ્કેરણીજનક પોસ્ટ મુકનારા બે શખ્સની અટકાયક કરી છે. આ બાબતે પોલીસે દસ આરોપીને મહુધાની કોર્ટમાં રજૂ કરતા ૩ દિવસના રિમાન્ડ મંજૂર કરવામાં આવ્યા છે.

### અગલે બરસ તુ જલ્દી આના નારા સાથે વિઘ્નહર્તાને વિદાય

## ગણનાયકની આરાધનાના મહાપર્વ ગણેશ ઉત્સવનું રંગેચંગે સમાપન

(એજન્સી) ભાવનગર | તા.17



દુંદાળા દેવ ગજાનન ગણનાયકની આરાધનાના મહિમાવંતા મહાપર્વ ગણેશ મહોત્સવની આવતીકાલ અનંત ચતુર્દશીના પાવનકારી અવસરે તા.૧૭ સપ્ટેમ્બરને મંગળવારે રંગેચંગે સમાપન થશે. આ પ્રસંગે શરણાઈ, ઢોલ, નગારા, શંખનાદ, ઝાલરનાદ,ડીજે અને બેન્ડવાજાના સૂરીલા સંગાથે તેમજ અબીલ ગુલાલની છોળો વચ્ચે આતશબાજીની જમાવટ સાથે ચોતરફ ગણપતિ બાપા મોરીયાના ગગનભેદી જયઘોષ સાથે વાજતે-ગાજતે વિસર્જનયાત્રા નિકળશે.આ વેળા ભાવવાહી દ્રશ્યો સર્જાશે.

દર વર્ષની જેમ આ વર્ષે પણ ગોહિલવાડમાં ગણેશ ચતુર્થીના મહાપર્વથી ૧૦ દિવસીય ગણેશ ઉત્સવનો પરંપરાગત રીતે ધામધૂમથી શુભારંભ થયો હતો. ભાવનગર શહેર અને જિલ્લામાં શેરીઓ, મહોલ્લાઓમાં ઠેર-ઠેર ગણેશ ઉત્સવના સાર્વજનિક આયોજનો કરવામાં આવ્યા હતા.આ ઉત્સવ દરમિયાન મહારાષ્ટ્રના પુના સહિતના પરપ્રાંતીય શહેરોની પ્રતિકૃતિ સમાન ચોમેર એક એકથી ચડીયાતા સુશોભીત પંડાલોમાં નીત્ય ક્રમ મુજબ સવારે અને સાંજે મહાપુજા અને મહાઆરતી કરાઈ હતી. વિઘ્નહર્તાને ભાવપુર્વક ૫૬ ભોગ અન્નકુટ પણ ધરાયો હતો.આ ઉપરાંત ઉત્સવ દરમિયાન ધાર્મિક, સામાજીક,સેવાકિય તેમજ ગીત-સંગીત, સાંસ્કૃતિક કાર્યક્રમો, મેજિક શો તેમજ મનોરંજક પ્રવૃતિઓ સહિતના અનેકવિધ કાર્યક્રમો યોજાયા હતા.ગત વર્ષોની તુલનામાં આ વર્ષે પણ સાર્વજનિક આયોજનની તુલનામાં ૩ દિવસીય, ૫ દિવસીય અને સાત દિવસીય પારિવારિક અને વ્યકિતગત આયોજનો પણ સર્વાધિક થયા હતા.દશ દિવસ સુધી ભકિતભાવપુર્વક ગણેશજીની આરાધના કરાઈ હતી. ત્યાં સુધી ભાવિકોની મોંઘેરી મહેમાનગતિ માણીને આવતીકાલ તા.૧૭ સપ્ટેમ્બરને મંગળવારે સવારથી શુભ મુર્હૂતે ભારે હૈયે ભાવિકો દ્વારા અબીલ ગુલાલની છોળો વચ્ચે બેન્ડવાજા, ડીજેના તાલે ગણપતિદાદાને રાસ-ગરબાની રમઝટ સાથે વિદાયમાન આપવામાં આવશે. આ સાથે ગોહિલવાડમાં ચોતરફ ગણપતિ બાપા મોરીયા, અગલે બરસ તુ જલ્દી આ ના ગગનભેદી નારાઓ સાથે વાતાવરણ ગુંજી ઉઠશે. વિસર્જન પુર્વે પંડાલમાં અથવા જે તે દરિયાકિનારે શાસ્ત્રોકત રીતે ઉત્તરપુજા કરાશે. બાદ જળતત્વના આધિપતિ ગણેશજીનું જળમાં વિધિવત વિસર્જન કરવામાં આવશે. સાર્વજનિક અને પારિવારિક ઉત્સવના આયોજકો દ્વારા ખાસ વાહનમાં વાજતે ગાજતે કોળીયાક સહિતના દરિયામાં અથવા તો નજીકના તળાવ, નહેરોમાં મૂર્તિ વિસર્જન કરવા લઈ જવાશે. સાર્વજનિક સ્થળોએ વિસર્જન બાદ સાધુ, બ્રાહ્મણોને ભોજનાદી કરાવી દક્ષિણા આપવાની પરંપરા જળવાશે. આવતીકાલે મંગળવારે ભાવનગર શહેર ઉપરાંત જિલ્લાના અન્ય તાલુકા મથકોમાંથી પારિવારિક અને સામુહિક વિસર્જન માટે બહોળી સંખ્યામાં આબાલવૃધ્ધ શ્રધ્ધાળુઓ ઉમટી પડનાર હોય સ્થાનિક તંત્ર દ્વારા મૂર્તિઓના વિસર્જન માટે ખાસ વ્યવસ્થા કરવામાં આવેલ છે.

## ટ્રકમાંથી લોખંડની પ્લેટો કેબિન તોડી ડ્રાઇવરના શરીરમાં ઘૂસી જતા મોત

(એજન્સી) વડોદરા | તા.17

સુરત-વડોદરા નેશનલ હાઈવે પર પોર નજીક આગળ જતી એક ટ્રકની પાછળ પૂરઝડપે આવતી અન્ય ટ્રકે અથાડતા આ ટ્રકની પાછળ મૂકેલી લોખંડની બે ભારે પ્લેટો ઘસીને કેબિન તોડીને ડ્રાઈવરની પાછળ ખૂંપી જતાં તેનું કેબિનમાં ફસાઈ જવાથી કમકમાટીભર્યું મોત નિપજ્યું હતું.આ અંગેની વિગત એવી છે કે ઉત્તર પ્રદેશના બલરામપુર જિલ્લાના રામપુરમાં રહેતો મોહંમદ હકીમ ખાન તેના પિતા મોહંમદ મુસ્તકીમ સાથે મુંબઈથી ટ્રકમાં લોખંડની મોટી પાઈપ ભરીને મોરબી ખાતે ખાલી કરવા માટે જતા હતાં. સવારે સુરતથી વડોદરા તરફ પોર ગામ પાસેના જૂના બ્રિજ પાસેથી પસાર થતી વખતે અચાનક પાછળથી આવતી એક ટ્રકે અથાડતા મોહંમદ હકીમે પોતાની ટ્રક ઊભી રાખી તે તેમજ તેના પિતાએ નીચે ઉતરીને જોતાં પાછળથી અથાડનાર ટ્રકની પાછળની બોડીના ભાગે ભરેલ લોખંડની બે ભારે પ્લેટો ડ્રાઈવર કેબિનનો પાછળનો ભાગ તોડી ચાલકના પાછળના શરીરના ભાગે ઘૂસી ગયેલો જણાયો હતો. આ વખતે લોકો ભેગા થઇ જતાં મોહંમદ હકીમ તેમજ તેના પિતા લોકો મારશે તેવી બીકે ટ્રક લઈને આગળ જતા રહ્યા હતાં.

### સરકારે જાહેર કરેલી યોજના મર્યાદિત

## શાળામાં અભ્યાસ નહીં કરનાર ધો. 8 ની છાત્રાઓને પણ નમો લક્ષ્મીનો લાભ આપો

(એજન્સી) ભાવનગર | તા.17



માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણની સાર્વત્રિકરણની સાથો સાથ કન્યા કેળવણી માટે શિક્ષણની સાથે આર્થિક સહાય આપવા માર્ચમાં નમો લક્ષ્મી યોજના અમલી કરાઈ જેમાં સરકારી અથવા અનુદાનિત પ્રા.શાળામાં ધો. ૮નો અભ્યાસ પૂર્ણ કરી ધો.૯માં પ્રવેશ મેળવેલ હોય કે આરટીઈમાં ૧થી૮નો અભ્યાસ કરેલ હોય અને કુટુંબની આવક મર્યાદા છ લાખથી ઓછી હોવાનો નિયમ મુકાયો છે. પરંતુ જો આ નિયમમાં હાલ ધો. ૧૦, ૧૧, ૧૨માં અભ્યાસ કરતી દીકરીઓને આગળના ધોરણનો અભ્યાસ સરકારી કે અનુદાનિત શાળામાં કર્યો હોય તેને પણ જો આ લાભ આપવામાં આવે તો હજારો કન્યાઓને લાભ મળી શકે તેવી માંગ ઉઠવા પામી છે.

ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ દ્વારા ગઈ તા. ૧૨-૩ના પત્રથી નમો લક્ષ્મી યોજનાની શરૂઆત કરવામાં આવી છે. આ યોજના હેઠળ ૯થી ૧૨ સુધીનો અભ્યાસ કરતી દીકરીઓને સરકાર દ્વારા કુલ ૫૦૦૦૦ રૂપિયાની સહાય મળવા પાત્ર છે. આ પત્રના પેરા ૨માં જણાવ્યા મુજબ જે દીકરીઓએ આઠમાં ધોરણનો અભ્યાસ સરકારી પ્રાથમિક શાળા અથવા અનુદાનિત પ્રાથમિક શાળામાં કરેલ હોય, દોરણ ૧થી ૮નો અભ્યાસ આરટીઈ મુજબ ખાનગી પ્રાથમિક શાળામાં કરેલ હોય, એ સિવાય એક વિદ્યાર્થીનીના કુટુંબની વાર્ષિક આવક ૬ લાખ રૂપિયાથી ઓછી હોય તેમને જ અલગ લાભ મળવા પાત્ર છે. હાલમાં જે વિદ્યાર્થીની ધોરણ ૧૦, ૧૧ કે ૧૨માં અભ્યાસ કરતી હોય તેમણે જો ૯માં, ૧૦માં કે ૧૧માં દોરણનો અભ્યાસ સરકારી કે અનુદાનીતિ શાળામાં કર્યો હોવા છતાં ધોરણ આઠમાં સરકારી કે અનુદાનિત શાળામાં અભ્યાસ કરેલ નહીં હોવાથી તેમને લાભ મળવા પાત્ર થતો નથી. તો સરકારે હાલમાં ધોરણ ૧૦, ૧૧ કે ૧૨માં અભ્યાસ કરતા દીકરીઓને આગળના ધોરણનો અભ્યાસ સરકારી કે અનુદાનિત શાળાઓમાં કર્યો હોય તેમને પણ જો લાભ આપવામાં આવે તો હજારો દીકરીઓને આ લાભ મળી શકે તેવી માંગણી ઉઠવા પામી છે.



## વણોતી ગામે ડાયવર્ઝન ધોવાતા જોખમી રસ્તો પસાર કરતા લોકો

(એજન્સી) ઠાસરા | તા.17

ઠાસરાના વણોતી ગામને જોડતો શેઢી નદી ઉપરના પુલનું કામ બંધ છે. ત્યારે પુરમાં ડાયવર્ઝન પણ ધોવાઈ ગયું છે. જેના લીધે હાલ ૨૦૦ વિદ્યાર્થીઓ સહિત ગ્રામજનો જીવના જોખમે રસ્તો પસાર કરી રહ્યા છે. ત્યારે નવું ડાઈવર્જન બનાવી ત્વરિત પુલનું કામ શરૂ કરાવવા માંગણી ઉઠી છે. ઠાસરા તાલુકાના વણોતી ગામથી ડાકોર જવા આવવા માટે શેઢી નદીનો રસ્તો ટૂંકો છે. ડાકોર જવા માટે ફક્ત એક કિ.મી. અંતર હોવાથી રોજ ૨૦૦ વિદ્યાર્થીઓ ચાલતા જીવના જોખમે શેઢી નદીના પાણી ઓસરી જાય ત્યારે પાણીમાંથી ચાલતા ડાકોર શાળાએ જાય છે. તે જ રીતે ડાકોર મંદિરમાં નોકરી કરતા કર્મચારીઓ, શાકભાજીવાળા સહિતના લોકો પણ આ જ હાલાકી ભોગવી રસ્તો પસાર કરવા મજબૂર બને છે. અત્યારે શેઢી નદી બે કાંઠે વહી રહી છે. ડાઈવર્જન ન હોવાથી લોકો નદીમાંથી લોકો પસાર થઈ રહ્યા છે. ડાઈવર્જનના રસ્તાના ભૂંગળા પણ ચોમાસામાં વહી ગયા છે. ત્યારે વહેલી તકે નવું ડાઈવર્જન બનાવવા તેમજ પુલનું ત્વરિત કામ શરૂ કરવામાં માંગણી ઉઠી છે.



## નડિયાદમાં વન સેન્ટર મોલ દ્વારા કર્મચારીઓના શોષણ મુદ્દે વિરોધ

(એજન્સી) નડિયાદ | તા.17

નડિયાદમાં સંતરામ રોડ પર આવેલા વન સેન્ટર મોલમાં કર્મચારીઓના શોષણનો મુદ્દો ફરી એકવાર સામે આવ્યો છે. ૧૦ જેટલા કર્મચારીઓને ૮ કલાકના વેતનમાં ૧૨ કલાક કામ કરવા માટે દબાણ બાદ સુરત બદલી કરી કંપની દ્વારા કર્મચારીઓને હાંકી કાઢવાના પ્રયાસ કર્યાના આક્ષેપ ઉઠયા છે. બે દિવસથી ૧૦ જેટલા કર્મચારીઓ મોલની બહાર બેનરો લઈ વિરોધ પ્રદર્શન કરે છે. નડિયાદમાં સંતરામ રોડ પર વન સેન્ટર મોલમાં નડિયાદ ગ્રામ્ય વિસ્તારના કેટલાક યુવકો સેલ્સમેનથી માંડી અને અન્ય પોસ્ટ પર કંપની શરૂ થયાથી દોઢેક વર્ષથી કામ કરે છે. આ કંપનીમાં અગાઉ કર્મચારીઓને ૮ કલાકનો પગાર ચુકવી ૧૨ કલાક કામ કરાવાતું હતું. જે મામલે ત્રણેક કર્મચારીઓ દ્વારા મેનેજરથી માંડી કંપનીના માલિકોને રજૂઆતો કરાઈ હતી. જો કે, તેનું કોઈ નિરાકરણ આવ્યું ન હતું. તે સમયે કંપનીએ આ ત્રણ કર્મચારીઓને કાઢી મૂકવાનો નિર્ણય લીધો હતો. જેથી ત્રણેય કર્મચારીઓ અને કંપની વચ્ચે શ્રમઆયુક્તમાં કેસ ચાલી રહ્યો છે.



## ગાંધીધામ : રેલવે બ્રિજના ધૂળિયા ડાયવર્ઝનથી રાહદારીઓ ત્રસ્ત

(એજન્સી) ગાંધીધામ | તા.17

અંજાર અને ગાંધીધામ વિસ્તારમાં આવતા રેલ્વે ક્રોસિંગ હંમેશથી લોકો માટે શિરદર્દ બનેલા રહ્યા છે. જેમાંથી ગાંધીધામથી એરપોર્ટને જોડતા હાઈવે પર આવતા રેલ્વે ફાટક પર વર્ષોથી ઓવરબ્રિજ બનવાનું કામ ચાલુ છે પરંતુ તે પૂરું થવાનું નામ નથી લેતું પરિણામે ૭૦થી વધુ ટ્રેનોની અવાર-જવરના કારણે લોકોના કલાકો બગડી રહ્યા છે. તેમ છતાં તંત્રને લોકો પર દયા આવતી નથી અને જે ડાયવર્ઝન રોડ બનાવવામાં આવ્યો છે. તેમાં પણ ડામર પાથરવામાં નથી આવ્યું પરિણામે આ માર્ગ ધૂળિયો બની જતાં લોકો પાયમાલ થઈ રહ્યા છે. મુન્દ્રા તરફથી આવતી માલવાહક ટ્રેનો અને પેસેન્જર ટ્રેનો જે ગાંધીધામ આવે-જાય છે તે તમામ રાજવી ફાટક થઈને જતી હોવાથી દરરોજ ટ્રેનોની સંખ્યા ૭૦થી વધી જતી હોવાથી અહી ઓસ્લો ઓવરબ્રિજની સાથે જ રાજવી ઓવરબ્રિજ મંજૂર કરવામાં આવ્યો હતો. આ બંને બ્રિજનું કામ પણ એક જ પાર્ટી કરતી હોવાની વાતો વચ્ચે આ બંને બ્રિજનું કામ પૂરું કરવામાં ખૂબ સમય લાગ્યો છે.



## ભાવનગરમાં ગુજરાતનુ પ્રથમ અન્નપૂર્તિ એટીએમ મશીનનુ લોકાર્પણ

(એજન્સી) ભાવનગર | તા.17

ભારત સરકાર દ્વારા સ્માર્ટ એફ.પી.એસ. પાઈલટ પ્રોજેક્ટ અંતર્ગત ગુજરાતનું પ્રથમ અન્નપૂર્તિ મશીન (ગ્રેઇન એ.ટી. એમ.)નું ભાવનગર મ્યુ. કોર્પોરેશન હસ્તકના કરચલીયા પરા ખાતે આવતીકાલે મંગળવારે લોકાર્પણ કરવામાં આવશે. અન્નપૂર્તિ અનાજનુ એટીએમ મુકાતા લાભાર્થીઓને ફાયદો થશે અને ગમે તે સમયે મળવાપાત્ર અનાજ મેળવી શકશે. રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા (એનએફએસએ) હેઠળ પોષણ સુરક્ષા વધારવાના ઉદ્દેશ માટે ભારત સરકાર દ્વારા સ્માર્ટ એફ.પી.એસ. પાઈલટ પ્રોજેક્ટ અંતર્ગત ગુજરાતનું પ્રથમ અન્નપૂર્તિ મશીન (ગ્રેઈન એ.ટી.એમ.)નું ભાવનગર મ્યુ. કોર્પોરેશન હસ્તકના કરચલીયા પરા ખાતે આવતીકાલે મંગળવારે સવારે ૧૦ કલાકે લોકાર્પણ ભાવનગર લોકસભા બેઠકના સાંસદ અને કેન્દ્રીય મંત્રી (રાજ્યકક્ષાના મંત્રી, ગ્રાહકોની બાબતો, ખાદ્ય અને જાહેર વિતરણ)ના હસ્તે કરવામાં આવશે.

### મુંદરા પોલીસમાં ત્રણ શખ્સો સામે બે ફરિયાદ

## મોટા કપાયાઃ બે પરણીત મહિલાને બ્લેકમેઈલ કરી દુષ્કર્મ ગુજારાયું

(એજન્સી) ભુજ | તા.17

મુંદરાના મોટા કપાયા ગામે રહેતી બે પરણીત મહિલાઓને ફોટા વાયરલ કરી બદનામ કરી બાળકોને મારી નાખવાની ધમકી આપીને બળજબરીથી દુષ્કર્મ ગુજાર્યા અંગેની મુંદરા પોલીસ મથકે અલગ અલગ ફરિયાદ નોંધાવાઈ છે. જેમાં ત્રણ આરોપીઓ પૈકી એક શખ્સ સામે બે ફરિયાદ દાખલ થઇ છે. મુંદરા પોલીસ મથકેથી પ્રાપ્ત વિગતો મુજબ બન્ને બનાવ ગત એક વર્ષથી ૨૩ ઓગસ્ટ ૨૦૨૪ દરમિયાન બન્યા હતા. ૨૫ વર્ષીય ભોગબનાર મહિલાએ ફરિયાદમાં જણાવ્યું છે. આરોપી ભરત રામજી ડોરૂ (રહે મોટા કપાયા) સાથે તેની ઓળખાણ હોઈ મરજીથી હોઈ જે બાદમાં ફરિયાદીને સબંધ રાખવો ન હોવા ન હોવાથી આરોપી ભરત અવાર નવાર સબંધ રાખવા માગણી કરી ફોટા વાયરલ કરી દેવાની ધમકી આરોપી ભરતે ફરિયાદીના મોબાઈલ નંબર આરોપી વાલજી કાનજી કોચરાને આપી દેતાં આરોપી વાલજીએ ફરિયાદી મહિલાને ફોન કરી શરીર સબંધ બાંધવાની બિભત્સ માગણી કરી હતી. બીજા બનાવમાં મુંદરા પોલીસ મથકે ૩૫ વર્ષીય મહિલાએ ફરિયાદમાં જણાવ્યું હતું કે, આરોપી હિતેશ પ્રહલાદ દરજી (રહે મોટા કપાયા) સાથે અગાઉ પ્રેમ સબંધ હોઈ જે ફરિયાદી રાખવા માગતા ન હોવા છતાં આરોપી ફરિયાદી મહિલાના ઘરે આવીને ફરિયાદી મહિલાને બદનામ કરવા અને બાળકોને મારી નાખવાની ધમકી આપીને ફરિયાદી મહિલા સાથે ત્રણ વખત શરીર સબંધ બાંધી આરોપી ભરત ડોરૂને સાથે શરીર સબંધ બાંધ રાખવાનું કહી બિભત્સ માગણી કરી હતી. મુંદરા પોલીસે આરોપીઓ સામે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

### ઈસ્લામ ધર્મના મહાન પયગંબર સાહેબની જન્મ જયંતિ નિમીત્તે

## ભાવનગર શહેર અને જિલ્લામાં ઝુલુસ સહિતના કાર્યક્રમો સાથે ઈદે મિલાદુન્નબીની ઉજવણી

(એજન્સી) ભાવનગર | તા.17

ઈસ્લામ ધર્મના મહાન પયગંબર સાહેબની ઈ.સ.મુજબ ૧૪૫૪ ની વિલાદત (જન્મ જયંતિ)નિમીત્તે દર વર્ષની પરંપરા મુજબ આ વર્ષે પણ ભાવનગર શહેર અને જિલ્લામાં શાનદાર ઝુલુસ સહિતના કાર્યક્રમો યોજાયા હતા. આ ઝુલુસમાં લોકસમુદાય ઉમટી પડયો હતો. આ ઝુલુસનું ઠેર ઠેર સ્વાગત કરાયુ હતુ. જેમાં કોમી એકતા અને ભાઈચારાનું વાતાવરણ જોવા મળ્યુ હતુ.

ઈદે મિલાદુન્નબી નિમીત્તે ભાવનગર શહેરમાં ચાવડી ગેટ વિસ્તારમાં આવેલ હઝરત પીર મહમદશાહબાપુની વાડીમાંથી એક શાનદાર ઝુલુસનો પ્રારંભ કરાયો હતો. પ્રારંભે દરગાહ શરીફમાં ચાદર ચડાવી સલાતો સલામ પઢવામાં આવી હતી. અને સામુહિક દુવાઓ કરાઈ હતી.



સિટી ડીવાય.એસ.પી.એ લીલી ઝંડી બતાવી ઝુલુસને પ્રસ્થાન કરાવાયુ હતુ. આ ઝુલુસ શહેરના રાજમાર્ગો પર ફરીને બપોરે બે કલાકે શહેરના શેલારશા ચોકમાં ઝુલુસ સંપન્ન થયુ હતુ. સમસ્ત મુસ્લિમ સમાજના આગેવાનો, કસ્બા અંજુમને ઈસ્લામના જનરલ સભાના સભ્યો તેમજ ખિદમત કમિટીના સભ્યો જોડાયા હતા. શહેરના અંદાજે ૫૦૦૦૦ થી વધુ લોકો જોડાયા હતા. ઝુલુસમાં સુન્ની દાવતે ઈસ્લામીના મુબલ્લીગો ૩૦૦ કરતા વધારે મુસ્લિમ પોશાકમાં સામેલ હતા. દાઉદી વોરા સમાજનું તાહીરી બેન્ડ મુખ્ય આકર્ષણનું કેન્દ્ર બન્યુ હતુ. ઝુલુસના રૂટ પર તેમજ ઠેર ઠેર ન્યાઝનું વિતરણ કરાયુ હતુ. જેસરમાં નાતશરીફ સાથે શાનદાર ઝુલુસ કાઢવામાં આવ્યુ હતુ જે મેઈન બજારમાં થઈને ત્રણ ખુણીયા,સાવરકુંડલા ચોકડી થઈને મદ્રેસાએ ગોસીયામાં પુર્ણ થયુ હતુ. પાલિતાણામાં પણ શાંતિ, અમન અને ભાઈચારાની ભાવનાથી ઈદે મિલાદની ઉજવણી કરાઈ હતી. જુમ્મા મસ્જીદેથી શહેરના મુખ્ય માર્ગો પર ઝુલુસ નિકળ્યુ હતુ. આ ઉપરાંત ધંધુકા, રોજકા, પડાણા, બાજરડા, ગુંજાર તેમજ રાણપુર તેમજ જાફરાબાદમાં પણ ઈદે મિલાદુન્નબીના તહેવારની ઝુલુસ સાથે ઉજવણી કરવામાં આવી હતી.

## અમૂલ ડેરીના ડિરેક્ટરના પુત્ર સાથે રૂા. 1.63 લાખની ઠગાઈ

(એજન્સી) કપડવંજ | તા.17

અમૂલ ડેરીના ડિરેક્ટર હરિભાઈ પટેલના પુત્ર પારસ પટેલ કપડવંજના કાપડીવાવની અમૂલ ડેરીના પ્લાન્ટમાં સિનિયર આસિસ્ટન્ટ તરીકે ફરજ બજાવે છે. ત્યારે પારસ પટેલ સાથે ક્રેડિટકાર્ડના વેરિફિકેશનના બહાને ઓટીપી માંગી ગઠિયાએ ઓનલાઈન રૂા. ૧.૬૩ લાખની છેતરપિંડી આચરી છે. આ સંદર્ભે કપડવંજ રૂરલ પોલીસે અજાણ્યા શખ્સ વિરૂદ્ધ વિશ્વાસઘાટનો ગુનો દાખલ કરી તપાસ શરૂ કરી છે. કપડવંજ તાલુકાના કાવઠ ગામમાં રહેતા અને અમુલના ડિરેક્ટર હરિભાઈ પટેલના પુત્ર પારશકુમાર પટેલ કપડવંજ કાપડીવાવ ખાતેની અમૂલ ડેરીમાં સિનિયર આસિસ્ટન્ટ તરીકે ફરજ બજાવે છે. જાન્યુઆરી ૨૦૨૪માં તેઓએ એચડીએફસી બેંકમાં હોમલોન લેવા ખાતું ખોલાવ્યું હતું. જેમાં ક્રેડિટકાર્ડની ઓફર હોવાથી ક્રેડીટકાર્ડ લીધું હતું. દરમ્યાન કાર્ડ આવતા પહેલા તા.૨૫ ફેબ્રુઆરીના રોજ કોઈ અજાણ્યા ઈસમે તેમના મોબાઈલ પર ફોન કરી કહેલું કે, તમારૂ ક્રેડીટકાર્ડ આવ્યું છે. બાદમાં તા. ૨૯ ફેબ્રુઆરીના રોજ ક્રેડીટકાર્ડ આવી ગયું હતું.

## આપનો આજનો દિવસ



**મેષ (અ,લ,ઇ)**
વૈવાહિક જીવન આનંદમય વિતશે. સંજોગોવસાત નાની-મોટી મુસાફરી કરવી પડી શકે છે. બિઝનેસમાં પ્રગતિથી ખુશીઓ મળશે.



**વૃષભ (બ,વ,ઉ)**
કાર્યક્ષેત્રમાં પણ તમારા પક્ષમાં કેટલાંક ફેરફાર થઈ શકે છે. તમે તમારા વ્યવહારથી વાતાવરણને સામાન્ય બનાવવામાં સફળ રહેશો.



**મિથુન (ક,છ,ઘ)**
જેના કારણે સ્વાસ્થ્ય સંબંધી તમારા ખર્ચામાં વધારો થઈ શકે છે. કોઈ પણ પ્રોપર્ટીના ખરીદ વેચાણ પહેલાં તેના પાસાઓ પર ગંભીરતાથી વિચાર કરી લેજો.



**કર્ક (ડ,હ)**
પરિવારના સભ્યો સાથે તમે સારો અને મનોરંજક સમય પસાર કરી શકશો. નસીબનો આજે સંપૂર્ણ સાથ મળશે અને બપોર સુધીમાં તમને કોઈ સારા સમાચાર મળી શકે છે.



**સિંહ (મ,ટ)**
દિવસ શુભ અને ફળદાયી બનશે. માનસિક પરેશાનીઓથી આજે તમે થોડી રાહત અનુભવી શકશો.



**કન્યા (પ,ઠ,ણ)**
વેપાર ક્ષેત્રમાં ધાર્યો લાભ થવાથી આનંદિત રહેશો. . વ્યવસાયમાં પરિવર્તનની યોજના બનાવી રહ્યા હોવ તો આ મામલે આજે આગળ વધવાનો દિવસ છે.



**તુલા (ર,ત)**
આકસ્મિક રીતે મોટી સંખ્યામાં ધનની પ્રાપ્તિ થઈ શકે છે. મૂડી ભંડોળમાં વધારો થશે, સમજદારીથી સાથે કરવામાં આવેલું રોકાણ આજે સારો ફાયદો કરાવશે.



**વૃશ્ચિક (ન,ય)**
રાજકીય ક્ષેત્રમાં આજે વૃશ્ચિક રાશિના જાતકોને આશા કરતા પણ વધારે સફળતા મળશે. સંતાનો પ્રત્યેની તમારી ફરજો નિભાવી શકશો.



**ધન (ભ,ધ,ફ)**
આજે ઘર ઉપયોગી ચીજવસ્તુઓ પર ધનનો ખર્ચ થવાનો યોગ છે. સાંસારિક સુખ ભોગના સાધનોમાં વધારો થશે.



**મકર (ખ,જ)**
આજનો સમય વેડફશો નહીં. મહેનત અને અથાગ પરિશ્રમથી આજે તમને તમારા નસીબનો સંપૂર્ણ સાથ મળશે. સ્વજનો પાસેથી સુખ મળશે.



**કુંભ (ગ,શ,સ)**
આર્થિક પક્ષ આજે મજબૂત બની શકે છે. વ્યવસાયમાં તમને સારો એવો ફાયદો થશે. સન્માન, યશ, કિર્તીમાં પણ વધારો થવાનો યોગ દેખાઈ રહ્યો છે.



**મીન (દ,ચ,ઝ,થ)**
આજે શિક્ષણ અને પ્રતિયોગિતાના ક્ષેત્રમાં મીન રાશિના જાતકો સારી સફળતા મેળવી શકશે. આવકના નવા સ્ત્રોત ઊભા થશે. તમારી વાતચીતની શૈલી તમને ખાસ સન્માન અપાવશે.

**સેબીએ IPO અથવા ડિમર્જર પછી લિસ્ટેડ થનારી કંપનીઓના પ્રથમ દિવસના શેરના ભાવને સ્થિર કરવા માટે નવા નિયમો બનાવ્યા**

# ફેડના રેટકટ પહેલા ભારતીય બજારોમાં વિદેશી રોકાણ વધ્યું

(એજન્સી) મુંબઈ | તા 17

ગયા અઠવાડિયે, વિદેશી પોર્ટફોલિયો રોકાણકારો (એફપીઆઈ) એ ભારતીય શેરબજારોમાં અણધારી રીતે તેમનો હિસ્સો વધાર્યો હતો અને આશરે રૂ. ૧૭,૩૦૦ કરોડનું રોકાણ કર્યું હતું. આ કારણે એનએસઈ નિફ્ટી-૫૦માં ૨ ટકાનો વધારો થયો છે. એફપીઆઈ મૂડીના અચાનક ઉપાડથી બજારના નિરીક્ષકોને આશ્ચર્ય થયું હતું.

યુએસ બોન્ડની ઉપજ ઘટી, યુએસ ડોલર નબળો પડયો, તેલના ભાવમાં ઘટાડો થયો અને ધાતુના ભાવમાં વધારો થયો તેમજ વૈશ્વિક પરિબળોને કારણે ફેડરલ રિઝર્વ દ્વારા વ્યાજમાં ઘટાડો થવાની સંભાવનાથી ઈક્વિટી માટે અનુકૂળ વાતાવરણ ઊભું થયું છે. યુ.એસ.માં, S&P-૫૦૦ એ પણ ૨૦૨૪ નો સૌથી મોટો સાપ્તાહિક વધારો નોંધાવ્યો અને ૩.૫ ટકા વધ્યો છે.




માર્કેટ રેગ્યુલેટર સેબીએ પ્રારંભિક જાહેર ઓફર અથવા ડિમર્જર પછી લિસ્ટેડ થનારી કંપનીઓના પ્રથમ દિવસના શેરના ભાવને સ્થિર કરવા માટે નવા નિયમો બનાવ્યા છે. જે પ્રથમ દિવસના ટ્રેડિંગમાં અસ્થિરતાને કાબૂમાં રાખશે અને વાજબી કિંમતની શોધ સુનિશ્ચિત કરશે.

બજારના સહભાગીઓ ઘણીવાર આ એક કલાકના સત્રના અંત પહેલા ઓર્ડર રદ કરી દેતા હતા, ખોટી માંગ ઉભી કરી અને ભાવ શોધની દિશા બદલી નાખતા. આનો સામનો કરવા માટે સેબીએ પ્રી-ઓપન સેશનમાં સુધારા કર્યા છે. હવે આ આર્ડર એન્ટ્રીની છેલ્લી ૧૦ મિનિટની અંદર ગમે ત્યારે સમાપ્ત થઈ જશે, છેલ્લી ઘડીએ આર્ડરને રદ થતા અટકાવશે.

જો કે આઈપીઓ ક્ષેત્રે ઓગસ્ટના રૂ. ૧૭,૧૧૦ કરોડનું ભંડોર (મે ૨૦૨૨ પછીનો સૌથી વધુ આંકડો) કરતાં ઓછું છે, તેમ છતાં વર્તમાન ગતિ સૂચવે છે કે પ્રાયમરી બજારમાં હકારાત્મક વાતાવરણ યથાવત્ છે.

# પેટ્રોલ-ડીઝલ જ નહીં, હવે ઈથેનોલથી ચાલતી કાર રસ્તા પર દોડશે, કિંમત 25 રૂપિયે લીટર : ગડકરી

(એજન્સી) મુંબઈ | તા 17

નવી સરકારની રચના બાદ પ્રજાને અપેક્ષા હતી કે, કેન્દ્રીય બજેટમાં પેટ્રોલ-ડિઝલને જીએસટી હેઠળ આવરી લેવામાં આવે, જેથી તેના ભાવમાં ઘટાડો થાય. પરંતુ અપેક્ષા પર પાણી ફરી વળ્યું હતું. જો કે, પ્રજાને પરોક્ષ રીતે લાભ થાય તે હેતુ સાથે કેન્દ્ર સરકાર અન્ય માર્ગ શોધી રહી છે. હાલમાં જ પરિવહન મંત્રીએ મીડિયા સમક્ષ નિવેદન આપ્યું હતુ કે, ફ્યુલ ફ્લેક્સની સાથે ઈથેનોલથી ચાલતી કાર માર્કેટમાં આવી રહી ઈથેનોલથી ચાલતી કારના વપરાશથી પેટ્રોલ-ડિઝલના ખર્ચમાં ઘટાડો થશે.

પરિવહન મંત્રી નીતિન ગડકરીએ જણાવ્યું હતું કે, માર્કેટમાં ટોયોટાએ ઈથેનોલ સંચાલિત કાર લોન્ચ કરી છે, જેને ચલાવવાનો પ્રતિ લિટર ખર્ચ રૂ. 25 આવે છે. અન્ય



કાર કંપનીઓ પણ માર્કેટમાં ઈથેનોલથી ચાલતી કાર લોન્ચ કરવા જઈ રહી છે. જેથી મોંઘા પેટ્રોલ-ડિઝલની ખરીદીમાંથી મુક્તિ મળશે.

ફ્લેક્સ ફ્યુલ એવુ ઈંધણ છે, જેના મારફત કાર ચલાવી શકાય છે. પેટ્રોલમાં શેરડીના કૂચામાંથી પ્રાપ્ત થતો ઈથેનોલ ભેળવીને આ ઈંધણ તૈયાર કરવામાં આવે છે. નિષ્ણાત અનુસાર, ગેસોલીન અને મેથનોલ તથા ઈથેનોલના સંયોજનથી તૈયાર ફ્લેક્સ ફ્યુલ પેટ્રોલ-ડિઝલનું વૈકલ્પિક ઈંધણ છે. જેનાથી માર્કેટમાં કારની કિંમતમાં ઘટાડો થઈ શકે છે. ફ્લેક્સ એન્જિનમાં 1 લિટર ફ્યુલ ખરીદવાનો ખર્ચ રૂ 25 આસપાસ છે.

**NEWS BRIEF**

## સેન્સેક્સ 90 પોઈન્ટ વધીને 83,079 પર બંધ થયો:નિફ્ટી પણ 34 પોઈન્ટ વધ્યો

મુંબઈ। શેરબજારમાં આજે એટલે કે, 17મી સપ્ટેમ્બરે ઉછાળો જોવા મળ્યો છે. સેન્સેક્સ 90 પોઈન્ટના વધારા સાથે 83,079 પર બંધ રહ્યો હતો. નિફ્ટીમાં પણ 34 પોઈન્ટનો વધારો જોવા મળ્યો હતો. 25,418ના સ્તરે બંધ રહ્યો હતો. આજે ઓટો, આઈટી અને એફએમસીજી શેર્સમાં વૃદ્ધિ જોવા મળી હતી. મેટલ અને બેન્કિંગ શેર્સ ઘટ્યા હતા. હીરો મોટોકોર્પ આજે નિફ્ટીમાં ટોપ ગેઈનર હતો. આ પહેલા ગઈકાલે એટલે કે 16મી સપ્ટેમ્બરે બજારે સર્વકાલીન ઊંચાઈ બનાવી હતી. PN ગાડગીલ જ્વેલર્સના શેર 73% વધ્યા બોમ્બે સ્ટોક એક્સચેન્જ (BSE) પર PN ગાડગિલ જ્વેલર્સ લિમિટેડના શેર 834 પર લિસ્ટ થયા હતા, જે ઈશ્યૂ કિંમત કરતાં 73.75% વધારે છે. નેશનલ સ્ટોક એક્સચેન્જ (NSE) પર શેર 830 પર લિસ્ટ થયો હતો, જે ઈશ્યૂ કિંમત કરતાં 72.91% વધારે હતો. આ પ્રારંભિક જાહેર ઓફરની ઈશ્યૂ કિંમત 480 હતી. આજે 2જી પ્રારંભિક જાહેર ઓફર એટલે કે IPO નો બીજો દિવસ છે. તેમાં આર્કેડ ડેવલપર્સ લિમિટેડ અને નોર્ધન આર્ક કેપિટલ લિમિટેડનો સમાવેશ થાય છે. રોકાણકારો બંને IPO માટે 19 સપ્ટેમ્બર સુધી બિડ કરી શકશે. આ બંને કંપનીઓના શેર 24 સપ્ટેમ્બરે માર્કેટમાં લિસ્ટ થશે. આ પહેલા ગઈકાલે એટલે કે 16મી સપ્ટેમ્બરના રોજ શેરબજારે ઓલ ટાઈમ હાઈ બનાવી હતી. ટ્રેડિંગ દરમિયાન સેન્સેક્સ 83,184ના સ્તરને સ્પર્શ્યો અને નિફ્ટી 25,445ના સ્તરને સ્પર્શ્યો.

## લિસ્ટિંગના દિવસે 136% વધ્યો આ શેર, કિંમત 165 પર આવી, આ ક્ષેત્રમાં બની દેશની સૌથી મોટી કંપની

મુંબઈ । બજાજ હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડ સોમવારે શેરબજારમાં લિસ્ટિંગના દિવસે દેશની સૌથી મૂલ્યવાન હાઉસિંગ ફાઈનાન્સ કંપની બની ગઈ છે. બજાજ હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડના શેરની બજારમાં ખૂબ જ સારી શરૂઆત થઈ હતી. કંપનીનો શેર ટ્રેડિંગના પ્રથમ દિવસે રૂ. 70ના IPOના ભાવથી લગભગ 136 ટકા વધીને રૂ. 165 પર બંધ થયો હતો. તમને જણાવી દઈએ કે બજાજ હાઉસિંગ ફાઈનાન્સનો શેર BSE અને NSE પર 150 રૂપિયાના ભાવે લિસ્ટ થયો હતો, જે IPOની કિંમત કરતા 114.28 ટકા વધુ છે. ઈન્ટ્રાડે શેરના ભાવમાં મજબૂત વધારાને કારણે, બજાજ હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડનું માર્કેટ કેપ ટ્રેડિંગના અંતે રૂ. 1,37,406.09 કરોડ હતું. આ સાથે, બજાજ હાઉસિંગ ફાઈનાન્સ દેશની સૌથી મૂલ્યવાન હાઉસિંગ ફાઈનાન્સ કંપની બની ગઈ છે. હાઉસિંગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ કોર્પોરેશન (હુડકો) રૂ. 49,476.96 કરોડના બજાર મૂલ્ય સાથે બીજા સ્થાને છે. આ પછી, LIC હાઉસિંગ ફાઈનાન્સ રૂ. 37,434.54 કરોડના મૂલ્યાંકન સાથે ત્રીજા સ્થાને છે અને PNB હાઉસિંગ ફાઈનાન્સ રૂ. 27,581.41 કરોડના મૂલ્યાંકન સાથે ચોથા સ્થાને છે. બજાજ હાઉસિંગ ફાઈનાન્સનો રૂ. 6,560 કરોડનો IPO 11 સપ્ટેમ્બરે બિડિંગના છેલ્લા દિવસે 63.60 વખત સબસ્ક્રાઈબ થયો હતો.

## ભારત એઆઈથી ઉદભવતી નવી નોકરીઓનો લાભ લેવા માટે સજ્જ

મુંબઈ | આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સના આગમનથી ઉદ્દભવતી નવી નોકરીનો લાભ લેવા માટે ભારત સંપૂર્ણપણે સજ્જ છે તેવું મેટા ઈન્ડિયાના વાઈસ પ્રેસિડેન્ટ સંધ્યા દેવનાથને જણાવ્યું હતું. એઆઈ અને તેની નોકરી પર અસરને લઈને થયેલી ચર્ચામાં દેવનાથને ભારપૂર્વક જણાવ્યું હતું કે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સને કારણે ભારતમાં નવી તકોનું સર્જન થશે. મારા મતે ભારત આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સના કારણે ઉદ્દભવતી નવી તકોનો લાભ લેવા માટે સારી રીતે સજ્જ છે. મારા મતે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સને કારણે નવા પ્રકારની નોકરીનું સર્જન થઈ શકે છે, નોકરીની પ્રકૃતિમાં ફેરફાર હોય શકે છે, પરંતુ એઆઈને કારણે નવી વસ્તુઓ ઉદ્દભવશે તે નક્કી છે અને એક દેશ તરીકે તે નવી તકો તરફ દોરી જશે. AI લેબર માર્કેટને વિસ્તારશે કે લોકોની છટણી કરશે તે અંગેની ચર્ચાની પૃષ્ઠભૂમિમાં આ મંતવ્યો મહત્વપૂર્ણ છે. જુલાઈમાં આવેલા ઈકોનોમિક સરવેમાં એઆઈને લીધે સંભવિત પડકારો અંગે ચેતવણી આપવામાં આવી હતી. જેમાં કહેવામાં આવ્યું હતું કે તે આગામી વર્ષો તેમજ દાયકાઓમાં ભારતના ઉચ્ચ અને ટકાઉ વૃદ્ધિદરને આડે કેટલીક અડચણો અને અવરોધો પેદા કરશે અને કોર્પોરેટ સેક્ટરે પણ AI કામદારોનું સ્થાન લે તેને બદલે લેબર માર્કેટને વેગ આપે તે અંગે વધુ રસ્તાઓ અંગે ગંભીરતાપૂર્વક વિચારવું પડશે.

# મર્સિડીઝ-બેન્ઝે રજૂ કરી તેની બીજી મેડ ઈન ઈન્ડિયા બીઈવી: ઈક્યૂએસ એસયુવી 580 4મેટિક

(એજન્સી) પુણે | તા. 17

ભારતની સૌથી ઈચ્છનીય લક્ઝરી કાર નિર્માતા કંપની મર્સિડીઝ-બેન્ઝે આજે ભારતીય લક્ઝરી કાર માર્કેટ માટે બે મહત્વપૂર્ણ જાહેરાતો કરી છે. થ્રી-પોઈન્ટેડ સ્ટાર ધરાવતી કંપનીએ વિશ્વ સ્તરીય બીઈવી લોન્ચ કરીને ભારતમાં તેના બીઈવી પોર્ટફોલિયોને વધુ મજબૂત બનાવ્યો છે, જે ભાવિ અને પ્રગતિશીલ એસયુવી સમાનુપાતમાં લક્ઝરી અને ટેકનોલોજીને જોડે છે: ઈક્યૂએસ એસયુવી 580 4મેટિક. ઈક્યૂએસ એસયુવી 580 4મેટિક સાથે, મર્સિડીઝ-બેન્ઝ સમગ્ર પોર્ટફોલિયોમાં ઈક્યૂએ, ઈક્યૂબી, ઈક્યૂઈ એસયુવી, ઈક્યૂએસ એસયુવી, ઈક્યૂએસ સેડાન અને



અલ્ટ્રા-લક્ઝરી મર્સિડીઝ-મેબેક ઈક્યૂએસ એસયુવી 680નો સમાવેશ કરીને છ બીઈવી ઑફર કરે છે. ઈક્યૂએસ એસયુવી સાથે, મર્સિડીઝ-બેન્ઝ મજબૂત બીઈવી પોર્ટફોલિયો સાથે, ટકાઉ અને ડિજિટલ ભવિષ્ય તરફ ઝડપથી આગળ વધવાની તેની વ્યૂહરચનાને અમલમાં મૂકવાના ટ્રેક પર છે, કારણ કે વધુ ગ્રાહકો લક્ઝરી સેગમેન્ટમાં બીઈવી અપનાવવાની શોધ કરી રહ્યાં છે. મર્સિડીઝ-બેન્ઝે પુણેના ચાકન સ્થિત તેના અત્યાધુનિક ઉત્પાદન મેન્યૂફેક્ચરિંગ પ્લાન્ટમાંથી ઈક્યૂએસ એસયુવી 580 4મેટિકનું સ્થાનિક ઉત્પાદન શરૂ કરવાની પણ જાહેરાત કરી. વિશ્વમાં ક્યાંય પણ ઈક્યૂએસ એસયુવી 580નું સ્થાનિક ઉત્પાદન શરૂ કરવા માટે ભારત અમેરિકા બહારનું પ્રથમ બજાર બન્યું છે. ઈક્યૂએસ એસયુવી 580 4મેટિક, ઈક્યૂએસ 580 લક્ઝરી સેડાન પછી મર્સિડીઝ-બેન્ઝ તરફથી ભારતમાં સ્થાનિક રીતે ઉત્પાદિત બીજી બીઈવી હશે. મર્સિડીઝ-બેન્ઝે ભારતમાં એકમાત્ર લક્ઝરી કાર ઉત્પાદક તરીકેનું ગૌરવ પ્રાપ્ત કર્યું છે, જે તેની મેન્યૂફેક્ચરિંગ પ્લાન્ટમાંથી સ્થાનિક રીતે બે વિશ્વ સ્તરીય બીઈવીનું ઉત્પાદન કરશે.

# અનિલ અંબાણીના સારા દિવસોની શરૂઆત ! કંપનીએ જીત્યો કેન્દ્ર સરકારનો મોટો ઓર્ડર

(એજન્સી) મુંબઈ | તા 17

અનિલ અંબાણીની માલિકીની કંપનીના શેર રોકેટની જેમ ઉછળ્યા છે. આ શેર સોમવારે 5 ટકાના અપર સર્કિટ સાથે રૂ. 31.32 પર પહોંચ્યો હતો. કંપનીને મોટો ઓર્ડર મળ્યો છે. રિલાયન્સ પાવરે 500 MW/1000 MWh બેટરી એનર્જી સ્ટોરેજ સિસ્ટમ (BESS) માટે કોન્ટ્રાક્ટ જીત્યો છે. કંપનીને સોલર એનર્જી કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (SECI) તરફથી આ ઓર્ડર મળ્યો છે. રિલાયન્સ પાવરે સ્પર્ધાત્મક હરાજી દ્વારા આ કોન્ટ્રાક્ટ જીત્યો છે. અનિલ અંબાણીની કંપની રિલાયન્સ પાવરના શેરમાં છેલ્લા સાડા ચાર વર્ષમાં 2671%નો ઝડપી વધારો જોવા મળ્યો છે. રિલાયન્સ પાવરનો શેર 27 માર્ચ, 2020 ના રોજ રૂ. 1.13 પર હતો. 16 સપ્ટેમ્બર 2024ના રોજ કંપનીના શેર 31.32 રૂપિયા પર પહોંચી ગયા છે. જો કોઈ વ્યક્તિએ 27 માર્ચ, 2020ના રોજ રિલાયન્સ પાવરના શેરમાં રૂ. 1 લાખનું રોકાણ કર્યું હોય અને તેનું રોકાણ જાળવી રાખ્યું હોય, તો રૂ. 1 લાખમાં ખરીદેલા શેરનું વર્તમાન મૂલ્ય રૂ. 27.71 લાખ થયું હોત. રિલાયન્સ પાવરને આપવામાં આવેલો આ કોન્ટ્રાક્ટ 1000 MW/2000 MWh સ્ટેન્ડઅલોન બેટરી એનર્જી સ્ટોરેજ સિસ્ટમ્સ વિકસાવવા માટે સોલાર એનર્જી કોર્પોરેશન ઓફ ઈન્ડિયાની મહત્વાકાંક્ષી પહેલનો એક ભાગ છે. આ પ્રોજેક્ટમાં, રિલાયન્સ પાવર સિસ્ટમ સેટઅપ તેમજ જમીનની ઓળખ, ઈન્સ્ટોલેશન, જરૂરી મંજૂરીઓ મેળવવા અને ઈન્ટરસ્ટેટ ટ્રાન્સમિશન સિસ્ટમ (ISTS) સાથે ઈન્ટરકનેક્શનનું સંચાલન કરશે.

# ખેડૂતો માટે મહત્ત્વના સમાચાર, સરકારની આ યોજનામાં રોકાણ કરવાથી દર મહિને મળશે 3000 રૂપિયા પેન્શન

(એજન્સી) મુંબઇ । તા. 17

PM Kishan Maandhan Yojana News : ભારત કૃષિપ્રધાન દેશ છે. ગામડાઓમાં મોટાભાગના લોકો ખેતી અને પશુપાલન પર નિર્ભર રહે છે. કેન્દ્ર સરકાર દ્વારા ખેડૂતોને લઈને કેટલીક યોજના ચલાવવામાં આવી રહી છે, પરંતુ ઘણી એવી યોજનાની ખેડૂતોને જાણકારી હોતી નથી. એવી જ એક યોજના છે પ્રધાનમંત્રી કિસાન માનધન યોજના. આ એક પેન્શન યોજના છે. જેમાં 60 વર્ષ પૂરા થયા પછી ખેડૂતોને પેન્શન આપવામાં આવે છે. પ્રધાનમંત્રી કિસાન માનધન યોજના (PM-KMY) 12 સપ્ટેમ્બર 2019ના રોજ શરૂ કરવામાં આવી હતી. આ યોજનાના 5 વર્ષ પૂર્ણ થયા છે. વૃદ્ધાવસ્થા દરમિયાન આ યોજના ખેડૂતોને ઘણી ઉપયોગી સાબિત થશે. જેમાં ખેડૂતોએ દર મહિને 55 રૂપિયા જમા કરાવવાના હોય છે. આ પછી, દર મહિને 3000 રૂપિયાનું પેન્શન આપવામાં આવે છે. ગુજરાતના જૂનાગઢ જિલ્લાના કૃષિ અધિકારીનું કહેવું છે કે, 'આ યોજના હેઠળ દર મહિને રોકાણ કરવાથી પેન્શનના હકદાર થઈ શકાય છે. જેમાં ખેડૂતો પાસે બે હેક્ટરથી ઓછી જમીન છે તેવા ખેડૂતો આ યોજના હેઠળ રજીસ્ટ્રેશન કરાવી શકે છે.' સામાન્ય રીતે, 18 થી 40 વર્ષની વયના ખેડૂતો આ યોજનામાં રજીસ્ટ્રેશન કરાવી શકે છે. જેમાં તેમની ઉંમર અનુસાર દર મહિને 55 રૂપિયાથી 200 રૂપિયા સુધીની રકમ જમા કરાવી શકે છે. આ પછી, 60 વર્ષની ઉંમર પૂરી થતા દર મહિને 3000 રૂપિયા પેન્શન આપવામાં આવે છે. આ દરમિયાન જો લાભાર્થીનું મૃત્યુ થાય છે, તો તેની પત્ની આ યોજનામાં યોગદાન આપીને પેન્શન મેળવી શકે છે. તેમજ જો લાભાર્થીની પત્ની યોજના ચાલુ રાખવા માંગતી ન હોય તો, તેને વ્યાજ સહિત પૈસા પરત કરવામાં આવશે.

# ભારતના હાઇ-સ્પીડ ભવિષ્યને ગતિ આપતું હિન્દાલ્કો, કોપરની નવિનતા નમો ભારત રેપિડ રેલનું ચાલકબળ

(એજન્સી) ગાંધીનગર । તા. 17

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સોમવારે ગુજરાતમાં ભારતની પ્રથમ નમો ભારત રેપિડ રેલને લીલી ઝંડી આપી ત્યારે આધુનિક પરિવહન અને સ્થાયી ઊર્જામાં પરિવર્તન લાવતા બે ચાવીરૂપ ધાતુઓ કોપર અને એલુમિનિયમના અગ્રણી ઉત્પાદક હિન્દાલ્કો ઈન્ડસ્ટ્રીસે સીમાચિહ્ન હાંસલ કર્યુ હતું. વન્દે ભારત પ્લેટફોર્મ પર બનેલી અને ઈન્ટર-સિટી પરિવહન માટે શરૂ કરાયેલી નમો ભારત રેપિડ રેલ કોપરથી બનેલી વીજલાઈન પર ચાલે છે અને મોટા ભાગનાં કોપરનું ઉત્પાદન હિન્દાલ્કોએ કર્યું છે. દેશમાં નવા જમાનાની ઝળકતી ટ્રેનોના મોટર અને આંતરિક વાયરિંગ માટે વપરાતાં ધાતુઓની કંપની અગ્રણી સપ્લાયર છે. આદિત્ય બિરલા જૂથની મુખ્ય કંપની ભારતના બે તૃતિયાંશ ઘરોને વીજળીયુક્ત કરી રહી છે. રેલનાં વીજળીકરણમાં તેનું યોગદાન 95 ટકા છે. તેણે તાજેતરમાં જ તૈયાર કરેલી કોપર અને ચાંદીની મિશ્રધાતુ હાઈ-સ્પીડ અને શહેરી પરિવહન, ડેડિકેટેડ ફ્રેઈટ કોરિડોર તેમજ ઝડપથી વિસ્તરતા મેટ્રો રેલ્વે નેટવર્કના નવા તબક્કાને બળ આપી રહ્યી છે. કંપની કોપર અને મેગ્નેશિયમની મિશ્રધાતુ બનાવવા પણ જઈ રહી છે, જે નવી પેઢીના સ્થાયી વીજળીકરણને ઉન્નત કરશે. હિન્દાલ્કોનું ગુજરાતના ભરૂચના દહેજ ખાતે વિશ્વનું સૌથી મોટા પૈકીનું એક અને બંદરથી પણ જોડાયેલું સિંગલ લોકેશન કોપર સ્મેલ્ટર છે.




ધાતુની વધતી વૈશ્વિક માંગને જોતા કંપની આ એકમ ખાતે કોપર સ્મેલ્ટિંગ ક્ષમતાનું વિસ્તરણ કરી રહી છે અને વેપાર-ધંધા માટે અનુકૂળ આ રાજ્યમાં બીજી ફેક્ટરી સ્થાપવા પણ વિચારી રહી છે.

# તૈયાર થઈ જાવ આ ઉત્સવોની સિઝન માટે એમેઝોન ગ્રેટ ઈન્ડિયન ફેસ્ટિવલ 2024ની સાથે જે શરૂ થાય છે 27 સપ્ટેમ્બરથી

(એજન્સી) બેંગાલુરુ । તા. 17

ભારતની સૌથી વધુ રાહ જોવાની ઉત્સવની ઈવેન્ટ, 'એમેઝોન ગ્રેટ ઈન્ડિયન ફેસ્ટિવલ(AGIF)' શરૂ થાય છે 27 સપ્ટેમ્બર, 2024થી, જેમાં પ્રાઈમ મેમ્બર્સ માટે 24-કલાક વહેલી પહોંચ ઉપલબ્ધ છે. ગ્રાહકો હવે માણી શકે છે પ્રોડક્ટ્સની વ્યાપક પસંદગી પર આકર્ષક ડીલ્સને, જેમાં ભારતના સૌથી વધુ પસંદગીના અને વિશ્વસનીય ઓનલાઈન માર્કેટપ્લેસ પર સૌથી ઝડપી અને આધારભૂત ડિલિવરીની સુગમતા સાથે આવે છે ગ્રેટ વેલ્યુ * તેને ચકાસો અહીં . આ તારીખ અંગે એમેઝોન ઈન્ડિયાના વાઈસ પ્રેસિડેન્ટ સૌરભ શ્રીવાસ્તવે જણાવ્યું હતું કે, ""એમેઝોન ગ્રેટ ઈન્ડિયન ફેસ્ટિવલ 2024 ગ્રાહકોને વ્યાપક પસંદગી, બ્રાન્ડ ન્યૂ પ્રોડક્ટ લોન્ચિસ, ગ્રેટ ડીલ્સ, શોપિંગની સુગમતાની અનુભૂતિ, ઝડપી અને આધારભૂત ડિલિવરી, સરળ અને ફ્લેક્સીબલ પેમેન્ટ વિકલ્પો અને બીજા ઘણાંની પ્રસ્તુતિનું વચન આપે છે. અમારા વિક્રેતાઓ, બ્રાન્ડ પાર્ટનર્સ, ડિલિવરી એસોસિયેટ્સ સાથે આ ઉત્સવોની લાગણીને વિસ્તારવા અમે આતુર છીએ અને સાથે મળીને આપણે આ ઉત્સવોની ભારતના લાખો ઘરો માટેની તૈયારીઓના રોમાંચને ફેલાવતા રહીશું. અમને અપેક્ષા છે કે આ ઉત્સવોની સિઝનમાં ખાસ્સો ધસારો રહેશે અને ગ્રાહકો અમારી સાથે જોડાઈને તૈયારી કા ત્યોહારની ઉજવણી કરશે!" ઉત્સવોની આ સિઝનમાં, ગ્રાહકો અગ્રણી પાર્ટનર બેંક્સ પાસેથી રોમાંચક ઓફરનો આનંદ માણી શકે છે. તદુપરાંત તેઓ એસબીઆઈ ડેબિટ અને ક્રેડિટ કાર્ડ્સ તથા ક્રેડિટ ઈએમઆઈ પર 10%ના ઈન્સ્ટન્ટ ડિસ્કાઉન્ટનો પણ લાભ લઈ શકે છે.

# હેલ્થ અને લાઈફ ઈન્સ્યોરન્સ પર જીએસટી મુદ્દે નવેમ્બરમાં લેવાશે નિર્ણય




(એજન્સી) મુંબઇ । તા. 17

જીએસટી કાઉન્સિલે વિવિધ હેલ્થ અને લાઈફ ઈન્સ્યોરન્સના પ્રીમિયમ પર જીએસટી દર અંગે નિર્ણય લેવા અને 30 ઓક્ટોબર સુધી રિપોર્ટ રજૂ કરવા માટે 13 મંત્રીસમૂહની (જીઓએમ) ની રચના કરી છે. જેમાં બિહારના નાયબ મુખ્યમંત્રી સમ્રાટ ચૌધરી મંત્રી સમૂહના સંયોજક છે. આ સમૂહના સભ્યોમાં ઉત્તર પ્રદેશ, રાજસ્થાન, પશ્ચિમ બંગાળ, કર્ણાટક, કેરળ, આંધ્ર પ્રદેશ, ગોવા, ગુજરાત, મેઘાલય, પંજાબ, તમિલનાડુ અને તેલંગાણાના સભ્ય સામેલ છે. નવ સપ્ટેમ્બરના રોજ યોજાયેલી જીએસટી કાઉન્સિલની 54મી બેઠકમાં લાઈફ અને હેલ્થ ઈન્સ્યોરન્સ પર જીએસટીના વર્તમાન ઢાંચામાં ફેરફાર કરવા તપાસ અને સમીક્ષા માટે એક મંત્રી સમૂહની રચના કરવા નિર્ણય લીધો હતો. ઈન્સ્યોરન્સ પ્રીમિયમ પર ટેક્સ મુદ્દે અંતિમ નિર્ણય નવેમ્બરમાં યોજનારી જીએસટી કાઉન્સિલની બેઠકમાં આ જીઓએમ દ્વારા રજૂ કરવામાં આવેલા રિપોર્ટના આધારે લેવામાં આવશે. હાલ ઈન્સ્યોરન્સ પ્રીમિયમ પર 18 ટકા જીએસટી લાગુ છે. પેનલના સંદર્ભની શરતોમાં વરિષ્ઠ નાગરિકો, મધ્યમ વર્ગ, માનસિક રીતે અસ્થિર વ્યક્તિઓ જેવી વિવિધ શ્રેણીઓ માટે પર્સનલ, ગ્રુપ, ફેમિલી, ફ્લોટર અને અન્ય હેલ્થ ઈન્સ્યોરન્સ પર પણ ટેક્સ વસૂલવામાં આવે છે. ટર્મ ઈન્સ્યોરન્સ, રોકાણ યોજનાઓ સાથે લાઈફ ઈન્સ્યોરન્સ અને રિઈન્સ્યોરન્સ સહિત લાઈફ ઈન્સ્યોરન્સ પર ટેક્સ ચૂકવવો પડે છે. ટેક્સનો બોજો દૂર કરવો કે કેમ અને તેની અસરો પર જીઓએમ ચર્ચા કરી 30 ઓક્ટોબર સુધી રિપોર્ટ રજૂ કરશે.

## મુંબઈ ચાંદીના ભાવ રૂ.90,000 બોલાયા

(એજન્સી) નવી દિલ્હી । તા. 17

મુંબઈ ઝવેરી બજારમાં આજે સોના-ચાંદીના ભાવમાં તેજી આગળ વધી હતી. ચાંદીના ભાવ ઉછળી કિલોદીઠ જીએસટી વગર રૂ.૮૮ હજારની ઉપર ગયા હતા. વિશ્વ બજારના સમાચારો પ્રોત્સાહક હતા. વિશ્વ બજાર વધતાં ઘરઆંગણે ઈમ્પોર્ટ કોસ્ટ ઉંચી ગઈ હતી. વિશ્વ બજારમાં સોનાના ભાવ ઔંશના ૨૫૭૭થી ૨૫૭૮ વાળા આજે ઈંચામાં ૨૫૮૯થી ૨૫૯૦ થઈ ૨૫૮૦થી ૨૫૮૧ ડોલર રહ્યા હતા. મુંબઈ બજારમાં ચાંદીના ભાવ જીએસટી સાથે રૂ.૯૦ હજારની ઉપર જતા રહ્યા હતા. વૈશ્વિક ડોલર ઈન્ડેક્સ ઘટતાં તથા બોન્ડ યીલ્ડની પીછેહટ વત્તે વિશ્વ બજારમાં સોનામાં ફંડોનું એકટીવબાઈંગ જોવા મળ્યું હતું. સોના પાછળ વૈશ્વિક ચાંદીના ભાવ ઔંશદીઠ ૩૦.૭૧થી ૩૦.૭૨ વાળા આજે ઈંચામાં ૩૧.૦૯થી ૩૧.૧૦ થઈ ૩૦.૮૬થી ૩૦.૮૬૭ ડોલર રહ્યા હતા. અમેરિકામાં બુધવારે જાહેર થનારા વ્યાજ દર ઘટાડા પૂર્વે વિશ્વ બજારમાં સોનાના ભાવમાં તેજી તથા ડોલર ઈન્ડેકસમાં ઘટાડો જોવા મળ્યો હતોત મુંબઈ બુલિયન બજારમાં આજે સોનાના ભાવ જીએસટી વગર ૧૦ ગ્રામના ૯૯.૫૦ના રૂ.૭૩૧૦૦ વાળા ૭૩૩૯૯ થઈ રૂ.૭૩૧૯૮ રહ્યા હતા.

# વિઝ્યુઅલ ઈફેક્ટ્સ દિગ્ગજ સ્કોટ રોસ ડિજીકોરના એડવાઈઝરી બોર્ડમાં જોડાયા

(એજન્સી) મુંબઈ । તા. 17

વિવિધ શ્રેણીના પ્રોજેક્ટ્સ માટે વિઝ્યુઅલ ઈફેક્ટ્સ પ્રદાન કરવામાં કરવામાં વિશેષતા ધરાવતી ડિજીકોર સ્ટુડિયો લિમિટેડે (NSE - DIGIKORE) તેના સલાહકાર બોર્ડમાં વિઝ્યુઅલ ઈફેક્ટ્સ ઉદ્યોગમાં અગ્રણી પ્રતિભા, ડૉ. સ્કોટ રોસની નિમણૂકની જાહેરાત કરી છે. ચાર દાયકાથી વધુની કારકિર્દી સાથે, ડૉ. સ્કોટ રોસ ડિજીકોરમાં અપ્રતિમ નિપુણતા, વિઝન અને વ્યૂહાત્મક કુશળતા લાવશે કારણ કે તે વૈશ્વિક મનોરંજન લેન્ડસ્કેપમાં તેમના પદચિહ્નને વિસ્તૃત કરવાનું જાળવી રાખે છે.

ડૉ. રોસે 1974માં હોફસ્ટ્રા યુનિવર્સિટીમાંથી કોમ્યુનિકેશન આર્ટ્સમાં બેચલર ઓફ સાયન્સ સાથે મીડિયા અને ડિજિટલ ઈફેક્ટ્સમાં તેમની સફર શરૂ કરી, બાદમાં 1997માં માનદ ડોક્ટરેટની ઉપાધિ મેળવી હતી. તેઓ 1993માં વિઝનરી ફિલ્મમેકર જેમ્સ કેમેરોન અને સ્પેશિયલ ઈફેક્ટ માસ્ટ્રો સ્ટેન વિન્સ્ટન સાથે ડિજિટલ ડોમેનની સહ-સ્થાપના માટે જાણીતા છે. સીઈઓ અને ચેરમેન તરીકે, ડૉ.



રોસે ડિજિટલ ડોમેનને વિઝ્યુઅલ ઈફેક્ટ્સ ઉદ્યોગમાં મોખરે પહોંચાડ્યું. તેમના માર્ગદર્શન હેઠળ, કંપનીએ અભૂતપૂર્વ કામ કર્યું, જેના માટે તેને અનેક એકેડેમી એવોર્ડ્સ સહિત અનેક પ્રશંસા મેળવી. ટાઈટેનિકે (1997) ડિજિટલ ડોમેનને તેનો પ્રથમ ઓસ્કાર અપાવ્યો, ત્યારબાદ વોટ ડ્રીમ્સ મે કમ (1998) માટે બીજો ઓસ્કાર મળ્યો. સ્ટુડિયોને ટ્રુ લાઈઝ, એપોલો 13 અને આઈ, રોબોટ જેવી ફિલ્મો માટે નોમિનેશિન પણ પ્રાપ્ત થયા હતા.

ડિજિટલ ડોમેન પહેલાં, તેમણે ઈન્ડસ્ટ્રિયલ લાઈટ એન્ડ મેજિક (આઈએલએમ) અને સ્કાયવોકર સાઉન્ડની દેખરેખ રાખતા લુકાસફિલ્મ ખાતે લુકાસઆર્ટ્સ એન્ટરટેઈનમેન્ટ ગ્રૂપના જનરલ મેનેજર અને બાદમાં સિનિયર વાઈસ પ્રેસિડેન્ટ તરીકે સેવા આપી હતી. તેમના કાર્યકાળ દરમિયાન, આઈએલએમે વિઝ્યુઅલ ઈફેક્ટ્સ માટે પાંચ એકેડેમી એવોર્ડ જીત્યા છે.

ડિજિટલ ડોમેન બાદ, ડૉ. રોસે બેઈજિંગ ફિલ્મ એકેડેમી, લેનોવો, ડીટાઓ માસ્ટર્સ એકેડેમી અને આઈલ્યુઝનમાં સલાહકાર ભૂમિકાઓ દ્વારા મીડિયા ઉદ્યોગને પ્રભાવિત કરવાનું જાળવી રાખ્યું. તેમણે ટ્રોજન હોર્સ વોઝ એ યુનિકોર્નની સહ-સ્થાપના પણ કરી, જે માલ્ટામાં એક અગ્રણી ડિજિટલ આર્ટિસ્ટ કોન્ફરન્સ છે.

ડૉ. સ્કોટ રોસ એકેડેમી ઓફ મોશન પિક્ચર આર્ટસ એન્ડ સાયન્સ (OSCARS) અને એકેડેમી ઓફ ટેલિવિઝન આર્ટસ એન્ડ સાયન્સ (EMMYS)ના સભ્ય છે. એક વિચારશીલ નેતા તરીકે, તેમણે 30થી વધુ દેશોમાં કીનોટ્સ વિતરિત કર્યા છે, અને ક્રિએટીવિટી, ટેક્નોલોજી અને ડિજિટલ મીડિયાના ભવિષ્ય પર આંતરદૃષ્ટિ શેર કરી છે.

## તંત્રીની કલમે...

**વિક્રમ સંવત 2079, ભાદરવા સુદ-પૂનમ**

# કેજરીવાલનો દાવ

અણધાર્યા નિર્ણય લેવા માટે ચર્ચિત દિલ્હીના મુખ્યમંત્રી અને આમ આદમી પાર્ટીના વડા અરવિંદ કેજરીવાલે એમ કહીને ફરી એક વખત ચોંકાવ્યા કે તેઓ બે દિવસ બાદ મુખ્યંત્રી પદેથી રાજીનામું આપી દેશે. તેમણે જે રીતે એ સ્પષ્ટ નથી કર્યું કે દિલ્હીના આગામી મુખ્યમંત્રી કોણ હશે, એનાથી એ જ સ્પષ્ટ થાય છે કે આગામી બે દિવસ સુધી અટકળબાજીનો દોર ચાલતો રહેશે અને તેનાથી દેશભરમાં કેજરીવાલ અને દિલ્હીની ચર્ચા ચાલતી રહેશે. એ સ્પષ્ટ છે કે કેજરીવાલ એ ચાહતા હશે કે તેઓ ચર્ચાના કેન્દ્રમાં રહે. તેમણે એમ કહેતાં રાજીનામું આપ્યું કે તેઓ આમ જનતા સમક્ષ અગ્નિપરીક્ષા આપવા માગે છે, પરંતુ કોઈપણ એ સમજી શકે છે કે રાજીનામું આપવું તો તેમની મજબૂરી હતી અને એ સિવાય એમની પાસે બીજો કોઈ ચારો ન હતો. રાજીનામાનું પહેલું કારણ તો એ જ દેખાય છે કે શરાબ કૌભાંડમાં સુપ્રીમ કોર્ટે તેમને જામીન તો આપી દીધા, પરંતુ તેમના પર કેટલીય કઠોર શરતો લાદી દીધી. આ શરતોને કારણે મુખ્યમંત્રી રૂપે તેમનું કામ કરવું અસંભવ થઈ ગયું હતું અને સુપ્રીમ કોર્ટે તેમને ન માત્ર મુખ્યમંત્રી કાર્યાલય પર જતાં રોક્યા, બલ્કે ઉપરાજ્યપાલની અનુમતિ વિના કોઈ સરકારી ફાઈલ પર હસ્તાક્ષર કરવાની પણ મનાઈ ફરમાવી. એટલું જ નહીં, સાથે એ શરત પણ લગાવી કે તેઓ શરાબ નીતિ કૌભાંડ પર કશું જ બોલી નહીં શકે! એવામાં કેજરીવાલને લાગ્યું કે તેમની પાસે રાજીનામું આપી દીધા સિવાય બીજો કોઈ ઉપાય નથી રહ્યો, પરંતુ જો તેમને રાજકીય શુચિતા અને નૈતિકતાની પરવા હોત તો તેમણે ત્યારે જ રાજીનામું આપી દેવું જોઈતું હતું જ્યારે શરાબ કૌભાંડમાં તેમની ધરપકડ કરીને જેલમાં મોકલી દેવાયા હતા. આશ્ચર્યજનક રૂપે ત્યારે તેમણે જેલમાંથી જ સરકાર ચલાવવાની જિદ પકડી હતી. આ દરમ્યાન તેઓ અને તેમના સાથી ભલે એમ કહેતા રહ્યા હોય કે નવી આબકારી નીતિ લાવીને ક્યાંય કોઈ ગરબડ નથી કરવામાં આવી, પરંતુ એ પ્રશ્નનો જવાબ તેઓ નથી આપતા કે જો આ નીતિમાં કોઈ ગરબડ જ ન હતી તો પછી તેને તાબડતોબ પાછી કેમ ખેંચી લેવાઈ? એ ઠીક છે કે આ કૌભાંડમાં અન્ય અનેક લોકો સાથે અરવિંદ કેજરીવાલને પણ જામીન મળી ગયા છે, પરંતુ જામીન ક્લીનચિટનો પર્યાય ન હોઈ શકે. ભલે કેજરીવાલ કહી રહ્યા હોય કે તેમને ખોટી રીતે ફસાવવામાં આવ્યા છે અને તેઓ જનતા પાસેથી ઈમાનદારીનું પ્રમાણપત્ર લીધા બાદ મુખ્યમંત્રી પદ સંભાળશે, પરંતુ શરાબ કૌભાંડનું સાચું-ખોટું તો જનતાએ નહીં, દેશની અદાલતોએ નક્કી કરવાનું છે. કેજરીવાલના રાજીનામું આપવાનું એક કારણ એ પણ દેખાય છે કે તેઓ હરિયાણા અને પછી આગામી દિલ્હી વિધાનસભા ચૂંટણીમાં જનતાની સહાનુભૂતિ મેળવવા માગે છે. તેમણે દિલ્હીની ચૂંટણી લગભગ ત્રણ મહિના પહેલાં નવેમ્બરમાં કરાવવાની માંગ પણ કરી છે. એ તો સમય જ બતાવશે કે તેમને સહાનુભૂતિનો લાભ ઉઠાવવામાં સફળતા મળે છે કે નહીં, પરંતુ એનો ઈનકાર ન કરી શકાય કે તેમણે પોતાના અત્યાર સુધીના રાજકીય જીવનમાં કેટલીય વાર પોતે બોલેલું જ ફેરવી તોળ્યું છે, તેનાથી તેમની એ છબિ નથી રહી જે પહેલાં હતી.

## ધારાસભ્ય ડૉ.દર્શનાબેન દેશમુખની રજુઆતના પગલે..

# મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના અંતર્ગત માર્ગો માટે 24.57 કરોડની મંજૂરી

ભરત શાહ | રાજપીપળા

રાજ્યમાં ચાલુ ચોમાસાની સિઝન દરમિયાન ભારે વરસાદ પડતા ઠેર ઠેર રસ્તાઓના ધોવાણ થયા છે, જેથી નિયમિતપણે અવરજવર કરતા લોકો ને માર્ગ ઉપરથી પસાર થવા માટે ભારે તકલીફ અને મુસીબતો ભોગવવી પડી રહી છે.

રાજ્ય સરકારે મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના અંતર્ગત રસ્તાઓ બનાવવા માટે નક્કી કર્યું હોય જેમાં નાંદોદ વિધાનસભા માં સમાવિષ્ટ 24 રસ્તાઓ બનાવવા માટે રાજપીપળા ના ધારાસભ્ય ડૉ.દર્શનાબેન દેશમુખ ની રજુઆત ના પગલે નાંદોદ વિધાનસભા માં રસ્તાઓ બનાવવા માટે રાજ્ય સરકારે મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના અંતર્ગત રૂ.24.57 કરોડ ની રકમ મંજુર કર્યા છે.



મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના અંતર્ગત વિધાનસભામાં સમાવિષ્ટ હરીપુરા જેર રોડ, મોટા આંબા એપ્રોચ રોડ, જેતપુર ચિચડીયા રોડ, વઘરાલી ટીમરવા રોડ, સુરજપુર ગંભીરપુરા રોડ, બોરીયા એપ્રોચ રોડ, ગોપલપુરા અપ્રોચ રોડ, ઑરી અપ્રોચ રોડ, કાકડવા એપ્રોચ રોડ, વાગેથા ધમનાચા રોડ, સોઢલીયા વાંદરીયા રોડ, મોટા હેડવા એપ્રોચ રોડ, માંગરોલ તરસાલ રોડ, પ્રતાપનગર કેસરવા નવી વસાહત રોડ, સોઢલીયા ટંકારી રોડ, રૂંઢ ભીલવાડા એપ્રોચ રોડ, ધમણાચા ભૂછાડ રોડ, દેવલીયા પૂછપરા રોડ, એસ એચ ટુ ગણસિદા રોડ, કાટકોઈ વ્યાધર ફેર કુવા રોડ, નાની મોટી ચીખલી રોડ, જેતપુર ગુલપુરા રોડ, વાંકોલ એપ્રોચ રોડ સહિતના કુલ 24 ભાર્ગવ નો સમાવેશ થાય છે આ માર્ગો બનાવવા માટે રાજ્ય સરકારે મુખ્યમંત્રી ગ્રામ સળગ યોજના અંતર્ગત 24.57 કરોડની મંજૂરી આપી દેતા આ રસ્તાઓ બનાવવાની કામગીરી ની ટેન્ડર પ્રક્રિયા ટૂંક સમયમાં હાથ ધરી રસ્તાઓ બનાવવાની કામગીરી હાથ ધરાશે. નાદોદ વિધાનસભા મત વિસ્તારમાં મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના અંતર્ગત કરોડો રૂપિયાની મંજૂરી મળતાં ધારાસભ્ય ડોક્ટર દર્શનાબેન દેશમુખે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ નો આભાર વ્યક્ત કર્યો હતો.

# શ્રવણ સુખધામ સંસ્થાએ વડાપ્રધાન મોદીનો જન્મદિવસ અનોખી રીતે ઉજવ્યો



હિરેન પ્રજાપતિ | અરવલ્લી સાબરકાંઠા

ગુજરાતના પનોતા પુત્ર અને ભારતદેશ નાં યશસ્વી પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ જન્મ દિવસ ની અનોખી રીતે ઉજવણી શ્રવણ સુખધામ સંસ્થા દ્રારા કરવામાં આવી જેમાં પુનાસણ આદર્શ પ્રાથમિક શાળા ની દિકરીઓ પુનાસણ આંગણવાડી નાં બાળકો ને હિન્દુ સ્નાતન ધર્મ માં અને શાસ્ત્રો માં પુજનીય સ્થાન પ્રાપ્ત કરનાર તુલશી કયારા નું વિતરણ શાળાની દરેક દિકરીઓ કરવામાં આવ્યું હતું એક પેડ માં કે નામ નિમિત્તે સગર્ભા અને ધાત્રી માતાઓને તુલશી કયારા અને આયુર્વેદ ઔષધીમાં શ્રેષ્ઠ માનવામાં આવતા આંબળા નાં વૃક્ષો સગર્ભા અને ધાત્રી માતાઓ ને આપવામાં આવ્યાં હતાં સમગ્ર કાર્યક્રમ ને સફળ બનાવવા માટે આંગણવાડી મુખ્ય કાર્યકર રિનકુ પ્રજાપતિ સહકાર્યકર જીગજ્ઞા ચિંતન પ્રજાપતિ એ ખૂબ ભારે જહેમત ઉઠાવી કાર્યકમ ને સફળ બનાવ્યો હતો સમગ્ર કાર્યક્રમનું આયોજન શ્રવણ સુખધામ સંસ્થા ના અધ્યક્ષ પ્રમુખ શ્રી એસ કે પ્રજાપતિ નાં માર્ગદર્શન હેઠળ યોજવામાં આવ્યું હતું.

## ડાંગમાં DMLT કોર્સના નામે નાણાં પચાવી લેવાનું કૌભાંડ

(એજન્સી) ડાંગ | ડાંગમાં DMLT કોર્સના નામે નાણાં પચાવી લેવાનું કૌભાંડ સામે આવ્યુ છે. જેમાં ડાંગમાં સિલાઇ મશીન અપાવવાના બહાને કૌભાંડ આચર્યું છે. એમ.એસ.મહિલા કોલેજની વિદ્યાર્થિનીઓ સાથે છેતરપિંડી કરવામાં આવી છે. સિલાઇ મશીન અપાવવાના બહાને રૂ.300 ઉઘરાવ્યા હતા. તેમાં વિદ્યાર્થિનીઓની સ્કોલરશીપના નાણાં પડાવી લીધા છે. વિદ્યાર્થિનીઓના બેંક અને પોસ્ટમાં ખાતા ખોલવ્યા હતા. જેમાં ડોક્યુમેન્ટના આધારે ખાતા ખોલાવ્યા હતા. ત્યારે આદિજાતિ વિકાસ અધિકારીએ તપાસ હાથ ધરી છે. ડાંગ જિલ્લામાં ત્રણ વિદ્યાર્થીઓની દ્વારા ફરીયાદ કરવામાં આવી છે. જેમાં પલવિકા ચૌધરી, સુમિત્રાબેન ભોંયે, મનિષાબેન ચૌધરી દ્વારા આ કૌભાંડની ફરિયાદ થઈ છે. જેમાં સિલાઈ મશીન આપવાના નામે 300 ઉઘરાવ્યા પછી 52-52 હજારની સ્કોલરશિપ પડાવી લેવાનું કૌભાંડ છે.

# ભાયાવદરમાં 25મી માં ઉમિયાની પદયાત્રાનું શહેરવતી સ્વાગત-સન્માન કરતા આગેવાનો

વિજય રાડીયા | ભાયાવદર

આજરોજ ભાયાવદર શહેરમાં રાજકોટથી સિદસર સુધીની પદયાત્રા માતાજીના રથ સાથે ભાયાવદર શહેરમાં આગમન થયેલ આ પદયાત્રીઓનું પટેલ સેવા સમાજે ડિ.જે. ના તાલે માતાજીના ગુણ ગાય કિશન પેટ્રોલપંપ સુધી બહોળી સંખ્યામાં ભાઈઓ તથા બહેનો દ્વારા માતાજીના રથનું સ્વાગત કરવામાં આવેલ. આ તકે ભાયાવદર નગરપાલિકાના પ્રમુખ નયનભાઈ જીવાણી, ઉમિયા પરિવાર સમિતીના પ્રમુખ ભુપતભાઈ ધાણેજ, પટેલ સમાજના મંત્રી ડો. એજી. પટેલ સાહેબ, પાંજરાપોળના પ્રમુખ રાકેશભાઈ મારસોણીયા, બાબુબાપા જીવાણી, સેવા સહકારી મંડળીના ઉપપ્રમુખ



અનિલભાઈ બરોચીયા, સભ્ય જીતેન્દ્રભાઈ માકડીયા, ચંદ્રકાંતભાઈ પાચાણી, પ્રવિણભાઈ માકડીયા, પટેલ સમાજના ટ્રસ્ટી ડિ.કે. દુદાણી, નરેશભાઈ માકડીયા, પાંજરાપોળના ટ્રસ્ટી નવનિતભાઈ ડેડકીયા, નગરપાલિકાના બાંધકામ ખાતાના ચેરમેન વિજયભાઈ ગામી, સંજયભાઈ ઢઢાણીયા, ખેડુત આગેવાન કાંતિભાઈ ચાંગેલા, મનસુખભાઈ માકડીયા તેમજ પટેલ સમાજના અલગ ગ્રુપના પ્રમુખો દ્વારા આ ૨૫ મી પદયાત્રા સમિતીના પ્રમુખ વિનોદભાઈ મણવર તેમજ આજની પ્રસાદીના દાતા નિતીનભાઈ દુદાણીનું ભાયાવદર શહેર વતી સ્વાગત કરીને સન્માન કરવામાં આવેલ છે. આજની આ પદયાત્રામાં રાજકોટથી સિદસર સુધી ૭૦૦ માં ઉમાના છોરું આવેલ તેમજ રસ્તામાં આવતા ગામડાઓના લોકો જોડાય અને ભાયાવદરમાં ૧૧૦૦ પદયાત્રીઓ આવેલ હતા. આ તમામ પદયાત્રીઓને ભાયાવદરના કિશન પેટ્રોલીયમ વાળા તરૂણભાઈ માકડીયા તરફથી સવારે બિસ્કીટ અને ચા નો નાસ્તો કરાવેલ તેમજ ભાયાવદર શહેરના વતની અને રાજકોટ રહેતા પટેલ સમાજના આગેવાન નિતીનભાઈ દુદાણી તરફથી બોપરે માતાજીનો પ્રસાદ આપવામાં આવેલ હતો.

# અંબાજીના મહામેળામાં કલેકટર મિહિર પટેલના હસ્તે શ્રી યંત્રની સ્તુતિનું વિમોચન કરવામાં આવ્યું

માહિતી બ્યુરો | પાલનપુર

ભાદરવી પૂનમ મહામેળામાં છઠ્ઠા દિવસે જિલ્લા કલેકટરશ્રી અને શ્રી આરાસુરી દેવસ્થાન ટ્રસ્ટના ચેરમેનશ્રી મિહિર પટેલના હસ્તે જય ભોલે ગ્રુપ અમદાવાદ દ્વારા રચિત શ્રી યંત્રની સ્તુતિ અને આઠ પ્રકારના દ્રવ્યોથી નિર્મિત ગંધાષ્ટકમ માતાજીને અર્પણ કરવામાં આવ્યું હતું. ચાચર ચોકમાં સેંકડો માઈભક્તોની ઉપસ્થિતિમાં માતાજીને સ્તુતિ અને અત્તર અર્પણ કરાતાં સમગ્ર ચાચર જય અંબેના નાદથી ગુંજી ઉઠ્યો હતો.

શ્રી યંત્રની સ્તુતિના વિમોચન પ્રસંગે યોજાયેલ કાર્યક્રમમાં જિલ્લા કલેકટરશ્રી મિહિર પટેલે જય ભોલે ગ્રુપ અમદાવાદની જગદંબા પ્રત્યેની અનન્ય આસ્થાને બિરદાવી હતી. તેમણે આ પ્રસંગે કહ્યું કે, આ સ્તુતિથી કરોડો માઈભક્તોની શ્રદ્ધા



વધારે મજબૂત બનશે. સરળ સાદી ગુજરાતી ભાષામાં લખાયેલી આ સ્તુતિ ભાવિક શ્રદ્ધાળુઓની આસ્થાને નવી ઊર્જા પૂરી પાડશે. કોઈપણ શ્રી યંત્ર માટે ગુજરાતી ભાષામાં લખાયેલી આ પ્રથમ સ્તુતિ છે. આદ્ય શકિત જેમાં વાસ કરે છે એવા શ્રી યંત્રની સ્તુતિથી શકિતપીઠ અંબાજી ખાતે શકિત, શ્રી યંત્ર અને સ્તુતિનો ત્રિવેણી સંગમ રચાયો છે. જે અંબાજી શકિતપીઠની આધ્યાત્મિક આસ્થાને સાંકળતી મજબૂત કડી બનશે.

જય ભોલે ગ્રુપ અમદાવાદના દીપેશભાઈ પટેલે આ પ્રસંગે કહ્યું કે, શ્રી યંત્રની ગૂઢ અને ગુપ્ત રહસ્મય શકિતને સાદી સરળ ગુજરાતી ભાષામાં સ્તુતિ સ્વરૂપે રચવાની પ્રેરણા મા અંબાએ આપી છે. મા અંબાની અનન્ય કૃપાદ્રષ્ટિ અને પ્રેરણાથી જ આ સ્તુતિ રચાઈ છે. આ સ્તુતિ મા અંબાના કરોડો માઇભકતોના કલ્યાર્થે રચવામાં આવી છે. જેનો લાભ અસંખ્ય માઇભકતોને મળશે. શ્રી વિદ્યામાં જણાવ્યા અનુસાર આધશકિતને અષ્ટગંધનું અત્તર અતિ પ્રિય છે, તેનાથી માતાજી પ્રસન્ન રહે છે. અષ્ટગંધમાં ચંદન, અગર, કપૂર, તમાલ, જલ, કુમકુમ, ઉશિર અને કુઠ નામની સુગંધનો સમાવેશ થાય છે. માતાજી પ્રસન્ન રહે અને જગદંબાના આશીર્વાદ તમામ માઇભકતોને પ્રાપ્ત થાય એવા શુભ આશયથી અત્તર અર્પણ કર્યું છે.

# સરપુરા ગામે છેલ્લા ૬ માસથી તલાટીની અનિયમીતતાથી પરેશાન સરપંચે ટીડીઓને ઉગ્ર રજૂઆત કરી



નિતીન ઠાકર | ચાણસ્મા

ચાણસ્મા તાલુકા ના સરદારપુરા ગામે તલાટી ની અનિયમિતતા ના કારણે અરજદારો હેરાન થઈ ઉઠ્યા હતા. જ્યારે ગામ ના વિકાશ ના કામો ઉપર પણ બ્રેક લાગી જવા પામી હતી. જેના કારણે પરેશાન થઈ ઉઠેલા સરપંચ મોતીભાઈ દેસાઇ તાલુકા પંચાયત ખાતે આવી તાલુકા વિકાશ અધિકારી ને રૂબરૂ મળી સરદારપુરા ગામે છેલ્લા છ માસ થી હાલના તલાટી અનિયમીત હોવા થી કાયમી ધોરણે તલાટી મુકવા ઉગ્ર માંગ કરતી રજૂઆત કરતાં તાલુકા વિકાશ અધિકારી એ સરપંચ ની તલાટી ની અનિયમિતતા ની રજૂઆત ને સાંભળી યોગ્ય ઉકેલ લાવવા હૈયાધારણ આપતાં ઢાળનું પાણી ઢાળે ઉતરી ગયું હતું.

### સરપંચ શું કહે છે ?

સરદારપુરા ગામે તલાટી ની અનિયમીતતા અંગે સરપંચ મોતીભાઈ દેસાઇ એ જણાવ્યું હતું કે અમારા ગામના તલાટી નાયક છેલ્લા છ માસથી અનિયમીત છે જેના કારણે ગામના વિકાશ ના કામો અટવાઈ પડ્યા છે અરજદારો ને જરૂરીયાતના વિવિધ દાખલા ઓ માં સહી સિકકા ન થઈ શકતા હોવાથી અરજદારો હેરાન થઈ ઉઠયા છે. જેના કારણે તાલુકા વિકાશ અધિકારી ને ના છૂટકે સરદાર પૂરા ગામે કાયમી તલાટી મુકવા રજૂઆત કરાઈ હોવાનું જણાવ્યું હતું.

### તા.વિ.અ શું કહે છે ?

તાલુકા વિકાશ અધિકારી બેલાબેન પટેલે જણાવ્યું હતું કે સરદારપુરા ના સરપંચ તેમના ગામના તલાટી અનિયમીત હોવાની રજૂઆત લઈ ને આવ્યા હતા હાલ સોજિત્રા તલાટી ને ચાર્જ આપ્યો હોવાનું જણાવ્યું હતું.

# સાગબારા બીરસા મુન્ડા ચોક પાસે ગણપતિ વિસર્જનનો વરઘોડો જોવા ગયેલ દીકરીને પિયરિયાંએ ઢોર માર માર્યો

ભરત શાહ | રાજપીપળા

નર્મદા જિલ્લા ના સાગબારા ના બીરસા મુન્ડા ચોક પાસે ગણપતિ વિસર્જન નો વરઘોડો જોવા ગયેલ દીકરી ને પિયરિયાં એ માર મારતા દીકરી એ ફરિયાદ કરી છે.

મળતી માહિતી અનુસાર લક્ષ્મીબેન હરેશભાઇ દિલીપભાઇ તડવી, રહે. સેલંબા ખોચરપાડા રોડ તડવી ફળીયુ, તા.સાગબારા, જીલ્લો નર્મદા નાઓ એ આપેલી ફરિયાદ મુજબ તેઓ સેલંબા બીરસા મુન્ડા ચોક પાસે ગણપતિ વિસર્જન વરઘોડો જોવા માટે ગયેલ તે વખતે તેમના માતા કવિતાબેન કરમસીંગભાઇ તડવી નાઓ કહેવા લાગેલ કે અમારા વિરુધ્ધમા જઇ કોર્ટમા કેમ લગ્ન કરી લીધા હોવાથી અમારી સમાજમા બદનામી થાય છે તેવુ કહેતા લક્ષ્મી બેન એ જણાવેલ કે મારે હરેશ સાથે પ્રેમ સબંધ હતો અને અમો બન્ને સાથે જીવન જીવવા માંગતા હતા પરંતુ તમે મને હરેશ સાથે લગ્ન નહી કરી આપો તેવુ લાગતા મે મારી મરજીથી હરેશ સાથે કોર્ટ મેરેજ કરી લીધા છે તેમ કહેતા માતા કવિતાબેન એકદમ ઉશ્કેરાઇ જઇ ગમે તેવી ગાળો બોલી તેમના માથાના વાળ પકડી ઝપાઝપી કરી માથામા તેમજ છાતીના ભાગે ઢીકો મારી તથા ગુડ્ડીબેન અજયભાઇ વસાવા (૩) આરતીબેન કરમસીંગભાઇ તડવી, રહે. સેલંબા તડવી ફળીયુ ખોચરપાડા રોડ તથા (૪) અવિનાશભાઇ વિનોદભાઇ તડવી રહે.ચીનોદા તા.તલોદા,જીલ્લો નંદુરબાર (મહારાષ્ટ્ર) નજીકમાંથી દોડી આવી તેમની સાથે ઝપાઝપી કરી .માથામા તથા છાતીના ભાગે હાથથી ઢીકો મારી ગેબી ઈજા પહોચાડી જાનથી મારી નાખવાની ધમકી આપી હોય સાગબારા પોલીસે ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી કરી છે.

# રાજપીપળામાં વાજતે ગાજતે દુંદાળા દેવ ગણપતિજીનું વિસર્જન



ભરત શાહ | રાજપીપળા

રાજપીપળા સહીત સમગ્ર નર્મદા જિલ્લા માં દુંદાળા દેવ ગણપતિ નું વાજતે ગાજતે વિસર્જન બપોરે ત્રણ વાગ્યા થી રાજપીપળા ના યુવાનો એ શાંતિપૂર્ણ રીતે બાપા નું વિસર્જન કર્યું ત્યારબાદ એક પછી એક નાના મોટા ગણપતિ ના વરઘોડા શહેર ના રાજમાર્ગો પર ફર્યા જેને જોવા અને દર્શન કરવા ભાવિક ભક્તો મોટી સંખ્યા માં માર્ગો પર એકઠા થયા હતા ત્યારે ચુસ્ત પોલીસ બંદોબસ્ત સાથે શાંતિ પૂર્વક રીતે અનેક ગણપતિ ની પ્રતિમાઓ નું વિસર્જન થયું હતું જેમાં રાજપીપળા નગરપાલિકાની ફાયર ટીમના કર્મચારીઓ એ કરજણ નદી કિનારે પ્રતિમા પધરાવવા ખડે પગે સેવા આપી હતી.

# ચાણસ્મા તાલુકાના કેશણી ગામે સેવા સેતુ કાર્યક્રમ યોજાયો



નિતીન ઠાકર | ચાણસ્મા

ચાણસ્મા તાલુકા ના કેશણી ગામે સેવા સેતુ કાર્યક્રમ નો કાર્યક્રમ યોજાયો હતો જેમાં ૨૦ ગામો ના અરજદારોએ આધાર કાર્ડ પાનકાર્ડ આયુષ્યમાન કાર્ડ જેવી સેવાઓ નો લાભ લીધો હતો જ્યારે મામલતદાર કચેરી ના વિવિધ વિભાગો ના અધિકારી ઓ જન સુવિધા કેન્દ્ર ના કર્મચારી ઓ ઉપસ્થિત રહી સેવા સેતુ કાર્યક્રમ માં આવેલા અરજદારો ને પાનકાર્ડ આધાર કાર્ડ રેશનીંગ કાર્ડ કાઢી આપ્યા હતા કેશણી ગામે યોજાયેલા સેવા સેતુ કાર્યક્રમ નું સંકલન તાલુકા વિકાશ અધિકારી બેલા પટેલ ના મામલતદારો દ્વારા કરાયું હતું સરપંચ મધ્યાહન ભોજન સંચાલક કૌશિકભાઈ વ્યાસ શાળા પરિવાર દ્વારા સેવા સેતુ કાર્યક્રમ માં સહયોગી થયા હતા.

## NEWS TRACK

# સીસોદ્રા ગામે ચપ્પુ કાંઢી 'આજે તને પુરો કરી દઇશ" તેમ કહી પેટમાં ચપ્પુનો ઘા મારી ચપ્પુ છાતીમાં ફસાવી દીધું



ભરત શાહ | રાજપીપળા

નાંદોદ તાલુકામાં આવેલાં સીસોદ્રા ગામના ભાવેશભાઇ જયરામભાઇ વસાવા ઉ.વ.૨૨ આપેલી ફરિયાદ મુજબ તારીખ ૧૫/૦૯/ ૨૦૨૪ ના રોજ સાંજના સમયે બનેલી ઘટનામાં જયેશ ભાઇ રાજેશભાઇ વસાવા રહે. સીસોદ્રાએ મેહુલભાઇ શાંતીલાલ વસાવા રહે.સીસોદ્રા સાથે બોલાચાલી ઝઘડો કરતા હોય જેથી ફરિયાદ કરનાર ભાવેશભાઈ જયરામ ભાઈ વસાવા ઉ.વ.૨૨ રહે.સિસોદ્રા એ ઝઘડો નહી કરવા સમજાવવા જતા જયેશ વસાવા, ભાવેશ વસાવા ઉપર એકદમ ઉશ્કેરાઇ જઇ બોલાચાલી ઝઘડો કરી ગંદી ગાળો આપી ફેટ પકડી ભાવેશભાઈ ને કહેલ કે, આજે તો તને જીવતો નહી છોડુ તેમ કહી પોતાના ખીસ્સામાંથી ચપ્પુ કાંઢી 'આજે તને પુરો કરી દઈશ' તેમ કહી ભાવેશભાઈ ને પેટમાં ચપ્પુનો ઘા મારી ચપ્પુ છાતીમાં ફસાવી દઇ ઈજા પહોંચાડી હોય આમલેથા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# નાંદોદના ખાખરીપરા ગામનો ગુમ થયેલા યુવાનનો કૂવામાંથી મૃતદેહ મળ્યો



ભરત શાહ | રાજપીપળા

નર્મદા જિલ્લાના નાંદોદ તાલુકાના ખાખરીપરા ગામનો યુવાન ગુમ થયા બાદ બીજા દિવસે ગામના એક કૂવામાંથી તેનો મૃતદેહ મળતા પોલીસે તપાસ હાથ ધરી છે. પ્રાપ્ત માહિતી અનુસાર નરેશભાઇ વસાવાએ આપેલી ફરિયાદ મુજબ તેમનો ભત્રીજો મરનાર ભાવીનભાઇ હીમ્મતભાઇ વસાવા ઉ.વ.૨૩ ગુમ થયાના ચારેક દિવસ અગાઉ સુનમુન બેસી રહેતો હોય ગત તા.૧૪/૦૯/૨૦૨૪ ના રોજ રાત્રીના અગીયારેક વાગેના અરસામાં ગણપતીની આરતીમાંથી ઘરે પરત આવી સુઇ ગયેલ અને તા.૧૫/૦૯/૨૦૨૪ ના રોજ સવારના સાડા પાંચેક વાગેના સમય દરમ્યાન કોઇને પણ કંઇ કહ્યા વિના ઘરેથી ચાલ્યા ગયો હતો. તા.૧૬ના રોજ શોધખોળ કરતા સવારના અરસામાં ખાખરીપરા ગામના નિરંજનભાઇ વસાવાના કુવામાંથી તેનો મૃતદેહ મળી હતો, તેણે કોઇ અગમ્ય કારણસર કુવામાં કૂદીને આત્મહત્યા કરી લીધી છે.

# અંબાજી ખાતે વિખુટા, ખોવાયેલા પદયાત્રીઓનું સરનામું એટલે કંટ્રોલ રૂમ



માહિતી બ્યુરો | પાલનપુર

યાત્રાધામ અંબાજીમાં ભાદરવી પૂનમના મહામેળા પ્રસંગે ભક્તોના જાણે ઘોડાપૂર ઉમટ્યાં છે. અંબાજીના રસ્તાઓ ઉપર ભરચક માનવપ્રવાહ ભક્તિભાવથી અંબાજી તરફ ઉત્સાહભેર આગળ વધી રહ્યો છે, ત્યારે અનેક લોકો પોતાના સગા સંબંધીઓથી વિખુટા પડી જતાં હોય છે. આવા સમયે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા બનાવવામાં આવેલ મુખ્ય કંટ્રોલ રૂમ પદયાત્રીઓ માટે આશીર્વાદરૂપ બન્યો છે. ખોડીવલી સ્થિત મુખ્ય કંટ્રોલ રૂમ થકી સમગ્ર અંબાજી પરિસરમાં સૂચના સત્વરે મોકલી શકાય છે, જેથી મેળા દરમિયાન વિખૂટા પડેલા કે ખોવાયેલ વ્યક્તિઓ માટે મુખ્ય કંટ્રોલ રૂમ મહત્વનો સાબિત થયો છે.

# PM મોદીના જન્મદિન નિમિત્તે મનસુખ વસાવાએ ગોરા મંદિર ખાતે પૂંજા કરી



ભરત શાહ | રાજપીપળા

PM મોદીના જન્મદિન નિમિત્તે નર્મદા જિલ્લાના ગોરા ગામ ખાતે આવેલ શ્રી શૂલપાણેશ્વર મહાદેવના મંદિર ખાતે મંદિરના પૂજારી દ્વારા વિધિવત રીતે મંત્રોચ્ચાર સાથે સાંસદ મનસુખભાઈ વસાવા અને અન્ય કાર્યકરો એ પૂજા અર્ચના કરી. રાષ્ટ્રના અભૂતપૂર્વ વિકાસ માટે રાત-દિવસ એક કરીને સતત ભાગદોડ કરતાં સેવાભાવી પ્રધાનમંત્રી દીર્ઘાયુ થાય, સ્વસ્થ, તંદુરસ્ત, નિરોગી રહે તેવી ભોળાનાથને પ્રાર્થના કરી હતી.

# ડાંગ જિલ્લાનાં ડોન હિલ સ્ટેશનનાં માર્ગ પર કાર ચાલકને અકસ્માત નડ્યો



સુશીલ પવાર | ડાંગ

ડાંગ જિલ્લાનાં સરહદીય વિસ્તારમાં આવેલ ડોન હિલ સ્ટેશન પર કેટલાક પ્રવાસીઓ ફોર વ્હીલ રજી. નં.GJ -21-BC-9692 માં સવાર થઈને ઘાટ ચઢી રહ્યા હતા.ત્યારે ફોર વ્હીલ ચાલકે પોતાના કબજાની કાર પરથી કાબૂ ગુમાવતા કાર પલટી મારી ગઈ હતી.અને અકસ્માત સર્જાયો હતો. અહી સ્થળ પર ધડાકાભેર અકસ્માત સર્જાતા આસપાસના લોકો દોડી આવ્યા હતા અને ફોર વ્હીલમાં ફસાયેલ પ્રવાસીઓ ને બહાર કાઢી તેમને તત્કાલિક 108 એમ્બ્યુલન્સ મારફતે આહવા સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યાં હતા.જોકે સદ નસીબે કોઈ મોટી જાન હાની થયેલ નથી પરંતુ કારને ભારે નુકશાન થવા પામેલ હોવાની વિગતો સાંપડી છે.

# ઓફિસમાં ખુરશી પર બેસીને કરો આ કસરતો

## તમે ફીટ એન્ડ ફાઈન રહેશો



આજકાલ લોકો કલાકો સુધી ખુરશી પર એક જ જગ્યાએ બેસીને કામ કરતા રહે છે. જેનાથી બોડી પોસ્ચર,આંખ અને મેન્ટલ હેલ્થ પર ખરાબ અસર પડી શકે છે. તમે જ્યારે ઓફિસમાં ખુરશી પર બેસીને આ કસરત કરી શકો છો. જેનાથી તમને ખુબ રાહત થશે. શરીરને ફીટ અને હેલ્ધી રાખવા માટે એક્ટિવ રહેવું ખુબ જરુરી છે પરંતુ આજકાલ મોટાભાગના લોકો ડેસ્ક જોબ કરે છે. જેમાં તે 8 થી 9 કલાક એક જ જગ્યા પર બેસીને કામ કરે છે. તેમને થોડી વાર આરામ કરવાનો પણ સમય મળતો નથી. પરંતુ આનાથી વ્યક્તિના સ્વાસ્થ્ય પર ખરાબ અસર પડે છે. જેના કારણે અનેક સ્વાસ્થ સમસ્યાઓ પણ થઈ શકે છે. કલાકો સુધી એક જ જગ્યા પર બેસીને કામ કરવાથી વ્યક્તિનું બોડી પોસ્ચર પર ખુબ અસર પડે છે. કલાકો સુધી લેપટોપ કે કોમ્પુટર પર કામ કરવાથી ખભો અને કમર સહિત અનેક સ્વાસ્થ સમસ્યાઓ થાય છે. ઓફિસમાં બેસીને થોડો સમય કાઢી તમે ડેસ્ક પર કેટલીક કસરત કરી શકો છો. જેનાથી તમારું શરીર એક્ટિવ રહેશે સાથે ડોક અને કમરના દુખાવા જેવી સમસ્યાઓમાંથી પણ રાહત મળશે.

### નેક રોટેશન



કલાકો સુધી એક જ જગ્યા પર લેપટોપ પર કામ કરવાથી ગરદનમાં દુખાવો થઈ શકે છે. તેનાથી બચવા માટે નેક રોટેશન કસરત કરી શકો છો. જેના માટે સૌથી પહેલા ખુરશી પર આરામથી બેસો અને તમારા માથાને આગળને તરફ નમાવો 10 સેકન્ડ સુધી આ સ્થિતિમાં રહો. આ પછી માથું ડાબી બાજુ અને જમણી બાજુ ફેરવો. આવું 4 થી 5 વખત કરો.

### આંખની કસરત



કલાકો સુધી સ્ક્રીન પર કામ કરવાથી આંખો પર અસર પડે છે. એટલા માટે થોડો સમય કાઢી 20-20-20 કસરત કરો, જેમાં 20 મિનિટ માટે આંખોને સ્ક્રીનથી દુર રાખો. 20 મિનિટમાં 10સેકન્ડ માટે 20 ફીટ દુર કોઈ વસ્તુ પર ધ્યાન કેન્દ્રિત કરો.

### શોલ્ડર કસરત



કસરત કરવા માટે ખુરશી પર સીધા બેસો, તમારી ગરદન, કમર, ખભો સીધા રાખો. ત્યારબાદ જેટલું બને તેટલું ખંભાને ઉપરની તરફ ખેંચો. તમારા કાનને ટચ કરવાનો પ્રયત્ન કરો. 10 સેકન્ડમાં નોર્મલ પોઝીશનમાં આવો. ખભાને ઉપર-નીચે આવે તે રીતે કસરત કરો.

### બ્રીથિંગ કસરત

કામમાંથી થોડો સમય બ્રક લો, તમારી આંખો બંધ કરી લાંબો શ્વાસ લો. આ કસરત કરવાથી હેલ્થને યોગ્ય કરવામાં મદદ મળે છે.

## PCOS જાગૃત્તિ માસ

# PCOSનું કુદરતી રીતે સંચાલન કરવાના સુચનો

શીલા ક્રિશ્નાસ્વામી દ્વારા, ન્યુટ્રીશન અને વેલનેસ કન્લસ્ટન્ટ

PCOS જાગૃત્તિ માસની પોલીસિસ્ટીક ઓવરી સિંડ્રોમ (PCOS) વિશે સતર્કતા વધારવા અને જાહેર જનતાને શિક્ષીત કરવા માટે ઉજવણી કરવામાં આવે છે, આ એવી સ્થિતિ છે જે ભારતમાં અનેક મહિલાઓને અસર કરે છે. અનિયમિત માસિક દ્વારા પુરુષ હોર્મોન્સના ઊંચા સ્તરો અને ગર્ભાશયની ગાંઠ દ્વારા વર્ગીકૃત્ત, PCOS વજનમાં વધારો, વાળની વધુ પડતી વૃદ્ધિ અને ફળદ્રુપતા સમસ્યામાં પરિણમી છે. આ લક્ષણોનું સંચાલન કરવા માટે અનુભવી ન્યુટ્રીશનીશટ અને વેલનેસ કન્સલ્ટન્ટ શીલા ક્રિશ્નાસ્વામી એક વ્યવહારુ સલાહ આપે છે જે કુદરતી ખોરાક જેમ કે બદામ, પાંદડાવાળ લીલા શાક અને આખા અનાજ સહિતના સુ-સંતુલીત અને ચોખ્ખા ખોરાકની અગત્યતા પર ભાર મુકે છે, જે આવશ્યક પોષણો પૂરા પાડે છે અને શરીરની એકંદરે કાર્યરતતા અને સુખાકારીમાં વધારો કરે છે.



અગ્રિમ સંતુલીત ભોજન: PCOSનું સંચાલન કરવા માટેનું એક સૌથી મહત્વપૂર્ણ પગલું ફળો, શાકભાજી, પાંદડાવાળા લીલાં, આખા અનાજ, કઠોળ, દાળ અને બદામ જેવાં બદામ જેવા પોષક તત્ત્વોથી ભરપૂર સંતુલિત આહાર જાળવવાનું છે. બદામ તેમની તંદુરસ્ત ચરબી, પ્રોટીન અને ફાઈબરને કારણે ફાયદાકારક છે, જે સંતૃપ્તિને પ્રોત્સાહન આપે છે અને વજન વ્યવસ્થાપનમાં મદદ કરે છે. વધુમાં, બદામ મેગ્નેશિયમ પ્રદાન કરે છે, એક પોષક તત્વ જે બ્લડ સુગરના નિયંત્રણમાં ભૂમિકા ભજવે છે. હકીકતમાં, ઈન્ડિયન કાઉન્સિલ ઑફ મેડિકલ રિસર્ચ, નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ન્યુટ્રિશન (ICMR-NIN)ની ભારતીયો માટે આહાર માર્ગદર્શિકા પણ બદામ જેવા પૌષ્ટિક સૂકામેવાને માન્યતા આપે છે જે સારા સ્વાસ્થ્ય માટે દરરોજ ખાઈ શકાય છે.

ઓછા ગ્લાયકેમિક ઈન્ડેક્સ ખોરાક પર ધ્યાન કેન્દ્રિત કરો: PCOSના સંચાલન માટે ઓછા ગ્લાયકેમિક ઈન્ડેક્સ ખોરાક, જેમ કે કઠોળ, આખા અનાજ, બીજ અને બદામ જેવા ખોરાકની પસંદગી કરવી જરૂરી છે. બદામ, કાર્બોહાઈડ્રેટ-સમૃદ્ધ ખોરાક ખાવામાં આવે ત્યારે બ્લડ સુગરની અસરને ઘટાડવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે, આ સમયે ઉપવાસના ઈન્સ્યુલિનના સ્તરને નિયંત્રિત કરવામાં મદદ કરે છે. વાસ્તવમાં, તમારા રોજિંદા આહારમાં મુઠ્ઠીભર બદામનો સમાવેશ કરવાથી માત્ર બ્લડ સુગરને નિયંત્રિત કરવામાં મદદ મળે છે પરંતુ વજન વ્યવસ્થાપનમાં પણ મદદ મળે છે અને LDL કોલેસ્ટ્રોલ ઘટાડે છે, જે તમામ PCOS લક્ષણોને દૂર કરવામાં અને એકંદર આરોગ્યને સુધારવામાં મદદ કરી શકે છે.

નિયમિત શારીરિક પ્રવૃત્તિ: PCOSના સંચાલન માટે તમારી દિનચર્યામાં નિયમિત કસરતને એકીકૃત કરવી મહત્વપૂર્ણ છે. ઝડપી ચાલવું, તરવું, રમતગમત અથવા યોગા જેવી પ્રવૃત્તિઓમાં જોડાવું વજનને નિયંત્રિત કરવામાં અને ઈન્સ્યુલિનની સંવેદનશીલતાને વધારવામાં મદદ કરી શકે છે, જે બંને PCOS લક્ષણોને અસરકારક રીતે સંચાલિત કરવા માટે મહત્વપૂર્ણ છે.

હાઈડ્રેટેડ રહો: એકંદર આરોગ્ય જાળવવા માટે પુષ્કળ પાણી પીવું જરૂરી છે. યોગ્ય હાઈડ્રેશન ચયાપચય અને પાચન સહિત વિવિધ શારીરિક કાર્યોને ટેકો આપે છે. તમારા શરીરને હાઈડ્રેટેડ રહેવામાં મદદ કરવા માટે દરરોજ ઓછામાં ઓછા 6 થી 8 ગ્લાસ પાણી પીવાનું લક્ષ્ય રાખો, જે સામાન્ય રીતે PCOS સાથે સંકળાયેલા પેટનું ફૂલવું અને થાક જેવા લક્ષણોને દૂર કરી શકે છે.

તણાવ સંચાલન: PCOSને જાળવવામાં તણાવનું સંચાલન કરવું અગત્યનુ છે, કેમ કે તણાવનું ઊંચુ સ્તર ક્ષુબ્ધતાના સ્તરમાં વધારો કરી શકે છે. તમારા રોજિંદા જીવનમાં તણાવ ઓછો કરતી તરકીબોનો સમાવેશ કરો, જેમ કે મેડીડેશન, ઊંડા શ્વાસની કસરતથી તણાવના સ્તરને નિયંત્રિત રાખવામાં મદદ મળે છે અને તે એકંદરે સુખાકારીને ટેકો આપી શકે છે.

PCOSનું સંચાલન કરવામાં અને તમને ચોક્કસ માર્ગદર્શન આપવા માટે હેલ્થકેર વ્યાવસાયિક (એન્ડોક્રિનોલોજિસ્ટ અથવા ગાયનેકોલોજિસ્ટ)ની મદદ લો. એક ક્વોલિફાઈડ આહાર નિષ્ણાત તમારી દૈનિક આહાર યોજનામાં તમને મદદ કરી શકશે.

# પિતૃ પક્ષ વિશેષ: મૃતક પરિવારના સભ્યોના ફોટા અમુક જગ્યાએ ન લગાવવા જોઈએ




પરિવારના સભ્યના મૃત્યુ પછી તે માતા-પિતા બને છે. તે પછી પિતા માત્ર યાદોમાં જ રહે છે. તેની તસ્વીર ઘરમાં રાખી પૂજા કરવામાં આવે છે. ખાસ કરીને જ્યારે પિતૃ પક્ષ ચાલી રહ્યો હોય. તે સમયે તે પોતાના પિતાની તસ્વીરને પૂજા સ્થાન પર લગાવે છે અને તેમની પૂજા કરે છે. પરંતુ મૃતક પરિવારના સભ્યનો ફોટો ઘરમાં લગાવીને તેની પૂજા કરવી કેટલું યોગ્ય છે? જાણીએ પ્રખ્યાત જ્યોતિષ અને આર્કિટેક્ટ આદિત્ય ઝા પાસેથી જ્યોતિષશાસ્ત્રના નિયમો શું કહે છે.

ઘણા લોકો પિતૃપક્ષ દરમિયાન પૂજા સ્થળ અથવા રૂમમાં તેમના મૃત પરિવારના સભ્યનો ફોટો રાખીને પૂજા કરે છે. આ લગભગ ચોક્કસપણે ખોટું છે. ઘરમાં પૂર્વજોના ચિત્રો રાખવા જોઈએ, તેનાથી સુખ-સમૃદ્ધિ વધે છે. તેમના આશીર્વાદથી વંશ વધે છે પરંતુ વાસ્તુશાસ્ત્રમાં કેટલીક એવી જગ્યાઓ છે જ્યાં ભૂલથી પણ પૂર્વજોની તસવીર ન રાખવી જોઈએ.

આ સ્થાન પર મૃત પરિવારના સભ્યનો ફોટો પોસ્ટ કરશો નહીં

વાસ્તુશાસ્ત્ર અનુસાર ઘરમાં બે જગ્યાએ મૃતક પરિવારના સભ્યની તસવીર લગાવીને પૂજા ન કરવી જોઈએ. એક પૂજા સ્થાનમાં અને બીજું તમારા રૂમ અથવા લિવિંગ રૂમમાં. આ સિવાય તમે જે રૂમમાં સૂતા હોવ ત્યાં પરિવારના કોઈપણ મૃતકની તસવીર ન લગાવવી જોઈએ.

આ સ્થાન પર મૃત પરિવારના સભ્યનો ફોટો મૂકો

ઘરમાં પૂર્વજોની તસવીરો લટકાવવાનું સારું માનવામાં આવે છે. આનાથી પૂર્વજો પ્રસન્ન થાય છે. અને જો પૂર્વજો પ્રસન્ન હોય તો ઘરમાં ક્યારેય કોઈ મુશ્કેલી, આર્થિક સંકટ કે પારિવારિક વિખવાદ નહીં આવે. જ્યારે પણ ઘરની દક્ષિણ દિશામાં અને લિવિંગ રૂમમાં એટલે કે હોલમાં પૂર્વજનું ચિત્ર લગાવવામાં આવે છે, તો તે શુભ અસર આપે છે.

## ભાદરવી પૂનમમાં પગપાળા આંભાજી યાત્રાનો મહિમા યુગોથી ચાલે છે...

# આસ્થા અને શ્રધ્ધા વગર કશુંય શક્ય નથી





પગપાળા તીર્થ યાત્રા

- રુપાલી દવે

ભાદરવી પૂનમ માં પગપાળા આંભાજી યાત્રાનો મહિમા યુગો થી છે.દર વર્ષે મોટા મોટા સંઘ પદયાત્રા નુ આયોજન કરતા હોય છે. પ્રાચીન સમયમાં વાહન કે હોટેલની સગવડતા નહતી.ત્યારે રસ્તા ની સાઈડ પર ભન્ડારા નું આયોજન પણ નહતું થતું.લોકો ગાડા માં જીવન જરૂરિયાત નો બધો જ ચાર પાંચ દિવસ નો સામાન ભરી ને અંબાજી ની પગપાળા યાત્રા એ નીકળી પડતા હતા..એ સમયે વર્તમાન સમયમાં રસ્તા પર ભોજન થી લઈને થાક ઉતારવા વગેરે જેવી વ્યવસ્થા નહતી. માતાજી નું સ્મરણ અને ભક્તિ માં ડૂબી ને આનંદ ઉત્સાહ માં ચાલતા હતા રસ્તામાં આવતા જંગલો માંથી પસાર થતી વખતે ઘેઘૂર ઘટાદાર વૃક્ષ ની નજીક પડાવ નાખી ને આરામ કરતા હતા. ત્યાજ ભોજન ની પણ વ્યવસ્થા થતી હતી. મોટાભાગે યાત્રા માં યાત્રાળુ ઓ ઘઉં ના કરકરા લોટ અને ગોળ થી બનતું ભૂસુ અને છાશ માં નમક નાખી ને એમાં સેકેલો બાજરા, મકાઈ, જવ, જુવારનો લોટ વગેરે ને ગરમ પાણી નાખી ને બનતી ગરમા ગરમ ઘેસમાં ઘી નાખી ભોજન કરતાં હતાં. છે.આ પ્રકાર નું હળવું પૌષ્ટિક ભોજન યાત્રા માં લેવાથી ચાલવા માં કંટાળો કે થાક લાગતો નથી. અનાજના કકરા લોટ અને છાશ,નમક,ઘી થી બનતી ઘેશ એ સ્વાસ્થ્ય વર્ધક અને પોષક તત્વો થી ભરપુર હોય છે.આ જ કારણોસર સતત ત્રણ ચાર મહિના ચાલતી પગપાળા યાત્રામાં પણ લોકોને થાક નો અહેસાસ થતો નહતો.

સમય પ્રાચીન કે અર્વાચીન,મોર્ડન કે અતિ મોર્ડન મા પગપાળા યાત્રા ની રીતભાત બદલાઈ નથી.યાત્રા ભલે પછી ગુજરાત થી યુપી, ગુજરાત થી કૈલાસ માન સરોવરની,ગુજરાત થી દક્ષિણ ભારત,ગુજરાત થી પશ્ચિમ ભારત વગેરે ની લાંબા અંતરની કેમ ના હોય છતાંય માણસ પગપાળા યાત્રા ખુશી ખુશી પૂરી સફળતા થી પૂરી કરે છે.ભગવાન પરના વિશ્વાસ, અતૂટ આસ્થા અને શ્રધ્ધા ના લીધે ભક્તિ રસ માં મય બની લોકો લાંબા માં લાંબી પગપાળા યાત્રાઓ સહેલાઇ થી કરી લેતા હોય છે.

પંગુમ્ લંઘયતે ગિરિમ્

આસ્થા અને શ્રધ્ધા વગર કશુંય શક્ય નથી મહારાષ્ટ્ર મા આવેલ ગણગાપુર નામના ગામ માં શ્રી પાદ શ્રી વલ્લભ સાક્ષાત ગુરુ દત્તાત્રેય ના સ્વરૂપ હતા. એ ગામ માં એક વણકર ને ગુરુદેવ પર અતૂટ શ્રધ્ધા અને વિશ્વાસ હતો એના માટે ગુરુ વચન અમૃત અને ગુરુ વાક્ય સોના જેટલું સત્ય.ગામ ના શ્રેષ્ઠી એ ભેગા થઈને શ્રી મલ્લિકા અર્જુન ના શ્રી શૈલમ ના દર્શન એ પગપાળા સંઘ કાઢવા નું નક્કી કર્યું. ગામ ના બધા સંઘ સાથે જોડાઈ ને પગ પાળા શ્રી શૈલમ જવા ગાડા માં બધો સમાન ભરી ને જવા નીકળી ગયા.આખા ગામ માં માત્ર ગુરુદેવ,વણકર અને અમુક નવજાત શિશુ ને જન્મ આપનાર માતાઓ અને એની દેખભાળ માટે પરિવાર ના એકદ બે સદસ્યો કુલ મળી ને પચીસ ત્રીસ લોકો ગામમાં હતા. વણકર કુંવારો ને આગળ પાછલ કઈ નહતું છતાંય એ પગપાળા યાત્રા સંઘ માં જોડાયો નહિ.

સાંજે એ ગુરુદેવ ના આશ્રમ મા નિયમ મુજબ વણકર આશ્રમ નિયમિત આવતો હતો પરંતુ એ જ્યારે અવતો હતો ત્યારે ગુરુદેવ નિત્ય નિયમ સેવાપૂજા વ્યસ્ત રહેતા હતા એટલે ગુરુદેવની નજર વણકર પર ગામ વાળા ના યાત્રા એ રવાના થયા એના મહિનાઓ બાદ પડી. એક દિવસ અચાનક ગુરુદેવ ની નજર વણકર પર પડતાં પૂછ્યું કે આખું ગામ યાત્રા એ ગયુ છે તુ કેમ ના ગયો? વણકર એ ગુરુ ના ચરણો મા નમસ્કાર કરતા કહ્યું કે મારા ગુરુદેવ ના ચરણો મારા તીર્થ ધામ અને શ્રી શૈલમ છે. ગુરુદેવ કૃપા કરો કે મારી અતૂટ શ્રધ્ધા અને આસ્થા આપના માં રહે.ગુરુદેવ શ્રી પાદ શ્રી વલ્લભ એ વણકર ની શ્રદ્ધા વિશ્વાસ જોતાજ કીધું કે હું તને મલ્લિકા અર્જુન શ્રી શૈલમ ની યાત્રા કરાવીશ.તારી બન્ને આંખ બંધ કરીને મારા ચરણોને મજબૂતી થી પકડી રાખજે. એટલું ધ્યાન રાખજે. જો તારી આંખ ખુલી તો યાત્રા અધૂરી રહશે.

શિષ્ય એ ગુરુદેવ ના પગ મજબૂતી થી એવા પકડી રાખ્યા કે ગુરુ કૃપા ના લીધે શ્રી શૈલમ ની યાત્રા એ ગામ વાળા પહેલા પોહચી ગયો. ગામવાળા એ એને ત્યાં જોયો ત્યારે પૂછ્યું કે તું તો સંઘ સાથે આવ્યો નહતો છતાંય આટલું ઝડપી કેવી રીતે પોહચિયો? વણકર એ ગામ વાળા ને કેટલુંય સમજાવ્યું કે એ ગુરુ કૃપા થી શ્રી શૈલ મ નાં દર્શન એ આવ્યો છે છતાંય લોકો માનવા તૈયાર નહતા. ઈશ્વર કે ગુરુ પ્રત્યે ની આસ્થા અને શ્રધ્ધા શિષ્ય ને સફળતા ના શિખરો પાર કરાવે છે. ભાદરવી પૂનમ માં આંબાજી ની પગ પાળા યાત્રા નો નજારો અદભૂત હોય છે.પગપાળા યાત્રાળુઓ માટે ની ઉતમ થી ઉતમ વ્યવસ્થાઓ સેવાકિય સંસ્થા અને કાર્યકરો દ્વારા થતી હોય છે. "બોલ મારી અંબે જય જગદમ્બા ના નાદ માં" પૂનમ પહેલાના ચાર પાંચ દિવસ અગાઉ પગપાળા અંબાજી ની યાત્રા એ નીકળી જાય છે. દિવસો ના દિવસો ચાલવા છતાંય થાક નો અણસાર મોઢા પર વર્તતો નથી. માં જગદમ્બાની ધજા પકડી ને ભકતો ભક્તિ ના રંગે રંગાઈ ને પગપાળા યાત્રા સુખ શાંતિ અને સ્વસ્થ્ય માટે કરતા હોય છે. ગુજરાત માં અંબાજી ની પગપાળા યાત્રા ની જેમજ દીવાલો બાદ આવતી પૂનમ એટલે કાર્તિકેય પૂર્ણિમા સુધી માં ડાકોર પોહચી શકાય એટલે ચાર પાંચ દિવસ અગાઉ થી ડાકોર ની પદ યાત્રા ની શરૂઆત થઈ જતી હોય છે.

કરતા હતા શિયાળાની શરૂઆત માં ફૂલ ગુલાબી ઠંડી જેવા વાતાવરણ મા લોકો થાક્યા વગર ડાકોર પગ પાળા યાત્રા પૂરી કરી શકતા હોય છે.ધર્મ માણસ ના મન નો ખોરાક છે ને આત્મા એ ભગવાન નો અંશ છે.આ કારણોસર ભક્ત ને બને ત્યાં સુધી એના ભગવાન ની સમીપતા ગમે છે.પ્રત્યેક યાત્રાળુ ઘરે થી ભલે ખાસ હેતુ મનમાં રાખીને પગપાળા યાત્રા માટે નીકળતા હશે. પરંતુ જેવી યાત્રા પૂર્ણતા ને આરે આવે ને યાત્રા નો ધ્યેય પૂરો થતાંજ માતાજી ના દર્શન થાય છે ત્યારે મન નું ભુલાઈ ને "બોલ મારી માડી જય જય અંબે.." ધ્વનિ માં જ્યાં જુવો ત્યાં આનંદની અદભૂત ક્ષણો કેમેરા માં કેદ થવા થનગનતી દેખાશે.

ડાકોર માં "ડાકોર ના ઠાકોર તારા બંધ દરવાજા ખોલ..".. ગાતા ગાતા ભકતજનો ઠાકોરજી ની સમીપતા મેળવવા માટે ભીડભાડ કરતા હોય છે. વાસ્તવિકતા તો એ છે કે યાત્રા એ મનનો આનંદ અને તનની ખુશીઓ ની અતિરેક ઉમંગ સમજો.

દર વર્ષે મહારાષ્ટ્ર રાજ્ય માં વરિકરીઓ દેહુ, પંઢર પુર, અલંદી વગેરે ની ધાર્મિક યાત્રાઓ નીકળે છે. ખાસ અષાઢી એકાદશી,કાર્તિકિય એકાદશી,માઘી એકાદશી, ચૈત્રી એકાદશી જેવા પવિત્ર દિવસો મા વરિકરી નીકળતા હોય છે.રથ માં વીઠોબા ને પધરાવી ને પગપાળા ચાલતા લોકો હાથમાં મંજીરા પખવાજ ના નાદ માં "પંઢરી નીવસા સખા પાંડુ રંગા કરી અંગ સંગા"યે હો વીઠલા.., જય જય રુકમી કૃષ્ણ હરી.." વગેરે વગેરે ઢોલ મંજીરાં અને પખવાજ નાસંગીત ના સુર માં ઈશ્વરીએ આનંદ મેળવતા હોય છે.ભક્તિ રસ માં તન્મય બનેલા શ્રદ્ધાળુઓ માટે ભગવાનનું ધામ ગમે તેટલું દૂર કેમ ના હોય છતાંય નજીક ભાસે છે.આમ તો ભગવાનનું નામ સ્મરણ જ ભક્ત ને અત્યંત કઠિન રસ્તો સરળતા થી પાર કરાવી દેતા હોય છે.

શાસ્ત્ર અનુસાર પગપાળા તીર્થ યાત્રા થી મનુષ્ય ના જીવન ના અસંખ્ય પાપ નષ્ટ થાય છે ને એના કાર્ય ના આડે આવતા ગત જન્મો ના પાપો નો પણ અંત આવે છે. મનુષ્ય અથાગ પ્રયત્ન કરતો હોવા છતાંય નિષ્ફળ રહેતો હોય તીર્થ યાત્રા પગપાળા કરવાનો મનોમન નિશ્ચય કરી લેવાનો. નિશ્ચય માત્ર થી એના જીવન માં ધાર્યા કામ થવાની શરૂઆત થવા લાગશે. સ્નાન કરતા મંત્ર ને મંત્ર કરતા તીર્થ યાત્રા ને એ પણ પગપાળાનું ફળ વાજપાય યજ્ઞ જેટલું સમજો.

# હેમા માલિનીએ ધર્મેન્દ્ર સાથેના લગ્ન વિશે વાત કરી

## એવું કોઈ ઇચ્છતું નથી કે આવું થાય, પણ જે થાય તે સ્વીકારવું જ પડે



(એજન્સી) મુંબઇ | તા.17

દિગ્ગજ સ્ટાર ધર્મેન્દ્ર અને હેમા માલિનીની લવ સ્ટોરી હંમેશા ચર્ચામાં રહે છે. 1980માં ધર્મેન્દ્રએ હેમા સાથે બીજા લગ્ન કર્યા. હેમાએ એક ઈન્ટરવ્યુમાં ધર્મેન્દ્રની બીજી પત્ની બનવાની વાત કરી હતી.

મને કોઈ વાતનો અફસોસ નથી - હેમા 2023માં લહરેન રેટ્રોને આપેલા ઈન્ટરવ્યૂમાં હેમાએ લગ્ન વિશે કહ્યું હતું કે, કોઈ ઈચ્છતું નથી કે આવું થાય પરંતુ ક્યારેક આવી ઘટનાઓ બને છે. ગમે તે થાય, તમારે તેને સ્વીકારવું પડશે નહીં તો કોઈ પણ વ્યક્તિ આ રીતે પોતાનું જીવન જીવી શકશે નહીં. દરેક સ્ત્રી ઈચ્છે છે કે તેનો પતિ, બાળકો અને સામાન્ય પરિવાર હોય. પરંતુ કેટલીકવાર આ બધું તમે ઈચ્છો તે રીતે થતું નથી. મને આ અંગે કોઈ અફસોસ નથી. હું મારી જાત સાથે ખુશ છું. મારે બે બાળકો (એશા દેઓલ અને આહાના) છે જેમને મેં ખૂબ જ સારો ઉછેર કર્યો છે.

પ્રેમ એક એવી વસ્તુ છે જેમાં તમે કોઈની સાથે જોડાઈ જાઓ છો બોમ્બે ટાઈમ્સ સાથેની વાતચીત દરમિયાન હેમાએ કહ્યું- 'પ્રેમ એક એવી વસ્તુ છે જેમાં તમે કોઈની સાથે જોડાઈ જાઓ છો. તમે કોઈને પસંદ કરો છો અને તેની સાથે તમારો લગાવ હંમેશા વધે છે. અમારા લગ્ન સામાન્ય લોકો જેવા નહોતા, કદાચ એટલે જ આજે હું બધું જ કરી શકું છું.' તેણે આગળ કહ્યું- 'જો મારા લગ્ન પરંપરા મુજબ થયા હોત તો મને લાગે છે કે હું કંઈ જ ન હોત. આજે હું જે કંઈ પણ કરી રહ્યો છું - ફિલ્મો, ડાન્સ, અલગ-અલગ જગ્યાએ જવું, રાજકારણમાં છું. મારા લગ્ન પરંપરાગત રીતે થયા હોત તો કઈ રીતે થઈ શક્યું હોત?'

પ્રકાશ કૌર ધર્મેન્દ્રની પહેલી પત્ની છે ધર્મેન્દ્રએ 19 વર્ષની ઉંમરે 1954માં પ્રકાશ કૌર સાથે એરેન્જડ મેરેજ કર્યા હતા. આ દંપતીને ચાર બાળકો હતા, અજય સિંહ (સની), વિજય સિંહ (બોબી), વિજેતા અને અજેતા દેઓલ. જ્યારે ધર્મેન્દ્રએ પ્રકાશને હેમા સાથેના તેના બીજા લગ્ન વિશે જણાવ્યું ત્યારે તેણે અભિનેતાને છૂટાછેડા આપવાની ના પાડી દીધી. આ પછી ધર્મેન્દ્રએ ઈસ્લામ કબૂલ કર્યો અને હેમાને પોતાની બીજી પત્ની બનાવી.

# ઐશ્વર્યા રાય પાસે ખાલી સીટ પર બેઠો ફેમસ એક્ટર, ફેન્સે કર્યા વખાણ

(એજન્સી) મુંબઇ | તા.17

સાઉથ ઈન્ડિયન ઈન્ટરનેશનલ મૂવી એવોર્ડ્સમાં રવિવારે તેલુગુ અને કન્નડ ફિલ્મોના વિજેતાઓની જાહેરાત કરવામાં આવી હતી.



ઐશ્વર્યા રાય બચ્ચન, નયનતારા અને ચિયાન વિક્રમ SIIMA 2024 ના વિજેતા બન્યા હતા. ઐશ્વર્યા અને ચિયાન વિક્રમે પોન્નીયિન સેલ્વન 2 માં તેમના શાનદાર અભિનય માટે તમિલ ઉદ્યોગમાં બેસ્ટ એક્ટર અને એક્ટ્રેસ (ક્રિટીક્સ ચોઈસ) એવોર્ડ જીત્યા. રજનીકાંતની ફિલ્મ 'જેલર'ને બેસ્ટ ફિલ્મનો એવોર્ડ મળ્યો હતો. આ દરમિયાન ઐશ્વર્યા, ચિયાન વિક્રમ અને આરાધ્યાનો એક વીડિયો સોશિયલ મીડિયા પર ધૂમ મચાવી રહ્યો છે. દુબઈમાં આયોજિત SIIMA 2024માં ઐશ્વર્યાને બેસ્ટ એક્ટ્રેસનો જ્યારે ચિયાન વિક્રમને બેસ્ટ એક્ટરનો એવોર્ડ મળ્યો હતો. આ વીડિયોમાં ઐશ્વર્યા-અભિષેકની પુત્રી આરાધ્યા સાથે ચિયાન વિક્રમનું શાનદાર બોન્ડિંગ કેમેરામાં કેદ થયું હતું. શનિવારે આયોજિત આ એવોર્ડ ફંક્શનમાંથી ચિયાન વિક્રમની કેટલીક ઝલક સોશિયલ મીડિયા પર સામે આવી છે, જેમાં ઐશ્વર્યા અને આરાધ્યા અભિનેતા સાથે જોવા મળે છે. વીડિયોમાં ચિયાને ઐશ્વર્યા-આરાધ્યા સાથે મજાક કરતા જોઈ શકાય છે. વીડિયોમાં આરાધ્યા અને ઐશ્વર્યા સાથે બેઠેલા જોઈ શકાય છે. ચિયાન બીજી બાજુથી આવે છે અને ઐશ્વર્યાની બેઠકની હરોળમાં હાજર કેટલાક લોકોને મળે છે. ત્યારબાદ ચિયાન ઐશ્વર્યાને મળે છે અને તે પછી તે આરાધ્યાને મળે છે. ચિયાન આરાધ્યા સાથે ખૂબ જ પ્રેમથી વર્તે છે અને પછી જઈને ઐશ્વર્યાની બાજુની સીટ પર બેસી જાય છે. ચિયાન, ઐશ્વર્યા અને આરાધ્યાનો આ વીડિયો સોશિયલ મીડિયા પર ઘણો પસંદ કરવામાં આવી રહ્યો છે.

### ઐશ્વર્યા-ચિયાને આ ફિલ્મોમાં સાથે કર્યું છે કામ

વીડિયો જોયા પછી ફેન્સે અમેઝિંગ લખીને પ્રતિક્રિયા આપી તો કોઈએ શાનદાર લખ્યું. તમને જણાવી દઈએ કે, ઐશ્વર્યાએ ચિયાન વિક્રમ સાથે 'પોન્નિયન સેલ્વન' અને 'રાવણ' જેવી ફિલ્મોમાં કામ કર્યું છે, જેનું નિર્દેશન મણિ રત્નમે કર્યું હતું. બંનેની ઓનસ્ક્રીન કેમેસ્ટ્રી દર્શકોને ખૂબ પસંદ આવી હતી. આ વીડિયો જોયા બાદ કેટલાક ફેન્સ ફરી એકવાર ઐશ્વર્યા-ચિયાન વિક્રમને રોમેન્ટિક ફિલ્મમાં સાથે જોવાની માગ કરી રહ્યા છે.

# ધૂમ 4ના વિલનના રોલ માટે સાઉથના સૂપરસ્ટાર સૂર્યાનો સંપર્ક



મુંબઇ | યશરાજ ફિલ્મસ ધૂમ ૪ની તૈયારી કરી રહ્યું છે. તેવામાં આ ફિલ્મને લઈને અપડેટ છે કે, ધૂમ ૪ના વિલન માટે યશરાજ ફિલ્મસની નજર સાઉથના સુપરસ્ટાર સૂર્યા પર પડી છે. અભિનેતાના નજીકના સૂત્રે જણાવ્યું હતું કે, યશરાજ ફિલ્મસની ટીમ સૂર્યા સાથે ધૂમ ૪માં વિલનના રોલ માટે વાતચીત કરી રહી છે. જોકે હજી તેમની વાતચીત પ્રારંભિક સ્ટેજમાં છે અને જલદી જ તેના પર અંતિમ નિર્ણય લેવામાં આવશે. ઉલ્લેખનીય છે કે,ધૂમ ફિલ્મમાં વિલનના રોલમાં જોન અબ્રાહમ જોવા મળ્યો હતો. ત્યાર પછી ધૂમ ૨માં ઋતિક રોશને ચોરની ભૂમિકા ભજવી હતી અને ધૂમ ૩માં આમિર ખાને વિલનની બેવડી ભૂમિકા નિભાવી હતી. હવે ચોથા ભાગ માટે સાઉથના અભિનેતા સૂર્યા સાથે વાતચીત ચાલી રહી છે. અન્ય એક રિપોર્ટના અનુસાર, અભિષેક બચ્ચન અને ઉદય ચોપરાનો રોલ ફિક્સ છે. જ્યારે ચોર અને તેની ગર્ભફ્રેન્ડના પાત્રને દરેક સીકવલમાં નવો ચહેરા હોય છે.

# ટ્વિંકલ ખન્ના પુત્રના જન્મદિવસ પર ભાવુક થઈ ગઈ...

## લખ્યું: જો તુ મળવા પાછો આવ્યો હોત, તો મેં ઘણા દીવા પ્રગટાવ્યા હોત; આરવ લંડનમાં અભ્યાસ કરે છે



(એજન્સી) મુંબઇ | તા.17

અક્ષય કુમાર અને ટ્વિંકલ ખન્નાના પુત્ર આરવે 15 સપ્ટેમ્બરે તેનો 22મો જન્મદિવસ ઉજવ્યો હતો. આ દરમિયાન અક્ષય અને ટ્વિંકલે પુત્ર આરવના જન્મદિવસની પોસ્ટ સોશિયલ મીડિયા પર શેર કરી હતી.

ટ્વિંકલે લખ્યું કે, હેપ્પી બર્થ ડે આરવ જ્યારે હું તને વારંવાર કહેતી સાંભળતી હતી કે તું તારી આઝાદીની આતુરતાથી રાહ જોઈ રહ્યો છે, ત્યારે મને લાગતું હતું કે આખરે જ્યારે તું મારું ઘર છોડીને તારી નવી દુનિયામાં પગ મૂકશે, ત્યારે મારો પ્રકાશ આપોઆપ ઓલવાઈ જશે અને મારી દુનિયા અંધકારથી ભરાઈ જશે.

ટ્વિંકલે લખ્યું- જો તુ આવ્યો હોત તો મેં દીવા પ્રગટાવ્યા હોત ટ્વિંકલે આગળ લખ્યું, જ્યારે તુ મળવા પાછા આવીશ, ત્યારે હું ઘણાં દીવા પ્રગટાવીશ અને એવું દર્શાવીશ કે, તે કાયમી પાવર ફેલિયર નથી. આપણે તો દિવાળી ઉજવીએ છીએ પણ ત્યારે મને ખ્યાલ નહોતો કે જે તમારા દિલમાં વસે છે તે ક્યારેય જતું નથી, ભલે તે પોતાનું સ્થાન બદલી નાખે. મારી દુનિયા તારા દરેક ફોન કોલ, દરેક મેસેજથી ચમકી ઉઠે છે. અક્ષયે લખ્યું, હેપ્પી બર્થ ડે આરવ. તને દયાળુ અને પ્રેમાળ વ્યક્તિ બનતા જોઈને મારું હૃદય દરરોજ ગર્વથી ભરાઈ જાય છે. તું મારા જીવનમાં કેટલી ખુશીઓ લાવ્યો છે તે હું શબ્દોમાં વ્યક્ત કરી શકતો નથી. આ વર્ષ તારા માટે એટલી જ ખુશીઓ લાવે જે તમે તમારી આસપાસના દરેકને આપો છો. હું તને ખૂબ પ્રેમ કરું છું.

આરવ લંડનમાં અભ્યાસ કરે છે

આરવ લંડનમાં અભ્યાસ કરે છે. જ્યારે તે 15 વર્ષનો હતો ત્યારે ટ્વિંકલ અને અક્ષયે તેને ઉચ્ચ અભ્યાસ માટે વિદેશ મોકલ્યો હતો. આરવ સિવાય અક્ષય-ટ્વિંકલને નિતારા નામની દીકરી છે. ટ્વિંકલ અને અક્ષયના લગ્ન 2001માં થયા હતા.

# 10 વર્ષની ઉંમરે ઘરે ઘરે અત્તર વેચ્યું: વિવેક ઓબેરોય

## કહ્યું- પિતાએ નાનપણથી જ મને બિઝનેસ કરવાનું શીખવ્યું, આ માનસિકતા મારામાં પેદા કરી

(એજન્સી) મુંબઇ | તા.17

વિવેક ઓબેરોય એક્ટિંગની સાથે બિઝનેસ ફિલ્ડ માટે પણ જાણીતો છે. તેમની એક રિયલ એસ્ટેટ કંપની પણ છે. આવી સ્થિતિમાં વિવેકે એક ઈન્ટરવ્યૂમાં જણાવ્યું કે કેવી રીતે તેમના પિતાએ તેમનામાં બાળપણમાં જ એક બિઝનેસમેનની માનસિકતા ઊભી કરી દીધી હતી. જેનો લાભ આજે તેઓને મળી રહ્યો છે.

10 વર્ષની ઉંમરે પરફ્યુમ વેચ્યું વિવેક ઓબેરોયે એન્ટરટેઈનમેન્ટ લાઈવને આપેલા ઈન્ટરવ્યૂમાં જણાવ્યું કે- 'જ્યારે હું 10 વર્ષનો હતો ત્યારે મારા પિતાએ મને એક ટાસ્ક આપ્યો હતો. તેણે કહ્યું કે આપણે એક મહિના પછી રજાઓ પર જઈશું. પરંતુ તે પહેલા તારે આ ચાર અઠવાડિયામાં કંઈક શીખવું પડશે.' વિવેકે કહ્યું- મારા પિતાએ મને વેચવા માટે કેટલાક પરફ્યુમ આપ્યા અને એક ડાયરી પણ આપી. હું પરફ્યુમ વેચવા માટે મારી સાયકલ પર દરરોજ ઘરે ઘરે જતો હતો. તે દરમિયાન મેં ઘણી ભૂલો કરી પણ ઘણું શીખ્યું.

19 વર્ષમાં ટેક સ્ટાર્ટઅપ શરૂ કર્યું વિવેકે વધુમાં જણાવ્યું કે જ્યારે હું 15 વર્ષનો થયો ત્યારે મેં મારો પોતાનો બિઝનેસ આઈડિયા વિકસાવ્યો અને શેરબજારમાં પ્રવેશ કર્યો. 19 વર્ષની ઉંમરે, મેં ટેક સ્ટાર્ટઅપ શરૂ કર્યું, જે મેં 22 વર્ષની ઉંમરે વેચ્યું.

વિવેકે કહ્યું કે આ રીતે મને સમજાયું કે કંપની સ્થાપવી શક્ય છે. તેને MNCને વેચો, તેનાથી રોકાણકાર અને મને બંનેને ફાયદો થયો. આ સાથે વિવેકે જણાવ્યું કે જ્યારે તેણે તેની એક્ટિંગ કરિયર દરમિયાન પડકારોનો સામનો કર્યો ત્યારે તેનું બિઝનેસ માઈન્ડ કામમાં આવ્યું.

2002માં ફિલ્મ 'કંપની'થી ડેબ્યૂ કર્યું હતું. નોંધનીય છે કે, વિવેક ઓબેરોયે 2002માં ફિલ્મ 'કંપની'થી ડેબ્યૂ કર્યું હતું. આ પછી તેણે 'મસ્તી', 'ગ્રાન્ડ મસ્તી', 'શૂટઆઉટ એટ લોખંડવાલા' જેવી ઘણી ફિલ્મોમાં પણ કામ કર્યું. તેમનું અંગત જીવન, ખાસ કરીને ઐશ્વર્યા રાય બચ્ચન સાથેના તેમના અફેર અને સલમાન ખાન સાથેના વિવાદને કારણે ચર્ચામાં રહ્યું હતું. 2010 માં, વિવેકે કર્ણાટકના ભૂતપૂર્વ પ્રધાન જીવરાજ અલ્વાની પુત્રી પ્રિયંકા આલ્વા સાથે લગ્ન કર્યા.





# વર્લ્ડ ફેમસ સિંગર સાથે શરમજનક હરકત...

(એજન્સી) મુંબઇ | તા.17

વર્લ્ડ ફેમસ કોલમ્બિયન સિંગર શકીરા સાથે ખૂબ જ શરમજનક ઘટના સામે આવી છે. જેને લઈને શકીરાએ સ્ટેજ છોડવું પડ્યું હતું.

એક કાર્યક્રમમાં શકીરા સ્ટેજ પર ડાન્સ કરી રહી હતી. તે દરમિયાન દર્શકોમાં હાજર અમુક લોકો ખોટા એંગલથી તેનો વીડિયો રેકોર્ડ કરી રહ્યા હતા. પહેલા તો શકીરાએ આમ કરવાની ના પડી હતી, પરંતુ ના કહ્યા પછી પણ લોકો માન્યા ન હતા. ત્યારબાદ તે સ્ટેજ છોડીને જતી રહી હતી. આ વીડિયો અમેરિકાના માયામીનો છે.

શકીરા અહીં તેના નવા ગીત સોલ્ટેરા(Soltera) પર પરફોર્મ કરી રહી હતી. હવે આ ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાઈરલ થઈ રહ્યો છે. સોશિયલ મીડિયા યુઝર્સ દ્વારા આ શરમજનક ઘટના પર ગુસ્સે થઈને અનેક કોમેન્ટ કરી હતી.

# અદિતી રાવ હૈદરી અને સિદ્ધાર્થે 400 વરસ જુના મંદિરમાં લગ્ન કર્યાં...



મુંબઇ | અદિતી રાવ હૈદરી અને સિદ્ધાર્થ ૪૦૦ વરસ જુના મંદરમાં લગ્ન કરી લીધા છે. અભિનેત્રીએ ઈન્સ્ટાગ્રામ પર તસવીરો શેર કરીને જણાવ્યું છે. માર્ચ મહિનામાં તેમણે સગપણ કરી લીધું હતું. બન્ને જણા ત્રણ વરસથી ડેટ કરી રહ્યા હતા.

અદિતી અને સિદ્ધાર્થે સાઉથ ઈન્ડિયન વિધીથી પ્રભુતામાં પગલાં પાડયા છે. પરિવારજનો તેમજ ખાસ મિત્રોની હાજરીમાં તેમણે લગ્ન કર્યા હતા.

અદિતી રાવ હૈદરીએ ઈન્સ્ટાગ્રામ પર તસવીરો શેર કરીને સાથે લખ્યું હતું કે, તુ મારો સૂર, મારો ચંદ્ર અને મારો સિતારો છો. પરી કથાઓની માફક તારો સાથ રહે. હંમેશા હસતો રહેજે તું કદી મોટો થતો નહીં. લવ, લાઈટ અને મેજિક જાળવી રાખજે. મિસસિસ એન્ડ મિસ્ટર અદૂ-સિદ્ધુ.

અદિતી અને સિદ્ધાર્થની મુલાકાત ફિલ્મ મહા સમુદ્રમના સેટ પર ૨૦૨૧માં થઈ હતી. અને તે જ વરસથી તેમણે ડેટ કરવાનું શરૂ કરી લીધું હતું.

# નીના ગુપ્તા પ્રેગ્નેન્સી દરમિયાન સંપૂર્ણપણે એકલી હતી

## દીકરી મસાબાએ કહ્યું- તે સમયે તેની માતાને કોઈએ સાથ આપ્યો ન હતો, તેની પાસે પૈસા પણ નહોતા...





(એજન્સી) મુંબઇ | તા.17

ડિઝાઈનર-અભિનેત્રી મસાબા ગુપ્તાએ ખુલાસો કર્યો છે કે જ્યારે તેની માતા નીના ગુપ્તા પ્રેગ્નન્ટ હતી ત્યારે તેણે ઘણો સંઘર્ષ કરવો પડ્યો હતો. મસાબાએ જણાવ્યું કે નીનાને તેની પ્રેગ્નેન્સી દરમિયાન નૈતિક સમર્થન માટે કોઈ નહોતું. આર્થિક સમસ્યાઓ પણ હતી.

ફેય ડિસોઝાને આપેલા એક ઈન્ટરવ્યૂમાં મસાબાએ કહ્યું, 'જ્યારે તે (નીના ગુપ્તા) ગર્ભવતી હતી ત્યારે તેની માતા તેની સાથે નહોતી. તેના પિતા તેની વિરુદ્ધ હતા કારણ કે તેની માતાએ તે સમયે લગ્ન કર્યા ન હતા. મારા પિતા વિવિયન રિચર્ડ્સ પણ તેમની સાથે ન હતા. તેના મિત્રો આસપાસ હતા, પરંતુ દરેકને પોતાની પણ જિંદગીહતી. તે લોકોને કહી શકતી ન હતી કે તે ગર્ભવતી છે. આ કારણથી તેણે પોતાની પ્રેગ્નન્સી છુપાવવી પડી હતી. તેની પાસે પૈસા પણ નહોતા.

જ્યારે મેં તેને પૂછ્યું કે તેણે આ બધી સ્થિતિનો કેવી રીતે સામનો કર્યો, ત્યારે તેણે સરળ રીતે કહ્યું - હું મારા પોતાના બાળકનો આનંદ અનુભવી રહી હતી. જોકે મને એ પણ ખબર ન હતી કે હું તેને કેવી રીતે ઉછેરીશ?

બાળકો શાળામાં દુર્વ્યવહાર કરતા હતા - મસાબા ગુપ્તા મસાબાએ એ પણ ખુલાસો કર્યો હતો કે તેને શાળામાં ભેદભાવનો સામનો કરવો પડ્યો હતો. શાળાના બાળકો તેની સાથે દુર્વ્યવહાર કરતા હતા અને તેના પિતા માટે પણ અપશબ્દોનો ઉપયોગ કરતા હતા. લોકોએ કહ્યું- તમારી સ્કીન ઓમ પુરી જેવી થઈ ગઈ છે મસાબાને બોડી શેમિંગનો પણ સામનો કરવો પડ્યો હતો. તેણે કહ્યું, 'મેં ઈન્સ્ટાગ્રામ પર કોઈ પણ ફિલ્ટર વગર એક વીડિયો પોસ્ટ કર્યો છે. જે બાદ મને ટ્રોલિંગનો સામનો કરવો પડ્યો હતો. વીડિયો પર કોઈએ કમેન્ટ કરી હતી - તમે મેકઅપ બ્રાન્ડ સાથે શું કરી રહ્યા છો. તમારી ત્વચા ઓમ પુરી જેવી થઈ ગઈ છે.

નોંધનીય છે કે, નીના ગુપ્તા 1980ના દાયકામાં વેસ્ટ ઈન્ડિઝના પૂર્વ ક્રિકેટર વિવિયન રિચર્ડ્સ સાથે રિલેશનશિપમાં હતી.

1989 માં, તેણીએ મસાબા ગુપ્તાને જન્મ આપ્યો, જેનો તેણે એકલા હાથે ઉછેર કર્યો. વિવિયન પહેલેથી જ પરિણીત હતો અને તેણે નીના માટે તેની પત્નીને છોડવાની ના પાડી દીધી હતી. 2008માં નીનાએ એક ખાનગી સમારંભમાં વિવેક મહેરા સાથે લગ્ન કર્યા.

# ICC પેનલમાં સલીમા પ્રથમ પાકિસ્તાની મહિલા અમ્પાયર




(એજન્સી) કરાંચી | તા 17

સલીમા ઈમ્તિયાઝ ICC અમ્પાયર પેનલમાં સામેલ થનારી પાકિસ્તાનની પ્રથમ મહિલા અમ્પાયર બની છે. 52 વર્ષીય સલીમા સોમવારે મુલતાનમાં સાંજે 7:30 વાગ્યાથી પાકિસ્તાન અને દક્ષિણ આફ્રિકા (મહિલા) વચ્ચેની T-20 શ્રેણીમાં અધિકૃત રહેશે. સલીમાએ PCB મીડિયાને કહ્યું- આ માત્ર મારી જીત નથી, પરંતુ પાકિસ્તાનની દરેક મહિલા ક્રિકેટર અને અમ્પાયરની જીત છે. હું આશા રાખું છું કે મારી સફળતા અન્ય મહિલાઓને પ્રેરણા આપશે જેઓ રમતગમતમાં પોતાની ઓળખ બનાવવાનું સ્વપ્ન જુએ છે. મારું સ્વપ્ન દેશનું પ્રતિનિધિત્વ કરવાનું છેઃ સલીમા સલીમાએ કહ્યું, 'જ્યારથી કૈનાતે આંતરરાષ્ટ્રીય સ્તરે પદાર્પણ કર્યું છે ત્યારથી મારું સ્વપ્ન આંતરરાષ્ટ્રીય સ્તરે દેશનું પ્રતિનિધિત્વ કરવાનું છે. મને એશિયન ક્રિકેટ કાઉન્સિલ સાથે તકો મળી છે, પરંતુ ઉચ્ચ સ્તરે અમ્પાયરિંગ હંમેશા મારું લક્ષ્ય રહ્યું છે. 2008થી અમ્પાયરિંગ શરૂ થયું સલીમાએ વર્ષ 2008માં અમ્પાયરિંગની શરૂઆત કરી હતી. આ પછી તેણે 2022માં મહિલા એશિયા કપ અને 2023માં હોંગકોંગમાં ઈમર્જિંગ એશિયા કપમાં અમ્પાયરિંગ કર્યું. સલીમાએ અત્યાર સુધી 22 T-20 મેચોમાં કેપ્ટનશીપ કરી છે, જેમાંથી 16 ઓન-ફીલ્ડ અમ્પાયર છે, જ્યારે 6 મેચ ટીવી અમ્પાયર તરીકે છે. આ પછી તેણે 2022માં મહિલા એશિયા કપ અને 2023માં હોંગકોંગમાં ઈમર્જિંગ એશિયા કપમાં અમ્પાયરિંગ કર્યું. સલીમાએ અત્યાર સુધી 22 T-20 મેચોમાં કેપ્ટનશીપ કરી છે, સલીમાએ અત્યાર સુધી 22 T-20 મેચોમાં કેપ્ટનશિપ કરી છે. પુત્રી કૈનાત આંતરરાષ્ટ્રીય ખેલાડી સલીમાની દીકરી કાઈનાત પાકિસ્તાન માટે ક્રિકેટ રમે છે. વર્ષ 2010માં તેણે દક્ષિણ આફ્રિકા સામે ડેબ્યૂ કર્યું હતું. કૈનાતે ત્યારથી પાકિસ્તાન માટે 40 મેચ રમી છે, જેમાં 19 ODI અને 21 T20 ઈન્ટરનેશનલનો સમાવેશ થાય છે. કૈનાત પાકિસ્તાન અને દક્ષિણ આફ્રિકા વચ્ચે રમાનારી T-20 શ્રેણીમાં કોમેન્ટેટરની ભૂમિકા ભજવશે.

# અમેરિકન લીગમાં રમી શકે છે જેમ્સ એન્ડરસન

## એક ટીમ કરી રહી છે સંપર્ક; કહ્યું હતું- હું વ્હાઈટ બોલ ક્રિકેટ રમવાનું વિચારી રહ્યો છું




(એજન્સી) લંડન | તા 17

ઈંગ્લેન્ડનો ફાસ્ટ બોલર જેમ્સ એન્ડરસન અમેરિકાની મેજર પ્રીમિયર લીગ-2024માં રમી શકે છે. બીબીસીએ દાવો કર્યો છે કે એન્ડરસનના તેના પુનરાગમન અંગેના નિવેદન પછી, એક અમેરિકન લીગ ફ્રેન્ચાઈઝી તેને સાઈન કરવામાં રસ ધરાવે છે. એટલું જ નહીં, ફ્રેન્ચાઈઝી તેનો સંપર્ક કરવાનો પ્રયાસ કરી રહી છે અને તે જાણવા માગે છે કે તે મેજર પ્રીમિયર લીગ રમવા માગે છે કે નહીં. આ 42 વર્ષના ફાસ્ટ બોલરે ગયા અઠવાડિયે કહ્યું હતું કે- હું હજુ પણ મારી ક્રિકેટ કારકિર્દી ચાલુ રાખવા માટે પૂરતો ફિટ છું અને વ્હાઈટ બોલ ક્રિકેટમાં પુનરાગમન કરવાનું વિચારી રહ્યો છું. ટેસ્ટમાં ઈંગ્લેન્ડના સૌથી વધુ વિકેટ લેનાર એન્ડરસન ચાર મહિના પહેલા વેસ્ટ ઈન્ડિઝ સામે લોર્ડ્સમાં નિવૃત્ત થયો હતો. તેના નામે 704 ટેસ્ટ વિકેટ છે. એન્ડરસન ઈંગ્લેન્ડનો બોલિંગ મેન્ટર બની ગયો છે. તેણે ગયા અઠવાડિયે કહ્યું હતું કે, તે ઓક્ટોબરમાં પાકિસ્તાન સામે ઈંગ્લેન્ડની ટેસ્ટ શ્રેણી માટે ઝડપી બોલિંગ મેન્ટર રહેશે. એન્ડરસન MLCથી 12 લાખ 58 હજાર રૂપિયા કમાઈ શકે અહેવાલમાં વાંચવામાં આવ્યું છે કે, એન્ડરસન MLC તરીકેના ટૂંકા કાર્યકાળમાં આશરે રૂ. 12 લાખ 58 હજાર (135,000) કમાઈ શકે છે. લીગે 2024ની સીઝન માટે મોટા ખેલાડીઓને આકર્ષ્યા છે. જેમાં ઓસ્ટ્રેલિયન કેપ્ટન પેટ કમિન્સ, સ્ટીવ સ્મિથ, ગ્લેન મેક્સવેલ અને ટ્રેવિસ હેડ જેવા નામ સામેલ છે. પેટ કમિન્સે સાન ફ્રાન્સિસ્કો યુનિકોર્ન્સ સાથે 2027 સુધી કરાર કર્યો છે. જ્યારે સ્ટીવ સ્મિથ, ગ્લેન મેક્સવેલ અને ટ્રેવિસ હેડ ગઈ સિઝનમાં વોશિંગ્ટન ફ્રીડમ ટીમનો ભાગ હતા. ફ્રીડમે આ વર્ષનો ખિતાબ રિકી પોન્ટિંગના કોચિંગ હેઠળ જીત્યો હતો. છેલ્લી સ્પર્ધાત્મક T-20 10 વર્ષ પહેલા રમાઈ હતી એન્ડરસને તેની છેલ્લી સ્પર્ધાત્મક T20 મેચ 2014માં રમી હતી. તેણે બ્લાસ્ટમાં લેન્કેશાયર માટે તેની છેલ્લી મેચ રમી હતી. એન્ડરસને તેની કારકિર્દીના છેલ્લા 10 વર્ષ રેડ-બોલ ક્રિકેટને સમર્પિત કરવાના નિર્ણયનો અર્થ એ છે કે તેણે વિદેશમાં ક્યારેય ફ્રેન્ચાઈઝી ક્રિકેટ રમી નથી, પરંતુ તે માને છે કે તે આ ફોર્મેટમાં રમવા માટે યોગ્ય અને ગયા વર્ષે જેસન રોયે સેન્ટ્રલ કોન્ટ્રાક્ટ છોડી દીધો હતો અમેરિકન લીગ ઈંગ્લેન્ડના ટોચના ક્રિકેટરોને ઉમેરવા માગે છે. ઈંગ્લેન્ડની વર્લ્ડ કપ વિજેતા ટીમના સભ્યો લિયામ પ્લંકેટ અને જેસન રોય છેલ્લી બે છે. રોયે મે 2023માં લોસ એન્જલસ નાઈટ રાઈડર્સ સાથે રૂ. 2 કરોડ 79 લાખ (300,000 યુરો)માં બે વર્ષના સોદા પર હસ્તાક્ષર કરવા માટે રૂ. 65 લાખ (70,000 યુરો)ના EBCનો વ્હાઈટ-બોલ કોન્ટ્રાક્ટ છોડી.

# 'બાબરે કોહલી પાસેથી શીખવું જોઈએ'યુનુસ ખાન





(એજન્સી) કરાંચી | તા 17

પાકિસ્તાનના પૂર્વ ક્રિકેટર યુનુસ ખાને બાબર આઝમને વિરાટ કોહલી પાસેથી શીખવાની સલાહ આપી છે. 46 વર્ષના યુનુસે કહ્યું- બાબર, કેપ્ટનશિપ પાછળ દોડવાને બદલે તમારી રમત પર ધ્યાન આપો. તેણે વિરાટ કોહલી પાસેથી શીખવાની જરૂર છે. યુનુસે વધુમાં કહ્યું- 'જો બાબર અને અન્ય ટોપ ઓર્ડર બેટ્સમેન સારૂ પ્રદર્શન કરવાનું શરૂ કરશે તો ટીમ વધુ સારું પરિણામ આપી શકશે. અમારા ખેલાડીઓ ઓછા રમે છે અને વધુ બોલે છે.' બાબર આઝમનું ફોર્મ ખરાબ છે. છેલ્લી 16 ઈનિંગ્સમાં તે એક પણ અડધી સદી ફટકારી શક્યો નથી. યુનુસના કહેવા પ્રમાણે, બાબર આઝમને 2019માં ટીમનો કેપ્ટન બનાવવામાં આવ્યો હતો કારણ કે તે સમયે તે ટીમનો શ્રેષ્ઠ બેટ્સમેન હતો. તેણે ફરીથી રમત પર ધ્યાન કેન્દ્રિત કરવાની જરૂર છે. કેપ્ટનશીપ નાની વસ્તુ, પ્રદર્શન મહત્વનું- યુનુસ

યુનુસ ખાને કહ્યું, બાબરે નાની ઉંમરમાં ઘણું હાંસલ કર્યું છે, પરંતુ તેને એ જાણવાની જરૂર છે કે તે આગળ શું કરવા માગે છે. કેપ્ટનશીપ નાની વસ્તુ છે, પ્રદર્શન મહત્વનું છે. વિરાટ કોહલીને જુઓ, તેણે પોતાની શરતો પર કેપ્ટનશિપ છોડવાનો નિર્ણય લીધો અને હવે તે વિશ્વભરમાં રેકોર્ડ તોડી રહ્યો છે. આ દર્શાવે છે કે પહેલો વિચાર દેશ માટે રમવાનો હોવો જોઈએ. જો તમારી પાસે કોઈ ઊર્જા બાકી હોય, તો તમારા માટે રમો. પૂર્વ પાકિસ્તાની ક્રિકેટરે બાબરને વિરાટ પાસેથી શીખવાનું કહ્યું છે. બાબર આઝમ ODI વર્લ્ડ કપ 2023 દરમિયાન મોટી ઈનિંગ્સ રમવામાં નિષ્ફળ રહ્યો હતો. તેમની કેપ્ટનશિપમાં પાકિસ્તાનની ટીમ લીગ સ્ટેજમાંથી જ બહાર થઈ ગઈ હતી. આ ઉપરાંત ટી20 વર્લ્ડ કપ 2024માં ટીમ ગ્રૂપ સ્ટેજમાંથી બહાર થઈ ગઈ હતી અને અમેરિકા જેવી નાની ટીમ સામે હાર થઈ હતી. તાજેતરમાં, બાંગ્લાદેશ સામેની બે મેચની ટેસ્ટ શ્રેણી દરમિયાન પણ બાબર આઝમ તેના બેટમાંથી રન બનાવી શક્યો ન હતો. તેણે ચાર ઈનિંગ્સમાં 64 રન બનાવ્યા હતા. યુનુસ ખાને પાકિસ્તાનમાં એક કાર્યક્રમ દરમિયાન કહ્યું, 'જો બાબર અને અન્ય ખેલાડીઓ મેદાન પર સારો દેખાવ કરશે તો પરિણામ બધાને દેખાશે. મેં જોયું છે કે અમારા ખેલાડીઓ પ્રદર્શન કરતાં વધુ બોલે છે. અમારા ખેલાડીઓ ઓછા રમે છે અને વધુ બોલે છે.' બાબર આઝમનું ફોર્મ ખરાબ છે. છેલ્લી 16 ઈનિંગ્સમાં તે એક પણ અડધી સદી ફટકારી શક્યો નથી.

# ઈંગ્લેન્ડ-ઓસ્ટ્રેલિયા ત્રીજી T20 રદ:ટોસ પણ ન થઈ શક્યો, શ્રેણી 1-1થી બરાબર રહી



(એજન્સી) માન્ચેસ્ટર | તા 17

ઈંગ્લેન્ડ અને ઓસ્ટ્રેલિયા વચ્ચેની ટી-20 શ્રેણીની છેલ્લી અને નિર્ણાયક મેચ ખરાબ હવામાનને કારણે રદ કરવામાં આવી છે. માન્ચેસ્ટરમાં રવિવારે રાત્રે વરસાદ ચાલુ રહ્યો હતો. આવી સ્થિતિમાં મેચનો ટોસ પણ થઈ શક્યો ન હતો અને એક પણ બોલ ફેંક્યા વિના મેચ રદ કરવામાં આવી હતી. આ મેચ રદ થવાને કારણે 3 મેચની T-20 સિરીઝ 1-1 થી બરાબર રહી હતી. ઓસ્ટ્રેલિયાએ પ્રથમ મેચ 28 રનથી જીતી હતી જ્યારે બીજી મેચમાં ઈંગ્લેન્ડ 3 વિકેટે જીત્યું હતું. હવે આ બંને ટીમો વચ્ચે 5 મેચની ODI શ્રેણી રમાશે, જેની પ્રથમ મેચ ગુરુવાર, 19 સપ્ટેમ્બરે ટ્રેન્ટ બ્રિજ ખાતે રમાશે. ઈંગ્લેન્ડે આ શ્રેણી માટે હેરી બ્રુકને કેપ્ટન બનાવ્યો છે. કારણ કે નિયમિત સુકાની જોસ બટલર હજુ સુધી તેની પિંડલાઈટની ઈજામાંથી બહાર આવ્યો નથી.

શ્રેણીના ટોચના ખેલાડીઓ ઈંગ્લેન્ડે બીજી T20 મેચ 3 વિકેટે જીતીને શ્રેણીમાં બરાબરી કરી: ટી-20 શ્રેણીની બીજી મેચમાં ઈંગ્લેન્ડે ઓસ્ટ્રેલિયાને 3 વિકેટે હરાવ્યું હતું. આ જીત સાથે યજમાન ટીમે 1-1ની બરાબરી હાંસલ કરી હતી. કાર્ડિફના સોફિયા ગાર્ડન્સ સ્ટેડિયમમાં ઈંગ્લેન્ડના કેપ્ટન ફિલ સોલ્ટે ટોસ જીતીને બોલિંગ કરવાનું પસંદ કર્યું હતું. ઓસ્ટ્રેલિયાએ જેક ફ્રેઝર-મેકગર્કની પ્રથમ અડધી સદી અને જોશ ઈંગ્લિશના 42 રનની મદદથી 6 વિકેટ ગુમાવીને 193 રન બનાવ્યા હતા. લક્ષ્યનો પીછો કરતી વખતે ઈંગ્લિશ ઓલરાઉન્ડર લિયામ લિવિંગસ્ટોને શાનદાર બેટિંગ કરી હતી. તેના 87 અને જેકબ બેથેલના 44 રનની મદદથી ઈંગ્લેન્ડે 19મી ઓવરમાં 7 વિકેટે 194 રન બનાવીને જીત મેળવી હતી.

# ટ્રક ડ્રાઈવરે ગાળ આપી તો ગંભીરે તેનો કોલર પકડ્યો:આકાશ ચોપરાએ સંભળાવી કહાની



(એજન્સી) નવી દિલ્હી | તા 17

પૂર્વ ભારતીય ઓપનર અને કોમેન્ટેટર આકાશ ચોપરાએ પૂર્વ ક્રિકેટર અને પૂર્વ સાંસદ ગૌતમ ગંભીર સાથે જોડાયેલી એક ઘટના શેર કરી છે, જેમાં ગૌતમ ગંભીર તેની યુવાનીમાં એક ટ્રક ડ્રાઈવર સાથે અથડામણ કરી હતી. ગંભીરે ડ્રાઈવરનો કોલર પણ પકડી લીધો હતો. 46 વર્ષીય આકાશે રવિવારે પોડકાસ્ટ પર કહ્યું- 'ગૌતીએ કહ્યું હતું કે, તેણે ટ્રક ડ્રાઈવર સાથે મારપીટ કરી હતી. તે તેની કારમાંથી બહાર આવ્યો અને ડ્રાઈવરને તેના કોલરથી પકડવા માટે ટ્રક પર ચઢી ગયો, કારણ કે ટ્રક ડ્રાઈવરે ખોટો વળાંક લીધો હતો અને તે દુર્વ્યવહાર કરી રહ્યો હતો. લખનૌ સુપર જાયન્ટ્સના મેન્ટર હોવા છતાં, ગૌતમની IPL-2023માં વિરાટ કોહલી સાથે પણ ટક્કર થઈ હતી. હાલમાં તે ચેન્નાઈ ચેપોક સ્ટેડિયમમાં ચાલી રહેલા ટીમ ઈન્ડિયાના ટ્રેનિંગ કેમ્પમાં છે. ટીમને 19 સપ્ટેમ્બરથી બાંગ્લાદેશ સામે 2 ટેસ્ટ અને 3 T20 મેચોની શ્રેણી રમવાની છે. ટીમ ઈન્ડિયા સાથે કોચ તરીકે આ તેની પ્રથમ ટેસ્ટ શ્રેણી હશે.ખૂદના દિલને સ્લીવ પર રાખતો હતો ગંભીર: ચોપરાએ કહ્યું કે, 'ગંભીર એક લાગણીશીલ વ્યક્તિ છે. જ્યારે કંઈક નવું કરવાની વાત આવે છે ત્યારે તે ખૂબ જ મહેનતુ છે. થોડો ગંભીર છે, પરંતુ ઘણા રન બનાવ્યા છે. તે હંમેશા તેના હૃદયને તેની સ્લીવમાં રાખતો હતો. સ્વભાવ મુજબ તેઓ ખૂબ જ ટૂંકા ગાળાના હોઈ શકે છે, પરંતુ દરેક વ્યક્તિનું પાત્ર અલગ હોય છે. ગૌતમ એક એવો વ્યક્તિ છે જેની એકવાર દિલ્હીમાં ટ્રક ડ્રાઈવર સાથે ઝઘડો થયો હતો.

અમે મિત્રો ઓપનર ન હતા: આકાશે કહ્યું, 'અમે ઓપનર તરીકે સ્પર્ધકો હતા. સાચું કહું તો ગૌતમ મિત્ર ન હતો, પરંતુ તે ખૂબ જ જુસ્સાદાર ખેલાડી હતો, ખૂબ જ મહેનતુ અને પોતાના પ્રયોગ પ્રત્યે ખૂબ જ ગંભીર હતો. તેણે ઘણા રન બનાવ્યા.સેહવાગ નંબર-4 પર રમતો હતો, જેથી શિખર-કોહલીને તક મળી: આકાશે કહ્યું કે તે સમયે ટીમમાં ટોપ ઓર્ડર માટે કઠિન સ્પર્ધા હતી. તેણે કહ્યું, 'અમે એક જગ્યા માટે રમી રહ્યા હતા.

# ગિરોનાને 4-1થી હરાવ્યું, બાર્સેલોનો પાંચમો વિજય

બાર્સેલોના | તા 17

લામિલ યમાલે 10 મિનિટથી પણ ઓછા સમયમાં બે ગોલ નોંધાવીને સ્પેનની ફૂટબોલ લીગ લા લીગામાં બાર્સેલોનાને સતત પાંચમો વિજય અપાવ્યો હતો. આ સાથે બાર્સેલોનાએ લીગની પ્રથમ મેચ જીતવાની પરંપરાને જાળવી રાખી હતી. બાર્સેલોનાએ ગિરોનાને 4-1થી પરાજય આપ્યો હતો. લામિન યમાલે 30મી તથા 37મી, ડાની ઓલ્મોએ 47મી તથા પેડ્રીએ 64મી મિનિટે ગોલ કર્યો હતો. બાર્સેલોનાના ફેરાન ટોરેસને 86મી મિનિટે રેડ કાર્ડ મળ્યું હતું. ગિરોના માટે ક્રિસ્ટિયન સ્તુઆનીએ 80મી મિનિટે ગોલ કરીને પરાજયનું અંતર ઓછું કર્યું હતું. બાર્સેલોના પાંચ મેચમાં કુલ 15 પોઈન્ટ મેળવીને ટોચના સ્થાને છે. એટ્લેટિકો મેડ્રિડ પાંચ મેચમાં ત્રણ વિજય સાથે 11 પોઈન્ટ મેળવીને બીજા ક્રમે છે. રિયલ મેડ્રિડ પણ 11 પોઈન્ટ ધરાવે પણ પણ ગોલના ડિફરન્સના કારણે તે ત્રીજા ક્રમે છે. છેલ્લી સિઝનમાં ત્રીજા ક્રમે રહેલી ગિરોનાએ બાર્સેલોના સામે પોતાની બંને લીગ ગેમ્સ જીતી હતી. એટ્લેટિકો મેડ્રિડે એન્ટોની ગ્રીઝમાન તથા યુવા ડેબ્યૂટન્ટ જુલિયન અલ્વારેઝ અને કોન ગેલાઘરના ગોલ વડે છેલ્લા ક્રમે રહેલી વેલેન્સિયાને 3-0થી પરાજય આપ્યો હતો. રિયલ મેડ્રિડે કિલિયન મબાપે તથા વિનિસિયસ જુનિયરના ગોલ વડે રિયલ સોસિદાદ સામે 2-0થી વિજય હાંસલ કર્યો હતો.

# વિરાટ કોહલીએ આ 2 બોલરોનો સામનો કર્યો



(એજન્સી) ચેન્નાઈ | તા 17

ટીમ ઈન્ડિયાનો 5 દિવસનો ટ્રેનિંગ કેમ્પ 13 સપ્ટેમ્બરથી ચેન્નાઈના ચેપોક સ્ટેડિયમમાં શરૂ થયો હતો, જેમાં ટીમને સતત બે દિવસની પ્રેક્ટિસ બાદ રવિવારે રજા આપવામાં આવી હતી. ત્યારબાદ સોમવારે તમામ ખેલાડીઓ ફરી મેદાનમાં પરત ફર્યા હતા અને જોરશોરથી પ્રેક્ટિસ કરી હતી. આ સિરીઝ 19 સપ્ટેમ્બરથી ચેન્નાઈમાં જ શરૂ થવાની છે. ચેન્નાઈમાં ભારતીય ક્રિકેટ ટીમનો પ્રેક્ટિસ કેમ્પ ચાલુ છે. સતત બે દિવસની પ્રેક્ટિસ પછી, ખેલાડીઓને રવિવારે આરામ આપવામાં આવ્યો હતો અને હવે 16 સપ્ટેમ્બર, સોમવારે, કોચ ગૌતમ ગંભીર અને તેના સપોર્ટ સ્ટાફની દેખરેખ હેઠળ, કેપ્ટન રોહિત સહિત આખી ટીમ ચેપોક સ્ટેડિયમ પરત આવી હતી. પ્રેક્ટિસના ત્રીજા દિવસે, ફરી એકવાર વિરાટ કોહલી અને રોહિત શર્માએ જોરદાર બેટિંગ કરી, જ્યાં રોહિતે ખાસ કરીને સ્પિનરોનો સામનો કર્યો, જ્યારે કોહલીએ પેસ અને સ્પિન બંને સામે પ્રેક્ટિસ કરી.

સરફરાઝ પ્રથમ વખત ટ્રેનિંગ માટે પહોંચ્યો ટીમ ઈન્ડિયાએ 13 સપ્ટેમ્બરથી ચેન્નાઈના ચેપોક સ્ટેડિયમમાં ટ્રેનિંગ સેશન શરૂ કર્યું હતું. હાલમાં, પસંદગી સમિતિએ પ્રથમ ટેસ્ટ મેચ માટે જ ટીમની જાહેરાત કરી હતી, પરંતુ તમામ 16 ખેલાડીઓ પ્રથમ બે દિવસ માટે કેમ્પનો ભાગ નહોતા. આ તાલીમને બદલે યુવા બેટ્સમેન સરફરાઝ ખાનને રવિવારે ખતમ થયેલી દુલીપ ટ્રોફીનો બીજો રાઉન્ડ રમવા માટે કહેવામાં આવ્યું હતું. આ પછી સરફરાઝ તરત જ ચેન્નાઈ પહોંચી ગયો અને સોમવારે તેણે પહેલીવાર પ્રેક્ટિસ સેશનમાં ભાગ લીધો. આ દરમિયાન તેણે સ્પિનરોનો સામનો કર્યો.

સરફરાઝ પ્રથમ વખત ટીમની ટ્રેનિંગનો ભાગ બન્યો હતો, પરંતુ સ્ટાર બેટ્સમેન વિરાટ કોહલીએ એક દિવસની રજા બાદ ફરીથી પ્રેક્ટિસમાં સંપૂર્ણ ક્ષમતા સાથે બેટિંગ કરી હતી. PTIના અહેવાલ મુજબ, સોમવાર 16 સપ્ટેમ્બરના સત્રમાં, કોહલી પહેલા નેટમાં બેટિંગ કરવા પહોંચ્યો હતો, જ્યાં તેની સાથે બીજી નેટમાં યુવા બેટિંગ કરી અને આ દરમિયાન તેઓએ અશ્વિન. બાંગ્લાદેશના સ્પિન અને પેસ આક્રમણની તાકાતને ધ્યાનમાં રાખીને આ બંનેએ ટીમ ઈન્ડિયાના બે શ્રેષ્ઠ બોલરોનો સામનો કર્યો હતો.

# વીરેન્દ્ર સેહવાગનો રેકોર્ડ ખતરામાં, રોહિત શર્મા બાંગ્લાદેશ સામે રચશે ઈતિહાસ

(એજન્સી) નવી દિલ્હી | તા 17

ભારત અને બાંગ્લાદેશ વચ્ચે ટેસ્ટ શ્રેણીની પ્રથમ મેચ ચેન્નાઈના ચેપોક મેદાન પર રમાશે, જ્યાં લગભગ 15 વર્ષ પહેલા પૂર્વ દિગ્ગજ ઓપનર વીરેન્દ્ર સેહવાગે 319 રનની ઈનિંગ રમીને રેકોર્ડ બનાવ્યો હતો. હવે આ મેદાન પર સેહવાગનો એક એવો રેકોર્ડ તોડી શકે છે જે તેની જેમ ઓપનર રોહિત શર્મા પણ કરી શકે છે. લગભગ 6 મહિનાની લાંબી રાહ બાદ ભારતીય ક્રિકેટ ટીમ ફરી એકવાર ટેસ્ટ ક્રિકેટ રમતી જોવા મળશે. ટીમ ઈન્ડિયા અને બાંગ્લાદેશ વચ્ચે 19 સપ્ટેમ્બર ગુરુવારથી ટેસ્ટ સિરીઝ શરૂ થશે, જેની પ્રથમ મેચ ચેન્નાઈમાં રમાશે. ચેન્નાઈનું આ એ જ મેદાન છે, જે ટીમ ઈન્ડિયાની ઘણી ઐતિહાસિક ટેસ્ટ મેચોનું સાક્ષી છે. આ મેદાન પર લગભગ 15 વર્ષ પહેલા વીરેન્દ્ર સેહવાગે દક્ષિણ આફ્રિકા સામે 319 રનની યાદગાર ઈનિંગ રમીને ઈતિહાસ રચ્યો હતો. હવે આ જ મેદાન પર તેનો શાનદાર રેકોર્ડ તૂટવાની અણી પર છે અને ટીમ ઈન્ડિયાનો કેપ્ટન રોહિત શર્મા આ કામ કરવા જઈ રહ્યો છે. બાંગ્લાદેશ સામેની સિરીઝની પ્રથમ મેચમાં જ રોહિત સેહવાગનો ટેસ્ટ ક્રિકેટમાં સૌથી વધુ સિક્સરનો ભારતીય રેકોર્ડ તોડી શકે છે. ચેપોક સ્ટેડિયમમાં 19 સપ્ટેમ્બરથી શરૂ થનારી પ્રથમ ટેસ્ટ મેચમાં ઘણા રેકોર્ડ દાવ પર લાગી જશે. વિરાટ કોહલી




હોય કે રવીન્દ્ર જાડેજા હોય કે યશસ્વી જયસ્વાલ, ઘણા ભારતીય ખેલાડીઓને રેકોર્ડ બુકમાં નામ લખાવવાની તક મળશે. જ્યારે વિરાટ અને યશસ્વી પાસે બેટિંગમાં ઈતિહાસ રચવાની તક હશે તો રવીન્દ્ર જાડેજા બોલિંગમાં પોતાના માટે ખાસ રેકોર્ડ બનાવી શકે છે. આ બધામાં ખાસ રેકોર્ડ એ છે કે ટીમ ઈન્ડિયા પાસે 92 વર્ષમાં પ્રથમ વખત હાર કરતાં વધુ જીત નોંધાવવાની તક છે. અન્ય ખેલાડીઓની જેમ કેપ્ટન રોહિત શર્મા પણ આ સિરીઝમાં ટેસ્ટ ક્રિકેટમાં સિક્સર ફટકારવાનો રેકોર્ડ બનાવી શકે છે. ભારતીય કેપ્ટને અત્યાર સુધી 59 ટેસ્ટ મેચોની 101 ઈનિંગ્સમાં 84 સિક્સર યાદીમાં બીજા સ્થાને છે. રોહિતે ઈંગ્લેન્ડ સામેની ટેસ્ટ શ્રેણીમાં પૂર્વ કેપ્ટન એમએસ ધોની (78)ને પાછળ છોડી દીધો હતોઅને હવે તેની નજર સેહવાગ પર છે. ભૂતપૂર્વ અનુભવી ઓપનર સેહવાગે 104 ટેસ્ટમાં કુલ 91 છગ્ગા ફટકાર્યા છે, જેમાંથી 90 ભારત માટે આવ્યા છે.

# જે દેશ માટે પિતાએ ક્રિકેટના મેદાનમાં પોતાનું લોહી રેડ્યું, પુત્રએ તેને છોડીને આ ટીમની જર્સી પહેરી

(એજન્સી) નવી દિલ્હી | તા 17

પિતાની જેમ પુત્ર પણ વિકેટકીપર બેટ્સમેન બન્યો. પરંતુ તે તેના પિતાની જેમ પોતાના દેશ માટે રમી શક્યો ન હતો. પિતા ડેવિડ રિચાર્ડસન 8 વર્ષ સુધી દક્ષિણ આફ્રિકા માટે ક્રિકેટ રમ્યા હતા, જ્યારે પુત્ર માઈકલ રિચાર્ડસન જર્મની માટે ક્રિકેટ રમ્યો. એવા ઘણા ક્રિકેટરો છે જેમણે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં બે દેશોનું પ્રતિનિધિત્વ કર્યું છે. પરંતુ, આ પિતા અને પુત્રની વાર્તા છે. પિતા ડેવિડ રિચાર્ડસન જે દક્ષિણ આફ્રિકા માટે ક્રિકેટ રમ્યા છે અને તેમનો પુત્ર માઈકલ રિચાર્ડસન જે જર્મની માટે ક્રિકેટ રમે છે. ક્રિકેટ રિચર્ડસન પરિવારના લોહીમાં છે. ડેવિડ રિચર્ડસનના પિતા, તેમના સંબંધીઓ અને પિતરાઈ ભાઈઓ તમામ ક્રિકેટર રહી ચૂક્યા છે. એ અલગ વાત છે કે ડેવિડ રિચર્ડસનની જેમ આ બધા સાઉથ આફ્રિકા તરફથી આંતરરાષ્ટ્રીય મેચ રમી શક્યા નથી. પરંતુ, ચોક્કસપણે ડોમેસ્ટિક ક્રિકેટ રમ્યા છે. ડેવિડ રિચર્ડસન દક્ષિણ આફ્રિકા તરફથી રમ્યા વિકેટકીપર બેટ્સમેન ડેવિડ રિચર્ડસને વર્ષ 1991માં કોલકાતાના ઈડન ગાર્ડન્સ ખાતે ભારત સામે રમાયેલી ODI મેચમાં આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં પ્રવેશ કર્યો હતો.



રિચર્ડસને ડેબ્યૂ મેચમાં 4 રન બનાવવા સિવાય 2 સ્ટમ્પિંગ કર્યા હતા. બીજા જ વર્ષે એટલે કે એપ્રિલ 1992માં તેમણે બ્રિજ ટાઉનમાં વેસ્ટ ઈન્ડિઝ સામે પણ ટેસ્ટ ડેબ્યુ કર્યું હતું. ટેસ્ટ ક્રિકેટમાં પણ તેમનું ડેબ્યુ કંઈ ખાસ નહોતું. તે બે ઈનિંગ્સમાં કુલ 10 રન જ બનાવી શક્યા હતા. 8 વર્ષમાં 42 ટેસ્ટ, 122 વનડે રમી ડેવિડ રિચર્ડસને દક્ષિણ આફ્રિકા તરફથી 8 વર્ષ સુધી ક્રિકેટ રમી હતી. આ સમયગાળા દરમિયાન, તેમણે 42 ટેસ્ટ અને 122 વનડે રમી હતી, જેમાં વિકેટની સામે તેનું પ્રદર્શન ભલે તેટલું શાનદાર ન હોય, પરંતુ વિકેટ પાછળ તેનું પ્રદર્શન ખૂબ જ પ્રભાવશાળી હતું. ડેવિડ રિચર્ડસને વિકેટકીપર તરીકેની તેમની ટેસ્ટ કારકિર્દીમાં 150 કેચ અને 2 સ્ટમ્પિંગ સહિત કુલ 152 આઉટ કર્યા.

# સચિન તેંડુલકરના પુત્ર અર્જુને 9 વિકેટ લઈને તબાહી મચાવી




નવી દિલ્હી તા 17

સચિન તેંડુલકરનો પુત્ર અર્જુન તેંડુલકર ફરી એકવાર ચર્ચામાં છે. આ વખતે અર્જુન તેંડુલકરે પોતાની તોફાની બોલિંગથી ચાહકોનું દિલ જીતી લીધું છે. આ ડાબોડી ફાસ્ટ બોલર હાલમાં કર્ણાટકમાં ચાલી રહેલી ડોક્ટર કે થીમપ્પિયા મેમોરિયલ ટુર્નામેન્ટમાં રમી રહ્યો છે, જ્યાં તેણે ગોવા તરફથી રમતી વખતે KSCA XI સામે ધમાલ મચાવી હતી. અર્જુને આ રેડ બોલ ટૂર્નામેન્ટમાં શાનદાર બોલિંગ કરી અને ગોવાને ઈનિંગ અને 189 રનથી જીત અપાવવામાં મદદ કરી. ગોવા ક્રિકેટ એસોસિએશન માટે અર્જુન તેંડુલકરે મેચમાં કુલ 9 વિકેટ લીધી હતી. પ્રથમ દાવમાં તેણે પાંચ વિકેટ લીધી હતી અને બીજી ઈનિંગમાં આ ખેલાડીએ ચાર વિકેટ ઝડપી હતી.અર્જુન તેંડુલકરે KSCA XI સામે પ્રથમ દાવમાં માત્ર 41 રન આપીને 5 વિકેટ ઝડપી હતી. અર્જુન તેંડુલકરે એકલા હાથે KSCA XI ના પ્રથમ પાંચ બેટ્સમેનમાંથી ચારને આઉટ કર્યા.

# બાંગ્લાદેશને હળવાશથી નહીં લેવાની ગાવસ્કરે સલાહ

બે વર્ષ પહેલાં ઢાકામાં બાંગ્લાદેશે ટેસ્ટ મેચમાં ભારત માટે મુશ્કેલીઓ સર્જી હતી. જોકે શ્રેયસ ઐયર અને અશ્વિને ભારતને વિજય અપાવ્યો હતો. ત્યારની અને વર્તમાન સમયની બાંગ્લાદેશની ટીમમાં ઘણો ફરક છે. બાંગ્લાદેશી ટીમે તાજેતરમાં જ પાકિસ્તાનને તેના જ ઘરઆંગણે હરાવીને ટ્રોફી જીતી હતી. ગાવસ્કરે જણાવ્યું હતું કે પાકિસ્તાનને તેના ઘરઆંગણે હરાવીને બાંગ્લાદેશે પોતાની ક્ષમતાનો પરચો આપ્યો હતો.

## સંક્ષિપ્ત સમાચાર

### શ્રીલંકા રાષ્ટ્રપતિ ચૂંટણીમાં પ્રથમ વખત 39 ઉમેદવારો મેદાનમાં, કોણ મારશે બાજી?

શ્રીલંકામાં 21 સપ્ટેમ્બરે રાષ્ટ્રપતિની ચૂંટણી માટે મતદાન થવાનું છે. 2022ની આર્થિક અને રાજકીય કટોકટી પછી યોજાનારી ચૂંટણીને ખૂબ જ મહત્વપૂર્ણ માનવામાં આવી રહી છે. કારણ કે ચૂંટણી પરિણામો શ્રીલંકાના રાજકીય અને આર્થિક ભવિષ્યનો નિર્ણય કરશે. લગભગ 2 વર્ષ પહેલા જાહેર વિદ્રોહ પછી ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ગોટાબાયા રાજપક્ષેને દેશ છોડીને ભાગી જવું પડ્યું હતું, ત્યારબાદ રાનિલ વિક્રમસિંઘે સંસદીય મત મેળવીને શ્રીલંકાની કમાન સંભાળી હતી.વર્ષ 2022ની આર્થિક કટોકટી પછી આ પ્રથમ વખત હશે જ્યારે લોકો રાષ્ટ્રપતિને ચૂંટવા માટે તેમના મતદાન અધિકારનો ઉપયોગ કરશે. શ્રીલંકાના ઈતિહાસમાં પ્રથમ વખત રેકોર્ડ 39 ઉમેદવારો ચૂંટણી મેદાનમાં છે. શનિવારે યોજાનારી ચૂંટણીમાં શ્રીલંકાના 1.7 કરોડ મતદારો આ ઉમેદવારોના ભાવિનો નિર્ણય કરશે. જોકે, રાનિલ વિક્રમસિંઘેની સરકારે છેલ્લા બે વર્ષમાં દેશને આર્થિક સંકટમાંથી ઉગારવાનો પ્રયાસ કર્યો છે, પરંતુ શ્રીલંકાના લોકો તેમના પર વિશ્વાસ કરે છે કે નહીં તે જોવાનું રહે છે.શ્રીલંકાના રાષ્ટ્રપતિની ચૂંટણીની રેસમાં રહેલા ચહેરાઓમાં ચાર ઉમેદવારો એવા છે કે જેના પર દરેકની નજર ટકેલી છે. આ 4 ઉમેદવારો વચ્ચે કાંટાની ટક્કર હોવાનું માનવામાં આવે છે.

### ભારતીયો માટે સારા સમાચાર, વર્ક પરમિટને લઈને કરી મોટી જાહેરાત

કેનેડાએ દેશની પસંદગીની ટેક કંપનીઓ માટે નવી LMIA-મુક્ત વર્ક પરમિટની જાહેરાત કરી છે. નવી વર્ક પરમિટ ઈન્ટરનેશનલ મોબિલિટી પ્રોગ્રામના ઈનોવેશન સ્ટ્રીમ હેઠળ રજૂ કરવામાં આવી છે. ઈનોવેશન સ્ટ્રીમ એ આ ટેક ટેલેન્ટ સ્ટ્રેટેજીનાં ચાર સ્તંભોમાંથી એક છે, જે કેનેડાને વૈશ્વિક ટેક લીડર તરીકે વિકસાવવામાં મદદ કરવા માટે કુશળ પ્રતિભાને આકર્ષવા માટે 2023 માં શરૂ કરવામાં આવી હતી. કેટલાક કુશળ વિદેશી કામદારો હવે એમ્પ્લોયર-વિશિષ્ટ વર્ક પરમિટ માટે અરજી કરવા પાત્ર છે જો તેઓને ગ્લોબલ હાઈપરગ્રોથ પ્રોજેક્ટમાં ભાગ લેતા કોઈપણ એમ્પ્લોયર તરફથી નોકરીની ઓફર મળે છે. તેમાં પસંદગીની આઠ કંપનીઓનો સમાવેશ થાય છે, જેને સરકાર દ્વારા ઉદ્યોગના અગ્રણીઓ તરીકે ઓળખવામાં આવે છે. કામદારો લેબર માર્કેટ ઈમ્પેક્ટ એસેસમેન્ટ મુક્ત વર્ક પરમિટ મેળવવા માટે સક્ષમ હશે.LMIA એ કેનેડા સરકાર દ્વારા ચોક્કસ એમ્પ્લોયર-વિશિષ્ટ વર્ક પરમિટ જાહેર કરવા માટે જરૂરી દસ્તાવેજ છે. દસ્તાવેજ એમ્પ્લોયમેન્ટ એન્ડ સોશિયલ ડેવલપમેન્ટ કેનેડા દ્વારા જાહેર કરવામાં આવે છે અને કેનેડિયન શ્રમ બજાર પર વિદેશી કામદારને નોકરી પર રાખવાની અસરનું મૂલ્યાંકન કરે છે.ઉચ્ચ-કુશળ વ્યવસાયમાં જોબ ઓફર કરો, જેમાં રાષ્ટ્રીય વ્યવસાય વર્ગીકરણ (NOC) તાલીમ, શિક્ષણ, અનુભવ અને જવાબદારી કેટેગરીઓનો 0, 1, 2, અથવા 3 માં આવતા હોદ્દાઓનો સમાવેશ થાય છેતેઓ જે વ્યવસાયમાં કામ કરવા માગે છે તેના માટે એનઓસીના રોજગાર જરૂરિયાત વિભાગમાં ઉલ્લેખિત આવશ્યક શિક્ષણ અને અનુભવ મેળવો.આ પ્રવાહ કેનેડાની અંદર અને બહાર બંને લાયકાત ધરાવતા અરજદારો માટે ખુલ્લો છે.

### સ્પેનનો એક શખ્સ નાણાં લઈ લગ્ન તોડાવે છે, જાણો વિગતવાર

એક વર્ષ અગાઉ બોલિવૂડની તૂ જૂઠી મેં મક્કાર ફિલ્મ આવી હતી. જેમાં રણવીર કપૂર અને શ્રદ્ધા કપૂર હતા. આ ફિલ્મમાં રણવીર કપૂર બ્રેક અપ સર્વિસ ચલાવે છે. ફિલ્મની સ્ટોરી પ્રમાણે આવા લોકોને પેકેજ આપે છે જેને સંબંધોને સમાપ્ત કરવામાં મદદની જરૂર હોય છે. આ સાઈડ બિઝનેસથી તે સારી કમાણી કરે છે. પરંતુ શું તમે વિચાર્યું છે કે આવું કરવું કોઈનો પ્રોફેશન પણ હોઈ શકે છે.

ફિલ્મના અભિનેતા સિવાય એક શખ્સ અંગે જણાવીશું કે જે અસલ જિંદગીમાં બ્રેકઅપ સર્વિસ ચલાવે છે. આનાથી તે સારા પૈસા કમાઈ લેતો હોય છે. ઓડિટી સેન્ટ્રલ વેબસાઈટ અનુસાર, સ્પેનના વ્યક્તિનું નામ અર્નેસ્ટો છે. કોઈપણ જે તેના લગ્ન સમાપ્ત કરવા અથવા બ્રેકઅપ કરવા માંગે છે, તે તેની કંપનીનો સંપર્ક કરે છે. એક વ્યાવસાયિકની જેમ, તે તેમના લગ્ન તોડી નાખે છે અથવા તોડી નાખે છે. અર્નેસ્ટો એક પ્રોફેશનલ રીતે સંબંધ તોડવાનું કામ કરે છે. તે કલાયન્ટને એક્સ સાથે મિલન કરાવાનો દાવો છે કે તે કલાયન્ટનો સાચો પ્રેમ કરે છે અથવા ફરી એન્ડ મોકા પર લગ્નના મંડપમાં પહોંચી આ કહે છે કે તેના અને કલાયન્ટના સંબંધ પહેલાથી છે. આ બધું કામ એટલું સિફતપૂર્વક કરે છે કે કોઈને પણ શંકા નથી જતી. આ બધું પહેલાથી આયોજન કરેલું હોય છે. જેનાથી સંબંધ કોઈપણ વિવાદ વગર સરળતાથી સમાપ્ત થઈ જતો હોય છે. ફી કેટલી લે છે ? ઉલ્લેખનીય છે કે, અર્નેસ્ટો આ કામ માટે કલાયન્ટ પાસેથી સારી એવી ફી લેતો હોય છે. પોતાના કામની પૂરી ગેરન્ટી પણ આપે છે. તેનું કામ લગ્ન તોડવાનું અને બ્રેકઅપ કરાવાનું છે. કલાયન્ટને માત્ર પૈસા આપવા પડે છે. બાદમાં તે નક્કી થઈ જાય કે જે પણ શખ્સને તેના લગ્ન થવાના છે તેના લગ્ન તૂટી જશે. પોતાની વિચિત્ર નોકરીને લીધે વિશ્વમાં તેની ચર્ચાનું કારણ બન્યો છે. તેને ખુદ સોશિયલ મીડિયા પર એક વીડિયો મૂકી પોતાના કામ અંગે જણાવ્યું છે. ઓડિટી સેંટ્રલ વેબસાઈટ અનુસાર આ કામ માટે તે 550 યુએસ ડોલર એટલે કે, 46,135 રૂપિયાની ફી લેતો હોય છે. પોતાના કામ અંગે તે જણાવે છે કે કલાયન્ટને માત્ર સ્થળ, સમય અને તારીખ જણાવે છે.

**ઈઝરાયલના હુમલામાં 41 હજાર પેલેસ્ટિનિયનનાં મોત નીપજ્યાં, જેમાં 16,500થી વધુ બાળકો સામેલ**

# ઈઝરાયલ-હમાસ યુદ્ધ | ગાઝાવાસીઓએ કહ્યું- ઈઝરાયલ અને હમાસ એક સરખા

(એજન્સી) તેલ અવીવ | તા 17

7 ઓક્ટોબર 2023ના રોજ ઈઝરાયલ પર હમાસના આતંકી હુમલાને એક વર્ષ થવા આવ્યું છે, તેમ છતાં ઈઝરાયલી સૈન્ય હજુ સુધી હમાસને ખતમ કરવામાં નાકામ રહ્યું છે. છેલ્લા એક વર્ષથી ઈઝરાયલી સૈન્ય અને હમાસ વચ્ચે પીસાઈ રહેલી પેલેસ્ટિનિયન જનતાની ધીરજ પણ ખૂટી રહી છે. એક તરફ ઈઝરાયલના હુમલામાં 41 હજાર પેલેસ્ટિનિયનનાં મોત નીપજ્યાં છે જેમાં 16,500થી વધુ બાળકો સામેલ છે. ઘણા પેલેસ્ટિનિયનનો આરોપ છે કે ગાઝામાં સત્તા જાળવી રાખવા યુદ્ધ વચ્ચે પણ હમાસનો સામાન્ય લોકો પર દમન જારી છે. ગાઝામાં હમાસ સામે અવાજ ઉઠાવનાર લોકો પર હુમલાઓ થઈ રહ્યા છે. ટીકા કરનારા ઘણા લોકોને ધમકી આપવામાં આવી રહી છે. આ સિવાય એવો પણ આરોપ છે કે હમાસે ઘણા પેલેસ્ટિનિયન નાગરિકો પર રાહત સામગ્રી એકઠી કરવાનો કે લૂંટનો આરોપ લગાવીને તેમને ગોળી મારી દીધી છે. હમાસની ટીકા કરનારાઓને ગોળી મારવાનો આરોપ ગાઝામાં હમાસ વિરુદ્ધ જાહેરમાં બોલનાર પેલેસ્ટિનિયન કાર્યકર અમીન અબેદને માર્ચમાં ઉત્તર ગાઝામાં તેના ઘરના દરવાજા પર ગોળી મારી દેવામાં આવી હતી. આ હુમલામાં તે ઘાયલ થયો હતો પરંતુ બચી ગયો હતો.

તેણે કહ્યું કે ફરી જુલાઈમાં હમાસ દ્વારા હુમલો કરવામાં આવ્યો હતો, માથું ઢાંકી દેવાયું હતું અને ઢસડીને લઈ ગયા હતા. ત્યારબાદ હથોડી અને ધાતુના સળિયા વડે માર મારવામાં આવ્યો હતો. હોસ્પિટલમાં ફોન પર ઈન્ટરવ્યૂમાં કહ્યું હતું કે કોઈ પણ સમયે ઈઝરાયલના કબજામાં મારું મોત થઈ શકે છે. જોકે હું તે લોકોના અત્યાચારોને પણ સહન કરી શકું છે.



**ગાઝામાં પત્રકારોને ધમકાવવા, ચૂપ કરવા જાસૂસીનો આરોપ**

હમાસ વિરુદ્ધ બોલતા કે લખતા પત્રકારોને પણ ગાઝામાં નિશાન બનાવવામાં આવી રહ્યા છે. તાજેતરમાં હમાસના ટીકાકાર પત્રકાર અને સોશિયલ મીડિયા એક્ટિવિસ્ટ એહાબ ફસાફૌસના ઘર પર દક્ષિણી શહેર ખાન યુનિસમાં બંદૂકધારીઓના જૂથ દ્વારા હુમલો કરવામાં આવ્યો હતો. ફાસફૂસ લાંબા સમયથી જૂથની સામાન્ય સુરક્ષા સેવાના નિશાને છે.

### હમાસ યુદ્ધને આમ નાગરિકોની વચ્ચે લઈને આવ્યું: ગાઝાવાસી

હમાસ દ્વારા યુદ્ધની એક વિદ્રોહી શૈલીનું સંચાલન કરતાં કેટલાક પેલેસ્ટિનિયનો ઘાયલ થયા છે અથવા માર્યા ગયા છે, જેમાં ગીચ વસ્તીવાળા વિસ્તારોથી ઈઝરાયલી સૈન્ય પર હુમલો કરવા માટે પેલેસ્ટિનિયનોના જીવને જોખમમાં મૂકે છે. જૂથની ટીકા કરવા બદલ અન્ય લોકો પર હુમલો કરવામાં આવ્યો છે અથવા ધમકી આપવામાં આવી છે. કેટલાક પેલેસ્ટિનિયનોને ગોળી મારી દેવાઈ. તેમના પર લૂંટનો કે સહાયનો સંગ્રહ કરવાનો આરોપ છે. ઘણા પેલેસ્ટિનિયનોનું કહેવું છે કે હમાસે પડોશીઓમાંથી હુમલા કરીને એપાર્ટમેન્ટ બિલ્ડિંગ્સ હેઠળ ટનલ બનાવીને અને શહેરનાં કેન્દ્રોમાં બંધકોને છુપાવી ગાઝાવાસીઓને ઈઝરાયલના નિશાના પર લાવી દીધા છે. અબુ શકરે કહ્યું કે જે લોકો રહેણાક વિસ્તારોમાંથી રોકેટ અને ખુલ્લી ગોળીઓ છોડે છે તેઓ નાગરિકોની પરવા કરતા નથી. જો તમે ઈઝરાયલ સાથે લડવા માગતા હોવ તો તમારે આમ કરવું પડશે. પણ તમે નાગરિકોની વચ્ચે છુપાઈને કેમ આવો છો? હમાસની ટીકા કરનારાઓને ગોળી મારવાનો આરોપ ગાઝામાં હમાસ વિરુદ્ધ જાહેરમાં બોલનાર પેલેસ્ટિનિયન કાર્યકર અમીન અબેદને માર્ચમાં ઉત્તર ગાઝામાં તેના ઘરના દરવાજા પર ગોળી મારી દેવામાં આવી હતી.

# ટ્રમ્પે આફતને અવસરમાં પલટી: હુમલાના કલાકમાં 10 લાખને ડોનેશન માટે મેલ કર્યા

ન્યૂયોર્ક | તા 17

પૂર્વ રાષ્ટ્રપતિ અને રિપબ્લિકન પાર્ટીના ઉમેદવાર ડોનાલ્ડ ટ્રમ્પ હુમલાઓના માધ્યમથી ઉત્પન્ન થયેલી સહાનુભૂતિનો ફાયદો ઉઠાવી ડોનેશન કાર્ડ રમવા માંડ્યા છે. ફ્લોરિડા ગોલ્ફ કોર્સમાં રવિવારે બનેલી ફાયરિંગની ઘટનાના 1 કલાકની અંદર જ ટ્રમ્પની ટીમે પોતાના 10 લાખ સમર્થકોને ડોનેશનના ઈ-મેલ મોકલી દીધા છે. આ બધા સમર્થકો પહેલા 50-50 ડૉલરનું ડોનેશન આપી ચૂક્યા છે. આ ઈ-મેલની સાથે ડોનેશન માટેની લિન્ક પણ મોકલવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે કમલા હેરિસ પાસે રૂ. 2500 કરોડ જ્યારે ટ્રમ્પ પાસે રૂ. 1090 કરોડનું ચૂંટણી ફંડ છે.



ટ્રમ્પ ઉપર પેન્સિલ્વેનિયામાં 13 જુલાઈએ સભામાં ફાયરિંગ થયું હતું. તેના પછી ટ્રમ્પે બધાં મહત્ત્વનાં 7 રાજ્યોમાં તત્કાલીન પ્રતિદ્વંદ્વી રાષ્ટ્રપતિ જો બાઈડેન ઉપર 4 %ની લીડ બનાવી હતી. પરંતુ રવિવારે ફ્લોરિડા ફાયરિંગની ઘટના પછી પણ ટ્રમ્પ રેટિંગમાં ડેમોક્રેટિક ઉમેદવાર કમલા હેરિસથી પાછળ પડી રહ્યા છે.

ટ્રમ્પના ગોલ્ફ કોર્સમાં ફાયરિંગના આરોપીની ધરપકડ, એકે-47 પણ જપ્ત કરાઈ

ટ્રમ્પના ફ્લોરિડાના ગોલ્ફ કોર્સમાં ફાયરિંગના આરોપી રાયન વેસ્લી રૂથ (58)ની ધરપકડ કરી એકે-47 જપ્ત કરાઈ હતી. ઘટના સમયે રૂથ ગોલ્ફ કોર્સમાં ટ્રમ્પથી લગભગ 500 મીટર દૂર હતો. સિક્રેટ સર્વિસ એજન્ટને જોઈને સ્થળ ઉપરથી ભાગેલા આરોપી રાયનને બાદમાં હાઈવે ઉપરથી ઝડપી લીધો હતો. એફબીઆઈએ રાયન ઉપર જીવલેણ હુમલો કરવાનો કેસ નોંધ્યો છે. રૂથનો હવાઈ (વિસ્તાર)માં કન્ટ્રક્શનનો નાનો ધંધો છે. રાયનનો પાછલો ક્રિમિનલ રેકોર્ડ પણ છે. તે સોશિયલ મીડિયામાં ટ્રમ્પવિરોધી પોસ્ટ લખતો રહે છે અને રાષ્ટ્રપતિ ચૂંટણીમાં કમલા હેરિસનું સમર્થન કરી રહ્યો છે. નિર્ણય... ટ્રમ્પ ખાનગી સુરક્ષા વધારશે

રેલી માટે ટ્રમ્પ પાસે ખાનગી સુરક્ષા માટે 4 કમાન્ડો છે. ટ્રમ્પ હવે 12 કમાન્ડો રાખશે. આ સિક્રેટ સર્વિસ, એફબીઆઈ અને સ્થાનિક પોલીસ સિવાયના હશે. પૂર્વ રાષ્ટ્રપતિ હોવાથી ટ્રમ્પને રેલી માટે સિક્રેટ સર્વિસના 20 કમાન્ડોની સુરક્ષા મળે છે.

### UK ટ્રાવેલ એન્ટ્રીની જરૂરિયાતો બદલવા જઈ રહ્યું છે, જતા પહેલા આટલું જાણી લેજો

લંડન | તા 17

તમામ મુલાકાતીઓને 2 એપ્રિલ, 2025થી ETAની જરૂર પડશે. "બ્રિટિશ અને આઈરિશ નાગરિકો સિવાય યુ.કે.ની મુસાફરી કરવા ઈચ્છતા દરેક વ્યક્તિએ અહીં આવતા પહેલા મુસાફરીની અધિકૃતતા મેળવવી આવશ્યક છે. યુ.કે. સરકારે આ સપ્તાહે જાહેરાત કરી છે કે આવતા વર્ષથી મુલાકાતીઓ માટે નોન-વિઝા એન્ટ્રી જરૂરિયાતોમાં મોટા ફેરફારો કરવામાં આવશે . ત્યારે સરકારે તેમના માટે ઈલેક્ટ્રોનિક ટ્રાવેલ ઓથોરાઈઝેશન (ETA) યોજના લાવાનું વિચારી રહી છે. સરકારે શું કહ્યું? મંત્રાલયે જાહેરાત કરી હતી કે બ્રિટનમાં મુસાફરી કરવા માટે વિઝાની જરૂર ન હોય તેવા તમામ મુલાકાતીઓને 2 એપ્રિલ, 2025થી ETAની જરૂર પડશે. "બ્રિટિશ અને આઈરિશ નાગરિકો સિવાય યુ.કે.ની મુસાફરી કરવા ઈચ્છતા દરેક વ્યક્તિએ અહીં આવતા પહેલા મુસાફરીની અધિકૃતતા મેળવવી આવશ્યક છે. ETA શું છે? તે ટ્રાવેલ પરમિટ છે જે ડિજિટલ રીતે પ્રવાસીના પાસપોર્ટ સાથે જોડાયેલ છે અને તે લોકો માટે છે જે વિઝા અથવા કાનૂની રહેઠાણ અધિકારો વિના યુ.કે.ની મુસાફરી કરે છે. દ્વારા દાખલ કરો અથવા પરિવહન કરો. તેની કિંમત 10 (12 યુરો, $13) છે અને એક સમયે છ મહિના સુધી, બે વર્ષ સુધી અથવા ધારકના પાસપોર્ટની સમયસીમા સમાપ્ત થાય ત્યાં સુધી યુકેની બહુવિધ ટ્રિપ્સની મંજૂરી આપે છે. પાત્રતા રાષ્ટ્રીયતા પર આધારિત છે અને પાત્ર પ્રવાસીઓ UK eTA એપ્લિકેશનનો ઉપયોગ કરીને અરજી કરી શકે છે.અગાઉ, મોટાભાગના મુલાકાતીઓ તેમના પાસપોર્ટ સાથે બ્રિટિશ એરપોર્ટ પર આવી શકતા હતા અને વિઝા વિના દેશમાં પ્રવેશી શકતા હતા. પરંતુ ગયા વર્ષે નવેમ્બરમાં જ્યારે તત્કાલીન કન્ઝર્વેટિવ સરકારે કતારના નાગરિકોથી શરૂ કરીને ETA રજૂ કર્યા ત્યારે આમાં ફેરફાર થવા લાગ્યો. આ યોજના આ વર્ષની શરૂઆતમાં લંબાવવામાં આવી હતી અને હાલમાં તેમાં અરેબિયા અને યુએઈના નાગરિકો સામેલ છે. આ દેશોના બાળકો અને શિશુઓને પણ ETAની જરૂર છે.

### અમેરિકાના ન્યુયોર્કમાં હિન્દુ મંદિર પર હુમલો, ભારતે ઉગ્ર વિરોધ વ્યક્ત કર્યો

ન્યૂયોર્ક | તા 17

અમેરિકામાં ફરી એકવાર હિન્દુ મંદિરને નિશાન બનાવવામાં આવ્યું છે. જેમાં ન્યૂયોર્કના મેલવિલે વિસ્તારમાં આવેલા BAPS સ્વામિનારાયણ મંદિરને અસામાજિક તત્વોએ નુકસાન પહોંચાડ્યું હોવાનું સામે આવ્યું છે. ત્યારે ન્યૂયોર્કમાં ભારતના કોન્સ્યુલેટ જનરલ દ્વારા આ મામલો યુએસ પ્રશાસન સાથે ઉઠાવવામાં આવ્યો છે. દૂતાવાસે આ હુમલાની નિંદા કરી છે અને તેને અસ્વીકાર્ય ગણાવ્યું છે.

સાથે જ દૂતાવાસે આ કૃત્યમાં સંડોવાયેલા ગુનેગારો સામે તાત્કાલિક કાર્યવાહી કરવા વિનંતી કરી છે.

શું છે સમગ્ર મામલો?

સોશિયલ મીડિયા પર સામે આવેલા ફૂટેજ અનુસાર, રસ્તા પર સ્પ્રે પેઈન્ટથી અપમાનજનક શબ્દો લખવામાં આવ્યા હતા અને મેલવિલેના હિંદુ મંદિરની બહાર ચિહ્નો હતા. હિન્દુ અમેરિકન ફાઉન્ડેશને આ મામલે કહ્યું છે કે ડિપાર્ટમેન્ટ ઓફ જસ્ટિસ અને ડિપાર્ટમેન્ટ ઓફ હોમલેન્ડ સિક્યુરિટીએ આ ઘટનાની તપાસ કરવી જોઈએ.

ભારતીય દૂતાવાસે વિરોધ વ્યક્ત કર્યો ન્યૂયોર્કમાં ભારતીય વાણિજ્ય દૂતાવાસે આ સમગ્ર મામલાને લઈને સોમવારે X પર પોસ્ટ કરી છે. દૂતાવાસે કહ્યું છે કે ન્યૂયોર્કના મેલવિલેમાં BAPS સ્વામિનારાયણ મંદિર પાસે સાઈન બોર્ડને તોડી પાડવાની ઘટના અસ્વીકાર્ય છે. પોસ્ટમાં કહેવામાં આવ્યું છે કે કોન્સ્યુલેટ 'સમુદાયના સંપર્કમાં છે અને આ જઘન્ય કૃત્યના ગુનેગારો સામે તાત્કાલિક પગલાં લેવા માટે કાયદા અમલીકરણ એજન્સીઓના અધિકારીઓ સાથે આ મામલો ઉઠાવ્યો છે.'

મહત્વનું કહી શકાય કે, મેલવિલે સફોક કાઉન્ટી, લોંગ આઈલેન્ડમાં સ્થિત છે અને નાસાઉ વેટરન્સ મેમોરિયલ કોલિઝિયમથી લગભગ 28 કિલોમીટર દૂર છે.

### એક દિવસમાં પત્નીને એટલા કોલ કર્યા કે પતિને થઈ જેલ,જાણો કારણ

એક વ્યકિતને એક દિવસમાં પોતાની પત્નીને 100 વખત ફોન કરવા ભારે પડયા છે. પોલીસે આરોપી પતિની ધરપકડ કરી લીધી છે. કોલ કરી પતિ ફોન પર કંઈ નહોતો બોલતો. આનાથી કંટાળીને રોષે ભરાઈ મહિલા ફોન કાપી નાંખતી હતી. આરોપી પતિએ પોલીસને જણાવ્યું કે, આ તેનો પ્રેમ કરવાની રીત હતી. પોલીસે 38 વર્ષીય વ્યકિતને તેના ફોન સ્ટોકિંગના આરોપમાં ધરપકડ કરી લેવામાં આવી છે. પૂછપરછ દરમિયાન આરોપી પતિએ કહ્યું કે, હું મારી પત્નીને ખૂબ પ્રેમ કરું છું અને કંઈપણ કહ્યા વગર તેને ફોન કરું છું. ફોન કર્યા પછી પતિ કશું નહોતો બોલતો આ આશ્ચર્યજનક કિસ્સો જાપાનના હ્યોગો પ્રાંતના અમાગાસાકીનો છે. 10 જુલાઈથી 31 વર્ષીય પરિણીત મહિલાને અજાણ્યા નંબરો પરથી કોલ આવવા લાગ્યા હતા. ફોન કરનારે કંઈ કહ્યું નહીં. આ પછી મહિલા નારાજ થઈને રોષે ભરાઈને તેણે કોલ ડિસકનેક્ટ કરી દીધો. આ ક્રમ રહ્યો. તે અજાણ્યો નંબર હોવાથી મહિલા કોલ બ્લોક પણ કરી શકી ન હતી.

### ભારતની વિયેતનામને 1 મિલિયન ડોલરની મદદ: ચક્રવાત યાગીથી પૂર-ભૂસ્ખલનમાં 200થી વધુ મૃત્યુ પામ્યા

(એજન્સી) વિયત | તા 17

ભારતે ચક્રવાત યાગીના કારણે પૂર અને ભૂસ્ખલનથી પ્રભાવિત વિયેતનામને મદદ કરવા માટે 1 મિલિયન ડોલર (આશરે રૂ. 8.4 કરોડ) ની રાહત સામગ્રી મોકલી છે. ભારતે તેને ઓપરેશન સદભાવ નામ આપ્યું છે. આ ઓપરેશન અંતર્ગત ભારતે કુલ 35 ટન રાહત સામગ્રી જેવી કે વોટર ફિલ્ટર, વોટર કન્ટેનર, ધાબળા, રસોડાના વાસણો અને સોલાર ફાનસ મોકલ્યા છે. આ સામગ્રી રવિવારે રાત્રે એરફોર્સના C17 એરક્રાફ્ટ દ્વારા મોકલવામાં આવી હતી. યાગીના કારણે વિયેતનામમાં થયેલા નુકસાન બાદ વડાપ્રધાન મોદી અને વિદેશ મંત્રી જયશંકરે વિયેતનામના લોકો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી હતી. ભારતે વિયેતનામ ઉપરાંત યાગી પ્રભાવિત મ્યાનમાર અને લાઓસમાં પણ રાહત સામગ્રી મોકલી છે. વાવાઝોડા યાગીના કારણે આવેલા પૂર અને ભૂસ્ખલનના કારણે વિયેતનામમાં 200થી વધુ લોકોના મોત થયા છે. વિયેતનામી અખબાર VN એક્સપ્રેસ અનુસાર, 100થી વધુ લોકો ગુમ છે. 800થી વધુ ઘાયલ થયા છે. 10 સપ્ટેમ્બરે લાઓ કાઈ પ્રાંતમાં ભૂસ્ખલનને કારણે લાંગ નુ ગામ કાદવમાં દટાઈ ગયું હતું. મંગળવારે સવારે લગભગ 6 વાગ્યે 500 મીટર દૂર પર્વત પરથી કાદવ અને ખડકો વહી ગયા, જેના કારણે આખું ગામ કાદવમાં દટાઈ ગયું.



આ ગામમાં 37 ઘર હતા, જેમાં 158 લોકો રહેતા હતા, ભૂસ્ખલન બાદ સ્થાનિક લોકો 17 ઘાયલ લોકોને હોસ્પિટલ લઈ જવામાં સફળ રહ્યા હતા.દક્ષિણ ચીન સાગરમાંથી ઉદભવેલું વાવાઝોડું યાગી 3 સપ્ટેમ્બરે વિયેતનામ તરફ આગળ વધ્યું હતું. 2 દિવસ પછી તે સુપર વાવાઝોડામાં ફેરવાઈ ગયું, જેના કારણે 201 કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાવા લાગ્યો. 8 સપ્ટેમ્બરના રોજ ટાયફૂન યાગી વિયેતનામના ઉત્તરી કિનારે ત્રાટક્યું હતું. દરિયાકાંઠે અથડાયા પછી પવનની ગતિ થોડી ઘટીને 149 કિમી પ્રતિ કલાક થઈ ગઈ.

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર હરિકેન યાગી આ વર્ષે એશિયાનું સૌથી શક્તિશાળી તોફાન છે. આટલું શક્તિશાળી તોફાન ત્રણ દાયકા પછી વિયેતનામમાં ત્રાટક્યું છે. વાવાઝોડા બાદ ભારે વરસાદના કારણે આવેલા પૂર અને ભૂસ્ખલનના કારણે રાજધાની હનોઈ સહિત દેશના ઉત્તરીય વિસ્તારોમાં ભારે તબાહી સર્જાઈ છે. ગામમાં પૂર બાદ ગુમ થયેલા લોકોને શોધવા માટે બચાવ કાર્યકરો પાણીમાં પ્રવેશ્યા. તેમણે માટીની અંદર હાથ નાખીને લોકોને શોધવાનું અભિયાન ચલાવ્યું.

**નેતન્યાહુએ સંરક્ષણ મંત્રીને બરતરફ કરવાની ધમકી આપી**

# હુથી વિદ્રોહીઓની બેલેસ્ટિક મિસાઈલ પ્રથમવાર મધ્ય ઈઝરાયલ પહોંચી: 2600km દુરથી નિશાન સાધ્યું

હમાસ | તા 17

હુથી બળવાખોરોએ રવિવારે પહેલીવાર ઈઝરાયલ પર બેલેસ્ટિક મિસાઈલથી હુમલો કર્યો હતો. એજન્સી અનુસાર, ઈઝરાયલની એર ડિફેન્સ સિસ્ટમ આયર્ન ડોમ પણ આ હુમલાને રોકી શકી નથી. મિસાઈલ ખુલ્લા મેદાનમાં પડી હતી, તેથી કોઈને ઈજા થઈ ન હતી. ઈઝરાયલ ડિફેન્સ ફોર્સિસ (IDF) એ હુથી વિદ્રોહીઓ દ્વારા મિસાઈલ હુમલાની પુષ્ટિ કરી છે. જો કે, તેમણે કહ્યું કે મિસાઈલ સંભવતઃ હવામાં નાશ પામી હતી અને તેના ટુકડા ખેતરોમાં અને રેલવે સ્ટેશનની નજીક પડ્યા હતા. આ હુમલો સ્થાનિક સમય અનુસાર સવારે 6.35 કલાકે થયો હતો. આ હુમલાએ તેલ અવીવ અને સમગ્ર મધ્ય ઈઝરાયલમાં સાયરન વાગવા માટે



પ્રોત્સાહિત કર્યા, હજારો લોકોને સલામત સ્થળોએ આવરી લેવા માટે પ્રોત્સાહિત કર્યા. હુથી વિદ્રોહીઓએ ઈઝરાયલ પરના હુમલાની જવાબદારી સ્વીકારી છે. તેણે કહ્યું છે કે, 7 ઓક્ટોબર સુધી આવા ઘણા હુમલા થશે. હુથી વિદ્રોહીઓએ કહ્યું- 7 ઓક્ટોબર પહેલા આવા ઘણા હુમલા થશે ટાઈમ્સ ઓફ ઈઝરાયલના જણાવ્યા અનુસાર, હુમલા બાદ હુથી વિદ્રોહીઓના પ્રવક્તા યાહ્યા સરીએ હુમલાની જવાબદારી લીધી હતી. સરીએ કહ્યું કે, જાફામાં એક સૈન્ય લક્ષ્યને 2600 કિલોમીટરના અંતરથી હાઈપરસોનિક બેલેસ્ટિક મિસાઈલ દ્વારા નિશાન બનાવવામાં આવ્યું હતું. જાફા તેલ અવીવનો ભાગ છે. સારીએ કહ્યું કે, 7 ઓક્ટોબરે ઈઝરાયલ પર હુમલાની વર્ષગાંઠ પહેલા આવા વધુ હુમલા કરવામાં આવશે. હુથી સરકારના પ્રવક્તા હાશિમ શરાફ અલ-દીને જણાવ્યું હતું કે, યમનના લોકો ઈસ્લામના પયગંબર મોહમ્મદનો જન્મદિવસ ઉજવશે, જ્યારે ઈઝરાયલીઓએ બંકરમાં રહેવું પડશે. ગાઝામાં યુદ્ધ શરૂ થયું ત્યારથી હુથી બળવાખોરોએ વારંવાર ઈઝરાયલ તરફ ડ્રોન અને મિસાઈલો છોડ્યા છે, પરંતુ તે લગભગ તમામને લાલ સમુદ્ર પર ઠાર કરવામાં આવ્યા હતાઈઝરાયલનું આયર્ન ડોમ હુથી વિદ્રોહીઓની મિસાઈલને કેમ રોકી શક્યું નથી તે હાલમાં તપાસ હેઠળ છે. ઈઝરાયલની સેનાએ કહ્યું કે, તેઓએ એર ડિફેન્સ સિસ્ટમનો ઉપયોગ કરીને મિસાઈલને હવામાં મારવાનો ઘણી વખત પ્રયાસ કર્યો હતો.

### આ એરલાઈન્સે મુસાફરોને કાળા, નેવી અથવા ગ્રે બેગનો ઉપયોગ કરવાની કરી મનાઈ

એરલાઇનએ મુસાફરોને ચેતવણી જાહેર કરી છે કે જેઓ સામાન્ય રીતે કાળા, નેવી અથવા ગ્રે સૂટકેસ સાથે મુસાફરી કરે છે - તેમને ચેકઈન સમયે કોઈપણ સમસ્યાઓ ટાળવા માટે તેમના બેગના કલરમાં ફેરફાર કરવા વિનંતી કરી છે. Ryanair એરલાઈને મુસાફરો માટે માર્ગદર્શીકા જાહેર કરી છે કે જેઓ સામાન્ય રીતે કાળા, નેવી અથવા ગ્રે સૂટકેસ સાથે મુસાફરી કરે છે - તેમને ચેકઈન સમયે કોઈપણ સમસ્યાઓ ટાળવા માટે તેમના બેગના કલરમાં ફેરફાર કરવા વિનંતી કરી છે. અગ્રણી યુરોપીયન એરલાઈને સંભવિત હોલિડેમેકર્સને તેમના ચેક-ઈન સામાનને કેરોયુઝલ પર વધુ સજાગ બનાવવાની સલાહ આપી છે કારણ કે ઘણા લોકો પાસે એક સરખા રંગની બેગ હોય છે. Ryanair તરફથી એક નિવેદન આપવામાં આવ્યું છે કે "કેરોયુઝલ પર તમારા ચેક-ઈન કરેલા સામાનને જોવાનું સરળ બનાવો, ખાસ કરીને જો તમારા સુટકેસનો રંગ કાળો, નેવી અથવા ગ્રે ( 99.9 ટકા લોકો આજ કલરની બેગ યુઝ કરે છે) રાખવાનું અવોઈડ કરો, જેથી તમારે ચેકઈન સમયે સામાન શોધવામાં મુશ્કેલી ન પડે"

## સંક્ષિપ્ત સમાચાર

### GOOGLEએ બિહારના નાનકડા ગામના એક છોકરાને આપ્યું 2 કરોડનું પેકેજ



(એજન્સી) નવી દિલ્હી | તા 17

મોટાભાગના લોકો ગૂગલ જેવી મોટી કંપનીમાં કામ કરવાનું સપનું જોતા હોય છે. આવી તક સરળતાથી નથી મળતી તેને મેળવવા માટે ઘણી મહેનત કરવી પડે છે. ત્યારે બિહારના એક નાના ગામમાં રહેતા અભિષેક કુમારે મહેનત અને સમર્પણથી આ હાંસલ કરીને બતાવ્યું છે.અભિષેક જમુઈના ઝાઝા બ્લોક વિસ્તારના જમુખરૈયાનો રહેવાસી છે. હાલમાં તે તેના પરિવાર સાથે ઝાઝામાં રહે છે પરંતુ ટૂંક સમયમાં તે ગૂગલ ઓફિસમાં કામ કરવા જઈ રહ્યો છે. અભિષેકના પિતા ઈન્દ્રદેવ યાદવ જમુઈ સિવિલ કોર્ટમાં વકીલ છે. તેની માતા મંજુ દેવી ગૃહિણી છે. માતાએ કહ્યું કે તે તેના પુત્રની સિદ્ધિ પર ખૂબ જ ગર્વ અનુભવી રહી છે. પિતાએ પુત્રની આ સિદ્ધિ પર ખુશી વ્યક્ત કરી છે.તમને જણાવી દઈએ કે અભિષેકે 2022માં પટના NITમાંથી B.Tech (કમ્પ્યુટર સાયન્સમાં) કર્યું છે. આ પછી, મને એમેઝોનમાં મારી પ્રથમ નોકરી મળી. હવે ગૂગલમાં પસંદગી કરવામાં આવી છે. NIT પટનામાંથી B.Tech પૂર્ણ કર્યા પછી, અભિષેક કુમારને 2022 માં બર્લિનથી Amazon કંપની તરફથી 1 કરોડ 8 લાખ રૂપિયાની ઑફર મળી.

### સરકારી એજન્સીઓ વિરુદ્ધ નકારાત્મક ટિપ્પણી તેમને હતાશ કરી શકે: ઉપરાષ્ટ્રપતિ

(એજન્સી) નવી દિલ્હી | તા 17

સીબીઆઇ વિશે પિંજરામાં બંધ પોપટ જેવી ટિપ્પણી અંગે ઉપરાષ્ટ્રપતિ ધનખડે નિવેદન આપ્યું છે. તેમણે કહ્યું કે ચૂંટણી પંચ અને તપાસ એજન્સીઓ સહિત અનેક સરકારી સંસ્થાઓ મુશ્કેલ સ્થિતિઓ વચ્ચે પોતાની ફરજ બજાવતી હોય છે.એક નકારાત્મક ટિપ્પણી તેમના ઉત્સાહને હણી શકે છે. તેમણે કહ્યું કે દેશના સંસ્થાનો વિશે નકારાત્મક ટિપ્પણી કરવાને મુદ્દે સાવધ રહેવાની જરૂર છે. આ સંસ્થાઓ મજબૂતી પૂર્વક યોગ્ય તપાસ અને સંતુલન સાથે કાયદેસર કામ કરતી હોય છે. મુંબઇ ખાતે રવિવારે એક કાર્યક્રમને સંબોધતાં તેમણે કહ્યું કે રાજ્યના તમામ અંગોનો ઉદ્દેશ સામાન્ય માનવીને અધિકાર આપીને સમૃદ્ધ ભારતના નિર્માણનો જ છે. તેમણે કહ્યું કે સંસ્થાઓએ લોકશાહી મૂલ્યો અને બંધારણીય આદર્શોને પોષતાં પોષતાં સાથે મળીને કામ કરવું જોઈએ. આ પવિત્ર મંચોને વિધાયિકા, કાર્યપાલિકા કે ન્યાયપાલિકા દ્વારા રાજકીય ઉશ્કેરણીજનક ચર્ચાનું ટ્રિગર બિંદુ ના બનવા દો. તે બાબત નુકસાન કારક છે. આવા સંસ્થાનોની સ્થાપના પડકારરૂપ છે. તેમણે ચૂંટણી પંચ અને તપાસ એજન્સીઓનો ઉલ્લેખ કરતાં કહ્યું કે સંસ્થાઓ કઠોર સ્થિતિમાં પોતાનું કર્તવ્ય નિભાવી રહી છે અને નકારાત્મક ટિપ્પણી તેમને હતાશ કરી શકે છે.

### મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણી: NCPએ માંગી 80 બેઠકો, શું ભાજપ તૈયાર થશે?

(એજન્સી) નવી દિલ્હી | તા 17

ભાજપના મહારાષ્ટ્ર એકમના અધ્યક્ષ ચંદ્રશેખર બાવનકુલેએ પણ કહ્યું કે લગભગ 70-80 ટકા એટલે કે લગભગ 288 વિધાનસભા વિસ્તારોમાં બેઠક વહેંચણી પર શાસક ગઠબંધનના ફોર્મ્યૂલાને અંતિમ રૂપ આપવામાં આવ્યું છે. ચંદ્રશેખર બાવનકુલેએ કહ્યું મહાયુતિ સહયોગીઓની વચ્ચે બેઠક વહેંચણી અને તેની ઔપચારિક જાહેરાત વિશે પૂછવા પર દેવેન્દ્ર ફડણવીસે પૂણેમાં મીડિયાને કહ્યું, 'બેઠક વહેંચણીના ફોર્મ્યૂલાને ટૂંક સમયમાં જ અંતિમ રૂપ આપવામાં આવશે.' દેવેન્દ્ર ફડણવીસે આ વિશે કોઈ અન્ય જાણકારી આપી નથી. જોકે, ચંદ્રશેખર બાવનકુલેએ દાવો કર્યો કે લોકો મહાયુતિની બેઠક વહેંચણીના ફોર્મ્યૂલાને એમવીએના ઘટકો કોંગ્રેસ, શિવસેના (યુબીટી) અને રાકાંપા (શરદચંદ્ર પવાર) તરફથી કરારની જાહેરાત પહેલા જ જોઈ લેશે. બાવનકુલેએ કહ્યું કે લગભગ 70-80 ટકા મત વિસ્તારોમાં બેઠક વહેંચણીને અંતિમ રૂપ આપવામાં આવ્યુ છે. ઉલ્લેખનીય છે કે વર્તમાન વિધાનસભામાં ભાજપ 103 ધારાસભ્યોની સાથે સૌથી મોટી પાર્ટી છે, તે બાદ શિવસેના 40, રાકાંપા 41, કોંગ્રેસ 40, શિવસેના (યુબીટી) 15, રાકાંપા (શરદચંદ્ર પવાર) 13 અને અન્ય 29 છે. અમુક બેઠકો ખાલી છે.

### એસટી વિભાગય નિયામકે સ્વચ્છ યાત્રા શુભ યાત્રા અંતર્ગત લીમખેડા એસટી ડેપો સહિત ધાનપુરમાં સફાઈ અભિયાન હાથ ધરાયું

દિપક રાવલ, દાહોદ

સ્વચ્છતા હી સેવા સફાઈ અભિયાન અંતર્ગત વિભાગીય નિયામક શ્રી બી આર ડિંડોર સાહેબ નાં માર્ગ દર્શન હેઠલ લાઈઝનીગ અધિકારી શ્રી વી કે



રાઠવા સાહેબ ડેપો મનેજર શ્રી એસ એસ પટેલ સાહેબ તેમજ કર્મચારીઓ મુસાફર જનતા ને બારિયા ડેપો અને ધાનપુર લીમખેડાના બસ સ્ટેન્ડ ખાતે થી સ્વચ્છતા ની શરૂવાત કરવામાં આવી હતી એસટી વિભાગીય નિયામક બી. આર. ડીંડોરે જણાવ્યું હતું કે ગુજરાતની બસો અને બસ સ્ટેશનો ખાતે શુભ યાત્રા સ્વછયાત્રા અભિયાનની શરૂઆત કરવામાં આવી છે ત્યારે મુસાફર જનતાએ બસ સ્ટેશન તેમજ બસમાં કચરો કચરા પેટીમાં નાખવો, જ્યાં ત્યાં ગંદકી કરવી નહીં અને કરવા દેવી નહીં સ્વચ્છતા જાળવવા માટે અનુરોધ કર્યો હતો.

## રેલવે બોર્ડના અધ્યક્ષ શ્રી સતીશ કુમારએ અમદાવાદ અને ગાંધીનગર કેપિટલ સ્ટેશનનું સઘન નિરીક્ષણ કર્યું

અમદાવાદ | તા 17



રેલવે બોર્ડના અધ્યક્ષ અને મુખ્ય કાર્યકારી અધિકારી (CRB & CEO) શ્રી સતીશ કુમાર એ અમદાવાદ મંડળ પર પોતાના પ્રવાસ દરમિયાન અમદાવાદ અને ગાંધીનગર સ્ટેશનોનું સઘન નિરીક્ષણ કર્યું. સીઆરબી & સીઈઓ શ્રી કુમાર એ આપણા અમદાવાદ રેલવે સ્ટેશનના રિડેવલપમેન્ટ કામની પ્રગતિનો ચિતાર મેળવ્યો.

આ દરમિયાન મંડળના સિનિયર અધિકારીઓ અને RLDA ના અધિકારીઓની સાથે ગુજરાતમાં ચાલી રહેલી વિવિધ પરિયોજનાઓની પ્રગતિ અંગે બેઠક કરી જેમાં અમદાવાદ સ્ટેશનના પુનઃવિકાસ સહિત વિવિધ રેલવે ઈન્ફ્રાસ્ટ્રક્ચરની પરિયોજનાઓની પ્રગતિની સમીક્ષા કરી. તેમણે અમદાવાદ સ્ટેશન પર રિડેવલપમેન્ટ સાઈટની મુલાકાત લીધી અને થઈ રહેલા પુનઃવિકાસના કામોની પ્રગતિ નિહાળી તથા નિર્માણ દરમિયાન ક્લોલિટી સાથે કોઈ પણ સમાધાન ન કરવા અને કામમાં વધુ ઝડપ લાવવાના નિર્દેશ પણ આપ્યા. તેમણે ગાંધીનગર કેપિટલ સ્ટેશન પર સંરક્ષાને ધ્યાનમાં રાખતાં ઈલેક્ટ્રોનિક ઈન્ટરલોકિંગ સિસ્ટમ તથા પોઈન્ટ & ક્રોસિંગનું નિરીક્ષણ કર્યું તેમજ સ્થાનિક રેલવે કર્મચારીઓ સાથે ચર્ચા કરી. સાથે જ ગેંગમેન અને કિમેન રેલવે કર્મચારીઓ સાથે મુલાકાત કરી અને તેમની પાસેથી સંરક્ષા સંબંધી મહત્વના પાસાઓ વિશે માહિતી લીધી. શ્રી કુમાર એ સાબરમતી યાર્ડમાં વેગન જાળવણી ડેપોને પણ જોયું અને રનિંગ રૂમ સ્ટાફ સાથે મુલાકાત કરીને રેલવે દ્વારા તેમને આપવામાં આવી રહેલી સુવિધાઓ વિશે જાણ્યું. તેમણે મણિનગર રેલવે ક્રોસિંગનું રાતના સમયે નિરીક્ષણ કર્યું. ક્રોસિંગ પર ફરજરત ગેટમેનને સંરક્ષા વિશે સાચી માહિતી આપવા પર પ્રશંસા કરતાં ઈનામ પણ આપ્યું. પ્રવાસ દરમિયાન તેમણે પશ્ચિમી ડેડિકેટેડ ફ્રેઈટ કૉરિડોરના સાબરમતી ખાતે આવેલા ઑપરેશન કમાન્ડ સેન્ટરને પણ જોયું તથા ચીફ જનરલ મેનેજર DFCCIL શ્રી મનીષ અવસ્થી અને અન્ય સિનિયર અધિકારીઓ સાથે વાર્તાલાપ કર્યો.

## અમદાવાદ મંડળ પર "સ્વચ્છતા એ જ સેવા" અભિયાન હેઠળ વિવિધ કાર્યક્રમોનું આયોજન



અમદાવાદ | તા 17

ભારતીય રેલવે પર "સ્વચ્છતા એ જ સેવા" અભિયાન હેઠળ 17 સપ્ટેમ્બર 2024 થી 01 ઓક્ટોબર 2024 સુધી "સ્વચ્છતા પખવાડિયું" મનાવવામાં આવી રહ્યું છે. 02 ઓક્ટોબર 2024 ને "સ્વચ્છ ભારત દિવસ" રૂપે મનાવવામાં આવશે. આ અવસર પર અમદાવાદ મંડળ પર ઘણી સ્વચ્છતા સંબંધિત પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું. ડીઆરએસ શ્રી શર્મા એ મંડળ કચેરીમાં ઉપસ્થિત અધિકારીઓ અને કર્મચારીઓને "સ્વચ્છતા શપથ" અપાવી અને દર વર્ષે 100 કલાક શ્રમદાન કરવાનો સંકલ્પ લીધો. આ ક્રમમાં મંડળના વિવિધ સ્ટેશનો પર કર્મચારીઓ અને કોન્ટ્રાક્ટ ક્લીનિંગ સ્ટાફને પણ સ્વચ્છતા શપથ અપાવવામાં આવી. યાત્રીઓને સ્વચ્છતા પ્રત્યે જાગૃત કરવા માટે સ્ટેશનો પર ઉદઘોષણા સિસ્ટમ દ્વારા સતત સ્વચ્છતા સંબંધિત સંદેશનું પ્રસારણ કરવામાં આવી રહ્યું છે. સ્વચ્છતા પખવાડિયાના પ્રથમ દિવસને 'સ્વચ્છતા જાગૃતિ દિવસ' રૂપે મનાવવામાં આવ્યો.

અમદાવાદ મંડળના કર્મચારીઓએ "એક વૃક્ષ માતાના નામે" થીમ પર વૃક્ષારોપણ પણ કર્યું. આ પ્રકારના વૃક્ષારોપણ કાર્યક્રમ મંડળના વિવિધ સ્ટેશનો, કચેરીઓ, કોચિંગ ડેપો અને હોસ્પિટલોમાં પણ આયોજિત કરવામાં આવ્યા. આ અભિયાન મારફતે અમદાવાદ મંડળ પર ભારતીય રેલવેના 'સ્વચ્છ ભારત' ના લક્ષ્ય તરફ પોતાની કટિબદ્ધતાને દર્શાવી રહ્યું છે અને સમાજમાં સ્વચ્છતા પ્રત્યે જાગૃતિને વધારવાના પ્રયત્નો કરી રહ્યું છે.

## અસરકારક પૂર વ્યવસ્થાપન માટે નવીન શહેરી આયોજન: અનિલ કુમાર, વરિષ્ઠ ઉપપ્રમુખ - પાણી, શહેરી અને હાઇડ્રોપાવર, રોડિક કન્સલ્ટન્ટ્સ

મુંબઇ | તા 17

હવામાન-સંબંધિત આફતો જેમ કે વારંવાર ગરમીના મોજાં, તીવ્ર વરસાદ, ત્વરિત બરફ ઓગળવો, સમુદ્રી ઉષ્ણતા, દુષ્કાળ અને ગંભીર તોફાનો વિશ્વભરમાં વધુને વધુ સામાન્ય બની રહ્યા છે. આ ઘટનાઓ ખાદ્ય પુરવઠો, ઉદ્યોગ પુરવઠા સાંકળ અને નાણાકીય બજારોને વિક્ષેપિત કરી રહી છે, જ્યારે સાથે જ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને શહેરો, માનવ સ્વાસ્થ્ય અને રાષ્ટ્રીય વિકાસને પણ નોંધપાત્ર નુકસાન પહોંચાડે છે. અવલોકનો સૂચવે છે કે ભારતના ઘણા રાજ્યોમાં ભારે વરસાદની



ઘટનાઓ 1950 ના દાયકાથી અત્યાર સુધીમાં ત્રણ ગણી વધી ગઈ છે. 1950-2022 દરમિયાન 300 મોટી પૂરની ઘટનાઓ નોંધાઈ છે જેનાથી 30 કરોડ લોકોને અસર થઈ છે, અને 2 કરોડ બેઘર થયા છે અને લગભગ 90,000 લોકોના મૃત્યુ થયા છે. ભારતમાં સૌથી વધુ અસરગ્રસ્ત પૂર-પ્રેરિત પ્રદેશોમાં કેરળ, ઓરિસ્સા, આંધ્રપ્રદેશ, પશ્ચિમ બંગાળ, બિહાર, ઉત્તર પ્રદેશ, આસામ, મહારાષ્ટ્ર અને ગુજરાતનો સમાવેશ થાય છે. આ પુનરાવર્તિત ઘટનાઓ પરંપરાગત આયોજનના સિદ્ધાંતોથી આગળ વધવાની તાકીદની જરૂરિયાત પર ભાર મૂકે છે અને શહેરી આયોજન અને શહેરની સ્થિતિસ્થાપકતા માટે પરિવર્તનશીલ અભિગમની જરૂર દર્શાવે છે - એવું જે માત્ર પૂરની અસરને ઓછી કરે એટલું જ નહીં પરંતુ આ જળ પ્રકોપ-સંબંધી જોખમોની અસરને ઘટાડવાની પણ ખાતરી આપે છે.

## ડૉ. મુરલીધર સિંહ : સેવાનિવૃત્તિ પછી નવો અધ્યાય, ન્યાય અને સમાજ સેવા માટે અગ્રેસર

અયોધ્યા/લખનૌ | તા 17



પૂર્વ ઉપ નિદેશક સૂચના અયોધ્યા ધામ, વર્તમાનમાં અલ્હાબાદ ઉચ્ચ ન્યાયાલયના સક્રિય અધિવક્તા

અયોધ્યા અને ઉત્તર પ્રદેશના મીડિયાનો એક નવા કામના હિમાયતી તરીકે તેમના સહકાર અને સમર્થન અને આશીર્વાદ માટે હૃદયપૂર્વક આભાર. હું લગભગ 35 વર્ષની સરકારી સેવામાંથી લોકસભાની ચૂંટણી દરમિયાન નિવૃત્ત થયો હતો. હું 25 સપ્ટેમ્બર 1989 (પંડિત દીનદયાલ ઉપાધ્યાયની જન્મજયંતિ) ના રોજ નોકરીમાં જોડાયો અને લગભગ 35 વર્ષ અવિરત સેવા આપીને નિવૃત્ત થયો છું, જેમાંથી લગભગ 15 વર્ષ માહિતી નિયામકની કચેરી, લખનૌમાં વિવિધ પોસ્ટ પર અને 20 વર્ષ રાજ્યની લગભગ અડધો ડઝન અન્ય કચેરીઓ મોટા ભાગના જિલ્લાઓમાં જોવા મળી હતી જેમાં પ્રયાગરાજ, વારાણસી, ઝાંસી, ગોરખપુર, બસ્તી, મથુરા વગેરે મુખ્ય જિલ્લાઓ હતા. તમામ જિલ્લા અને રાજ્યના પત્રકાર ભાઈઓ સાથે સારા સંબંધો હતા. હું ખાસ કરીને પ્રથમ દીપોત્સવ 2017 થી ભાજપ સરકારની રચના પછી અયોધ્યાના પત્રકારોના સંપર્કમાં આવ્યો, જે સાતમા દીપોત્સવ 2023 સુધી અવિરત ગતિએ ચાલુ રહ્યો. અત્યાર સુધીમાં 2017માં 1.87 લાખ લેમ્પ, 2018માં 3.11 લાખ લેમ્પ, 2019માં 4.40 લાખ લેમ્પ, 2020માં 6.6 લાખ લેમ્પ, 2020માં 9.41 લાખ લેમ્પ અને 2021માં 9.41 લાખ લેમ્પ અને 2021માં 2.27 લાખ લેમ્પ પ્રગટાવવાનો ગિનિસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ છે. 2023 માં લેમ્પ્સ. સત્તાવાર રીતે, આઠમા દીપોત્સવની તૈયારીઓ પણ શરૂ થઈ ગઈ છે, જે 30 ઓક્ટોબર 2024 ના રોજ આવશે.

તમને મીડિયા ભાઈઓ તરફથી બહોળો સહયોગ મળ્યો અને માહિતી વિભાગનું કામ પત્રકારો સાથે વહીવટીતંત્રને સંકલન કરવાનું અને મીડિયાને સુવિધાઓ આપીને વધુ સારું કવરેજ આપવાનું છે. 2017માં શરૂઆતમાં દીપોત્સવ શરૂ થયો ત્યારે મીડિયા સેન્ટર બનાવવામાં આવ્યું ન હતું અને 2018 સુધી જૂના બસ સ્ટેન્ડમાંથી પાસ વગેરેની કામગીરી કરવામાં આવી હતી, જેમાં 2017માં 1012 અને 2018માં 1821 મીડિયા પાસ આપવામાં આવ્યા હતા. કાર્યના વિસ્તરણને ધ્યાનમાં રાખીને, એક મીડિયા સેન્ટરની સ્થાપના કરવામાં આવી હતી અને 2019 માં ભોજનની વ્યવસ્થા કરવામાં આવી હતી. આ કામ રામકથા મ્યુઝિયમમાં કરવામાં આવ્યું હતું, જેમાં જિલ્લા વહીવટીતંત્ર, માહિતી વિભાગ અને સ્થાનિક ખાદ્ય વિક્રેતાઓનો સહકાર લેવામાં આવ્યો હતો, જેમાં મીડિયા માટે લગભગ 2255 પાસ આપવામાં આવ્યા હતા અને આ કાર્ય ચાલુ રહ્યું હતું અને વર્ષ 2020માં 2317, 2021માં 2658 પાસ થયા હતા. 2022 માં. 5583 મીડિયા કર્મચારીઓને 3118 અને 2023 જારી કરવામાં આવ્યા હતા જેમાં સ્થાનિક, રાજ્ય અને દિલ્હી અને વિદેશી મીડિયાનો સમાવેશ થાય છે. ખાસ કરીને સપ્તમ દીપોત્સવ 2023માં વધુ સારી વ્યવસ્થા કરવામાં આવી હતી, જેથી સપ્તમ દીપોત્સવે બધાની વચ્ચે એક રેકોર્ડ બનાવ્યો હતો. આ ઉપરાંત, રામ જન્મભૂમિ પૂજન સમયે, કોરોના સમયગાળા દરમિયાન, 05 ઓગસ્ટ 2020 ના રોજ સરકારી મીડિયા દૂરદર્શન અને તેની સાથે સંકળાયેલા લોકોને 1051 પાસ જારી કરવામાં આવ્યા હતા અને તે જ રીતે, શ્રી રામજન્મભૂમિ અંગે માનનીય સુપ્રીમ કોર્ટના નિર્ણય પછી. 09 નવેમ્બર 2019 ના રોજ, રાજ્યમાં લગભગ 1953 પાસ જારી કરવામાં આવ્યા હતા અને બહારના મીડિયાને જાહેર કરવામાં આવ્યા હતા.

## ધ ક્લાઇમેટ પ્લેજે ભારતમાં ઈલેક્ટ્રિક વાહનોના વપરાશને વેગ આપવા ભાગીદારીવાળા ચાર્જિંગ સ્ટેશન્સનું નવું નેટવર્ક શરૂ કર્યું

બેંગાલુરુ | તા 17




ધ ક્લાઈમેટ પ્લેજે આજે સહિયારી કામગીરી માટેના નવા પ્રોજેક્ટ - JOULE (જોઈન્ટ ઓપરેશન યુનિફાઈંગ લાસ્ટ-માઈલ ઈલેક્ટ્રિફિકેશન)ની જાહેરાત કરી છે. આ પ્રોજેક્ટ હેઠળ ભારતના બેંગાલુરુમાં તેના પર હસ્તાક્ષર કરનારા અને ઉદ્યોગ પાર્ટનર્સ ઈલેક્ટ્રિક વાહનો (ઈવી) માં ભાગીદારીવાળા ચાર્જિંગ સ્ટેશન્સનું નેટવર્ક ઊભું કરશે. એમેઝોન અને ગ્લોબલ ઓપ્ટિમિઝમ દ્વારા 2019માં સ્થાપિત ધ ક્લાઈમેટ પ્લેજ પેરિસ સંધિ પહેલા જ 2040 સુધીમાં નેટ-ઝીરો ઉત્સર્જન માટે કટિબદ્ધ છે. પ્લેજ પર હસ્તાક્ષર કરનારા 2030 સુધીમાં ભેગા મળીને 2.65 મિલિયન ડૉલરનું મૂડીરોકાણ કરશે. એમેઝોન, મહિન્દ્રા લોજીસ્ટિક્સ, ઉબર, એચસીએલટેક અને મજેન્ટા મોબિલિટી સાથે મળીને ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો બરાબર ઉપયોગ થાય તે સુનિશ્ચિત કરવા અને ઈવી કાફલાની જરૂરિયાતોનો સમન્વય કરીને ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો યોગ્ય ઉપયોગ થાય તેનું ધ્યાન રાખશે. ભારત-સ્થિત ઈવી ચાર્જિંગ પ્લેટફોર્મ અને ઉદ્યોગ પાર્ટનર કાઝમ ભાગીદારીવાળા ચાર્જિંગ સ્ટેશન્સનું નેટવર્ક ઊભું કરશે. પ્રોજેક્ટને રિન્યુએબલ એનર્જી પૂરી પાડતી કંપની ગ્રીનકો અને સ્ટ્રેટેજીક કન્સલ્ટિંગ પાર્ટનર ડેલોઈટ્ટનું સમર્થન પણ છે.

## વડોદરા મંડળ દ્વારા પ્રતાપનગરમાં સેફ્ટી સેમિનારનું આયોજન

### ડીઆરએમ દ્વારા જાગ્રત રેલ્વે કર્મચારીને પુરસ્કૃત કરાયા

વડોદરા | તા 17



વેસ્ટર્ન રેલવેના વડોદરા મંડળના પ્રતાપનગર ખાતે સેફ્ટી સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં મંડળના વરિષ્ઠ અધિકારીઓ અને સંરક્ષા સંબંધિત રેલવે કર્મચારીઓએ ભાગ લીધો હતો. આ સંરક્ષા સેમિનારમાં મુખ્યત્વે ભારતીય રેલ્વેમાં થતા અકસ્માતોના કારણો અને તેને રોકવા માટે લેવામાં આવતા પગલાઓ પર વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી, જેમાં સક્રિય રેલ્વે કર્મચારીઓએ પણ પોતાના અનુભવો અને મંતવ્યો શેર કર્યા હતા. સિનિયર મંડળ સંરક્ષા ઓફિસર શ્રી શરદ ગૌતમે જણાવ્યું હતું કે રેલ્વે કર્મચારીઓમાં સલામતી અંગે જાગૃતિ લાવવા, ફરજ પર હોય ત્યારે સતર્કતા અને સતર્કતાથી કામ કરવા અને સલામતી સંબંધિત મુદ્દાઓ અંગે અન્ય લોકોને જાગૃત કરવા માટે આ મહત્વપૂર્ણ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. સેમિનાર દરમિયાન આસિસ્ટન્ટ ડિવિઝનલ સંરક્ષા ઓફિસર શ્રી અમિત રંજને રેલ્વે કર્મચારીઓને ફરજ દરમિયાન સાવચેત અને સાવધાન રહેવા જણાવ્યું હતું. કોઈપણ પ્રકારના ટ્રેક રિપેરિંગ દરમિયાન કોઈપણ શોર્ટકટ ન અપનાવો, શંટિંગ દરમિયાન સલામતીના નિયમોનું પાલન કરો. શંટીંગ ચળવળ દરમિયાન યોગ્ય બિંદુ સેટિંગની ખાતરી કરો. સેમિનારમાં અનુભવી ફિલ્ડ સ્ટાફ દ્વારા ભૂતકાળના અકસ્માતો, અસાધારણતા અને નિષ્ફળતાઓ પરના કેસ સ્ટડીઝ રજૂ કરવામાં આવ્યા હતા; આ અકસ્માતો/અસામાન્યતાઓ તરફ દોરી ગયેલી ભૂલો અને શીખેલા પાઠની વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. ડીરેલટમેન્ટ હેડ ઓન કૉલિજન, NI વર્કિંગ દરમિયાન લેવાની સાવચેતી, યાર્ડ મેઈન્ટેનન્સ પ્રેક્ટિસ, શંટીંગ દરમિયાન લેવાતી સાવચેતી, લેવલ ક્રોસિંગની જાળવણી, વ્યક્તિગત સલામતી, કાર્યસ્થળની સલામતી, આરોગ્ય વગેરે જેવા વિષયો પર વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. આ સમય દરમિયાન, વળાંક, બ્રિજ, એલસી ગેટ, સ્ટેશન અને કાર્યસ્થળ પર સતત વ્હિસલ વગાડતી વખતે લોકો પાઈલટને આગળ વધવાની સૂચના આપવામાં આવી હતી.

## દિલ્હીમાં નવેમ્બરમાં વિધાનસભા ચૂંટણી અશક્ય, આ ત્રણ કારણોના લીધે પૂરી નહીં થાય AAPની માંગ

(એજન્સી) નવી દિલ્હી | તા 17

23 ફેબ્રુઆરી 2025 ના રોજ દિલ્હીની વર્તમાન વિધાનસભાનો કાર્યકાળ પૂરો થશે. એવામાં દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે બે દિવસ પહેલા જ પાર્ટી કાર્યકર્તાઓને સંબોધીને રાજીનામું આપવાની ઘોષણા કરી હતી અને કહ્યું હતું કે હવે ત્યારે જ સીએમ પદ પર બેસીશ જ્યારે જનતા મને જીત આપવાશે. આથી આજે કેજરીવાલ મુખ્યમંત્રી પદેથી રાજીનામું આપશે.આ સાથે અરવિંદ કેજરીવાલે ચૂંટણી પંચ પાસે માંગ કરી હતી કે મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીની સાથે દિલ્હીમાં પણ વિધાનસભાની ચૂંટણી કરાવવામાં આવે. જો કે કેજરીવાલની આ માંગને અમલમાં મૂકવી ઘણી મુશ્કેલ છે. જેની પાચળ ઘન કારણો છે. જે જાણીએ. ચૂંટણી કરાવવા માટે મતદાર યાદી જરૂરી છે. પરંતુ હજુ દિલ્હીની મતદાર યાદી તૈયાર નથી. તે તૈયાર કરવામાં ઓછામાં ઓછા બે મહિનાનો સમય લાગે એમ છે. મહારાષ્ટ્ર, હરિયાણા, ઝારખંડ અને જમ્મુ-કાશ્મીરમાં ચૂંટણી યોજવા માટે ચૂંટણી પંચે 25 જૂનથી આ રાજ્યોમાં મતદાર યાદીની પ્રક્રિયા શરૂ કરી હતી. મતદાર યાદીનો અંતિમ ડેટા 20 ઓગસ્ટના રોજ પ્રકાશિત કરવામાં આવ્યો હતો. તેમજ હરિયાણા અને જમ્મુ કાશ્મીરમાં વિધાનસભા ચૂંટણીની તારીખો મતદારયાદી તૈયાર થયા બાદ જ જાહેર કરવામાં આવી હતી. 20 ઓગસ્ટથી દેશભરમાં મતદાર યાદી અપડેટ કરવાની પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે.


**નામ બદલેલ છે**

મારુ નામ દીપાબેન નરેશકુમાર છાબલાની માંથી દીપા નરેશ છાબલાની રાખેલ છે.
**સરનામું:-** એ-23, ન્યુ ઈન્દિરાબાગ સોસાયટી, (વિષ્ણુ પાર્ક), બેઠક નરોડા, અમદાવાદ.

**નામ બદલેલ છે**

મારુ નામ **નરેશકુમાર લક્ષ્મણદાસ છાબલાની** માંથી **નરેશ લક્ષ્મણદાસ છાબલાની** રાખેલ છે.
**સરનામું:-** એ-23, ન્યુ ઈન્દિરાબાગ સોસાયટી, (વિષ્ણુ પાર્ક), બેઠક નરોડા, અમદાવાદ.

Punjab & Sind Bank
(A Govt. of India Undertaking)
Where service is a way of life

અમદાવાદ ઓફિસ: ૧૦,૧૧,૧૨, પુષ્પમ કોમ્પલેક્ષ, સીમા હોલ સામે, આનંદનગર રોડ, સેટેલાઈટ, અમદાવાદ-૩૮૦૦૧૫. ઈમેલ : a0925@psb.co.in

**પરિશિષ્ટ-IV [નિયમ ૮(૧)]**
**કબજા નોટિસ (સ્થાવર મિલકત માટે)**

નીચે સહી કરનાર તે **પંજાબ એન્ડ સિંધ બેંક** અધિકૃત અધિકારીએ ધી સિક્યોરિટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્શિયલ એસેટ્સ એન્ડ એનફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ અને સેક્શન ૧૩ (૧૨) ને ધ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ના નિયમ ૩ સાથે વંચાણે લેતાં હેઠળ મળેલ સત્તાની રૂએ **૧. શ્રી જૈનમ કોઠારી (ઉધાર લેનાર) ૨. શ્રી ગૌરાંગ ચંદ્રકાંતભાઈ કોઠારી (સહ ઉધાર લેનાર) અને ૩. શ્રીમતી વિરલ ગૌરાંગ કોઠારી (સહ ઉધાર લેનાર) તા. ૦૧/૦૭/૨૦૨૪** ના રોજ એક માંગણા નોટિસ મોકલી હતી કે નોટિસમાં જણાવેલ રકમ **રૂ. ૩૭,૨૮,૪૩૬.૪૧ (અંકે રૂપિયા સાડત્રીસ લાખ અઠયાવીસ હજાર ચારસો છત્રીસ અને એકતાલીસ પૈસા પુરા)** તારીખ ૩૧-૦૬-૨૦૨૪ મુજબ ઉપરોક્ત નોટિસ મળ્યાની થી ૬૦ દિવસની અંદર ચૂકવી આપવા જણાવેલ સાથે ભાવિ વ્યાજ અને આકસ્મિક શુલ્ક સાથે ઉપરોક્ત સૂચના પ્રાપ્ત થયાની તારીખ ૦૧-૦૭-૨૦૨૪ છે.

દેણદાર આ રકમ ચૂકવવામાં નિષ્ફળ રહેલ છે, જેથી લેણદાર/મીલકત ના માલિક અને જાહેર જનતાને સામાન્ય રીતે આ નોટિસથી જણાવવામાં આવે છેકે નીચે સહી કરનારે એને મળેલ સદર કાયદાના સેક્શન ૧૩ના સબ-સેક્શન (૪) સાથે ધ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ના નિયમ ૮ સાથે વંચાણે લેતાં હેઠળ મળેલ સત્તાની રૂએ નીચે વર્ણવેલ **મિલકતનો કબજો તા. ૧૩-૦૯-૨૦૨૪** લીધો છે.

મિલકતના માલિક વિશેષ રૂપે જાહેર જનતાને સામાન્ય રીતે મિલકત સાથે વ્યવહાર ન કરવા ચેતવણી આપવામાં આવે છે અને નીચે જણાવેલ સંપત્તિ સાથે કોઈ પણ પ્રકારનો સોદો **પંજાબ એન્ડ સિંધ બેંક** સેટેલાઈટ અમદાવાદ શાખાના બોજાને આધિન રહેશે. **રૂ. ૩૭,૨૮,૪૩૬.૪૧ (અંકે રૂપિયા સાડત્રીસ લાખ અઠયાવીસ હજાર ચારસો છત્રીસ અને એકતાલીસ પૈસા પુરા)** ૩૦-૦૬-૨૦૨૪ ના રોજ વત્તા લાગુ ન કરાયેલ વ્યાજ અને શુલ્ક અને તેના પરના વધુ વ્યાજ ૦૧-૦૭-૨૦૨૪ ના કરાર દરે વત્તા ખર્તા શુલ્ક અને ચુકવણી ની તારીખ સુધીના ખર્ચ

**સિક્યોર્ડ અસ્કયામતો છોડવવાની ઉપલબ્ધ સમયમર્યાદા અંગે સરફૈસી કાયદાના સેક્શન ૧૩ના સબ-સેક્શન(૮) તરફ દેણદારનું ધ્યાન દોરવામાં આવે છે.**

**મિલકતનું વર્ણન**

ગીરો રાખેલ મિલકતના ફલેટ નં. ૫૦૫, પાંચમો માળ, શાશ્વત એલીગન્સ, પંચશીલ હોસ્પિટલ પાછળ, એસબીઆઈ સામે, રામનગર, સીટી સર્વે નં. ૩૬૫૫ (રેવન્યુ સર્વે નં. ૧૮૭/૧૧) ફાઈનલ પ્લોટ નં. ૬૨૬, ટીપી નં. ૨૩, (સાબરમતી) મોજે આચર, તા. સાબરમતી, અમદાવાદ, ગુજરાત.
જેની ચર્તુસીમા : ઉત્તર : નાનકરામ સુપર માર્કેટ, દક્ષિણ : ફલેટ નં. ૫૦૪, પૂર્વ : સીડી, પશ્ચિમ : ટીપી રોડ.

**સ્થળ : અમદાવાદ**
**તારીખ : ૧૩-૦૯-૨૦૨૪**

**અધિકૃત અધિકારી**
**પંજાબ એન્ડ સિંધ બેંક**


## દીપક એડવર્ટાઇઝિંગે આંતરરાષ્ટ્રીય પુરસ્કારોની હેટ્રિક ફટકારી

મુંબઇ | તા 17




દીપક એડવર્ટાઈઝિંગે આંતરરાષ્ટ્રીય પુરસ્કારોની હેટ્રિક ફટકારીમધ્ય ભારતની નંબર 1 ક્રિએટિવ અને મીડિયા એજન્સી દીપક એડવર્ટાઈઝિંગને તેની અનન્ય રચનાત્મકતા માટે સતત ત્રીજી વખત આંતરરાષ્ટ્રીય પુરસ્કાર મળ્યો છે. ગયા વર્ષે CREDAI ઈન્દોર ચેપ્ટર દ્વારા CREDAI ઈન્દોર કોન્કલેવ અને ગોલ્ડન બ્રિકનું આયોજન કરવામાં આવ્યું હતું.

સિમેન્ટ સ્લેબ આમંત્રણ 'એવોર્ડ્સ માટે દીપક એડવર્ટાઈઝિંગ દ્વારા ડિઝાઈન કરવામાં આવ્યું છે' એજન્સીને સમિટ ઈન્ટરનેશનલ ક્રિએટિવ એવોર્ડ 2024 માટે એનાયત કરવામાં આવ્યો છે. સામાન્ય કાગળના આમંત્રણોની તુલનામાં અનન્ય અને ટકાઉ, આ આમંત્રણમાં સિમેન્ટ સ્લેબ પર લેસર-એચ કરેલા અક્ષરો છે. આકર્ષક કસ્ટમાઈઝ્ડ પેકિંગ બોક્સ સાથે શેર કરવા માટે પરફેક્ટ, આ સિમેન્ટ સ્લેબનું આમંત્રણ સ્મૃતિચિહ્ન તરીકે લાંબા સમય સુધી મૂલ્યવાન હોઈ શકે છે. રિયલ એસ્ટેટ ક્ષેત્રમાં કામ કરતી CREDAI સંસ્થા માટે રચાયેલ આ આમંત્રણમાં તેની મૂળ રચના સાથે સિમેન્ટનો ઉપયોગ તેને વધુ સુસંગત બનાવે છે.

બનાવે છે. દીપક એડવર્ટાઈઝિંગે 2022 માં તેની 25મી વર્ષગાંઠની ઉજવણી કરવા માટે રચાયેલ 'સ્લિવર એનિવર્સરી બોક્સ' અને 2023 માં સિંધિયા કન્યા વિદ્યાલય, ગ્વાલિયર માટે રચાયેલ ઓરિગામિ આર્ટ બ્રોશર માટે સમિટ ઈન્ટરનેશનલ ક્રિએટિવ ગોલ્ડ એવોર્ડ પણ જીત્યો છે. ઈન્દોર CREDAI ચેપ્ટરના પ્રમુખ, શ્રી સંદીપ શ્રીવાસ્તવે પણ દીપક એડવર્ટાઈઝિંગની આ સિદ્ધિ પર કહ્યું કે - "આ સિદ્ધિ જાહેરાતના ક્ષેત્રમાં સમર્પણ, સર્જનાત્મકતા અને નવીનતાનું ઉદાહરણ છે. 22મી ઑગસ્ટના રોજ CREDAI ઈન્દોરના રાષ્ટ્રીય અધિવેશન માટે ખાસ રચાયેલ સિમેન્ટ સ્લેબ આમંત્રણો જેવા નવીન ખ્યાલો જોઈને અમને આનંદ થયો. આ આમંત્રણે રાષ્ટ્રીય સ્તરે અમારી વ્યાવસાયિક છબી બનાવવામાં મદદ કરી અને તે ક્ષણને યાદગાર બનાવી. સિમેન્ટનો ઉપયોગ કરીને આમંત્રણો બનાવવાનો વિચાર સર્જનાત્મકતાનું એક અલગ ધોરણ નક્કી કરે છે કારણ કે તે ફક્ત કોઈને માટે આમંત્રણ નથી, તેને સુરક્ષિત રીતે પણ રાખી શકાય છે. સમગ્ર CREDAI પરિવાર વતી, હું એજન્સીને આ સિદ્ધિ બદલ અભિનંદન આપું છું અને આશા રાખું છું કે ભવિષ્યમાં પણ એજન્સી તેની શ્રેષ્ઠ સેવાનો લાભ આપતી રહેશે.

સિટી એક્સપ્રેસ

WEDNESDAY 18 SEPTEMBER-2024

AHMEDABAD


## ગુજરાતીઓ બફારો સહન કરવા તૈયાર રહેજો

ગાંધીનગર | હવામાન વિભાગના ડાયરેક્ટર એ.કે. દાસના જણાવ્યા અનુસાર હાલમાં રાજ્યમાં વરસાદની શક્યતાઓ નહિવત પ્રમાણમાં છે. આ ઉપરાંત રાજ્યના વાતાવરણમાં ભેજ રહેવાથી બફારાનો અનુભવ થશે. કારણ કે, સૂર્યના સીધા કિરણો પડવાથી જમીનનો ભેજ બહાર નીકળતો હોવાથી જમીનની સપાટીથી થોડા મીટર ઉપર સુધી વાતાવરણમાં ગરમ વરાળ અને ભેજને કારણે બફારાનો અનુભવ થશે. હાલમાં દિવસ દરમિયાન મહત્તમ તાપમાન સામાન્ય કરતા નીચું છે, પરંતુ તેમ છતાં સૂર્યના સીધા કિરણોને કારણે વધુ તાપમાન અનુભવાય છે.

## માતરમાં ગણેશ વિસર્જન યાત્રા પર વિધર્મીઓનો હુમલો

માતર | ખેડા જિલ્લાના માતર તાલુકાના વસો ગામમાં ગણેશ વિસર્જન યાત્રામાં મારામારીની ઘટના બની હતી. વસો ગામમાં મસ્જિદ પાસેથી પસાર થઈ રહેલ ગણેશજીની વિસર્જન યાત્રા પર વિધર્મીઓના ટોળા દ્વારા હુમલો કરાયો. હુમલામાં પોલીસ કર્મીઓને પણ ઈજા પહોંચી હોવાની પ્રાથમિક માહિતી બહાર આવી છે. વસો ગામમાં ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવાયો. એસપી, ડીવાયએસપી સહિત એસ.ઓ.જી, એલસીબી, વસો પોલીસ, નડિયાદ પોલીસ, માતર પોલીસ ઘટના સ્થળે પહોંચ્યા.



# ગુજરાતમાં ગણેશ વિસર્જન

## અમદાવાદ, વડોદરા, સુરત અને રાજકોટમાં રંગેચંગે ગણેશજીની વિદાય

અમદાવાદ | આજે અનંત ચર્તુદર્શી છે ત્યારે ગુજરાતમાં 10 દિવસ સુધી લોકોએ રંગેચંગ ગણેશોત્સવ ઉજવ્યો હતો. ગુજરાતમાં એકાદ-બે અનિચ્છનીય ઘટનાઓને બાદ કરતાં રાજ્યભરમાં આજે બપ્પાની વિદાય માટે ભાવિકો ડીજે તો ઢોલ નગારાના તાલ અને શાંતિપૂર્ણ માહોલ સાથે નીકળી હતી. ત્યારે અમદાવાદ, સુરત, વડોદરા અને રાજકોટમાં પોલીસના ચાંપતા બંદોબસ્ત વચ્ચે ગણેશ વિસર્જન કરાયું હતું. ક્યાંક હર્ષોલ્લાસ સાથે તો ક્યાંક બાપાની વિદાયથી ભાવિકો ભાવુક બની ગયા હતા.




સાબરમતી રિવરફ્રન્ટ પર દધીચી બ્રિજ પાસે બનાવવામાં આવેલા કુંડમાં મોટી ક્રેન દ્વારા ગણપતિનું વિસર્જન કરવામાં આવ્યું હતું. ક્રેન દ્વારા કુંડમાં ગણપતિની મૂર્તિને વિસર્જિત કર્યાનો ભાવ કરીને બહાર કાઢી લેવામાં આવી હતી.




AMC દ્વારા 51 કુંડની વ્યવસ્થા પણ કરાઇ હતી. મોડી રાત સુધી લોકો ભગવાનના વિસર્જન માટે આવતા હોવાથી લાઇટની વ્યવસ્થા પણ કરવામાં આવી છે. ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે શાંતિપૂર્ણ માહોલમાં વિસર્જન થયું હતું.




સુરતમાં વહેલી સવારથી જ ગણપતિ બાપાનું ધામધૂમ પૂર્વક વિસર્જન કરવામાં આવી રહ્યું છે. ભક્તોએ બાપાને આંખો ભીની વિદાય આપી હતી. લોકોએ જાહેરમાં દૂંદાળા દેવને નવ દિવસ સુધી વિશિષ્ટ અતિથિ તરીકે બનાવ્યા હતા.






રાજકોટ સહિત દેશભરમાં લોકો ગણપતિ દાદાને વિદાય આપી રહ્યા છે. તેમજ જેટલા ભાવ સાથે ગણેશ દાદાનું વેલકમ કરવામાં આવ્યું હતું તેનાથી પણ વધારે દુઃખ સાથે ભક્તો દ્વારા ગણપતિ દાદાની વિદાય કરી રહ્યા છે.

### ભૂપેન્દ્ર પટેલ રજા પર વિદેશ જવાના છે તે વાત ખોટી

# CMની રજાને લઈને હર્ષ સંઘવીએ કર્યો ખુલાસો

**■ વડાપ્રધાન નરેન્દ્ર મોદી પાસે CMએ રજા માંગ્યાની અફવા**

(એજન્સી) અમદાવાદ | તા.17

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ પોતાના દીકરાની સારવાર અર્થે અમેરિકા જવાની શક્યતાએ જોર પકડ્યું છે, જેને લઈને ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવીએ ખુલાસો કર્યો છે. સંઘવીએ જણાવ્યું કે, સર્વ પ્રથમ તો આ વાત સંપૂર્ણ ખોટી છે. જે કોઈ લોકોએ આ વાત ફેલાવી છે તે તમામને નોટિસો મોકલવામાં આવી રહી છે. કોઈપણ આધાર-પુરાવા વગર માત્રને માત્ર વિપક્ષ અને માત્ર ને માત્ર અફવા ફેલાવીને લોકોને ગેરમાર્ગે દોરવા માટેનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

હર્ષ સંઘવીએ વધુમાં કહ્યું કે, ખુબ જ ગંભીરતા પૂર્વક હું કહું છું કે, આ બાબતે પગલા લેવામાં આવશે.

બેજવાબદારી પૂર્વક માત્રને માત્ર વિપક્ષના ઈશારે અને જે કોઈ લોકોએ આ અફવાઓ ફેલાવી છે તે તમામ લોકોને નોટિસો મોકલવામાં આવી રહી છે. અને ખાસ કરીને કોઈના દીકરાને વચ્ચે રાખીને અફવા ફેલાવવામાં આવી રહી છે જે ખૂબ જ ગંભીર વાત છે. અફવા ફેલાવનાર સામે કડકમાં કડક પગલાં ભરવામાં આવશે.

PM મોદી ત્રણ દિવસની ગુજરાત મુલાકાતે આવ્યા હતા. ત્યારે ગુજરાત પ્રવાસે તેમણે કેટલી મહત્વની બેઠકો પણ કરી છે. ત્યારે હવે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને પોતાના દીકરાની સારવાર અર્થે અમેરિકા જવાની શક્યતાઓએ જોર પકડ્યું હતું. મુખ્યમંત્રીએ PM મોદી પાસેથી રજાની માંગણી કર્યાની અફવાઓ ચાલી રહી છે.

ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના દિકરાને એપ્રિલ 2023માં બ્રેઈન સ્ટ્રોક આવ્યો હતો. જેની સારવાર અર્થે મુખ્યમંત્રીને અમેરિકા જવુ પડે એમ હોવાનું તેમજ આગામી દોઢ સપ્તાહમાં એટલે કે 25 સપ્ટેમ્બર આસપાસ મુખ્યમંત્રી પટેલ પોતાના દીકરા સાથે અમેરિકા જવાની અફવા વિશે હર્ષ સંઘવીએ કહ્યું કે આ વાત તદ્દન ઉપજાવી કાઢેલ છે. અને આ માત્ર ને માત્ર વિપક્ષના ઈશારે કરવામાં આવી રહ્યું છે.

### અફવા ફેલાવનાર સામે કરાશે કાર્યવાહી : હર્ષ સંઘવી



હર્ષ સંઘવીએ સુરતમાં એક કાર્યક્રમમાં ભાગ લેતી વખતે કહ્યું કે, આવી અફવાઓ કોણ ફેલાવે છે? મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ ક્યાંય વિદેશ જવાના નથી. આ હાથ-માથા વગરની અફવા છે. તેમણે ગુસ્સે ભરેલા અંદાજમાં ચેતવણી સાથે કહ્યું કે, અમે આ વાત અંગે તપાસ શરૂ કરી દીધી છે અને જેણે આ અફવા ફેલાવી છે તેને નોટિસ પણ ફટકારવામાં આવશે.

# ગુજરાતમાં અનેક સેક્ટરમાં રોકાણ માટે સિંગાપોર તૈયાર, રોજગારીની તકો વધશે



(એજન્સી) ગાંધીનગર | તા.17

સિંગાપોર પ્રજાસત્તાકના મુંબઈ સ્થિત કોન્સ્યુલ જનરલ શ્રીયુત ચેઓંગ મિંગ ફૂંગ- Cheong Ming Foong અને પ્રતિનિધિ મંડળે ગાંધીનગરમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની મુલાકાત લીધી હતી. ભારત સરકારના નવીન અને નવીકરણીય ઉર્જા મંત્રાલય દ્વારા ગુજરાતમાં યોજાઇ રહેલી 4થી આર.ઈ. ઈન્વેસ્ટ સમીટમાં સહભાગી થવા તેઓ ગુજરાત આવેલા છે. મુખ્યમંત્રી

**■ સિંગાપોર સાથે ગુજરાતના સંબંધો વધુ સુદૃઢ બન્યા**

સાથેની આ મુલાકાત દરમિયાન તેમણે રિન્યુએબલ એનર્જી સમિટની સફળતા માટે મુખ્યમંત્રીને અભિનંદન પાઠવ્યા હતા. સિંગાપોરના કોન્સ્યુલ જનરલએ ગુજરાત સાથે આર્થિક અને રીન્યુએબલ એનર્જી, અર્બન ડેવલોપમેન્ટ તથા સેમીકોન સેક્ટરમાં સહભાગીતાની ઉત્સુકતા દર્શાવી હતી. તેમણે મુખ્યમંત્રીને જણાવ્યું કે, ગુજરાતમાં સેમિકન્ડક્ટર માટેની એક સારી ઈકોસિસ્ટમની ક્ષમતા છે. એનર્જી સેક્ટરમાં ગુજરાત ઓફશોર વિન્ડ એન્ડ સોલાર એનર્જીમાં મહત્વપૂર્ણ લોકેશન છે તેની પણ તેમણે સરાહના કરી હતી. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ સંદર્ભમાં સિંગાપોર ગુજરાત વચ્ચે સ્માર્ટ સિટીઝ, અર્બન ડેવલપમેન્ટ, સેમિકોન અને રીન્યુએબલ એનર્જી સેક્ટરમાં રોકાણો તથા સબંધો વધુ સુદ્રઢ બનાવવા પરસ્પર વાતચીત-ડાયલોગની પ્રખર હિમાયત કરી હતી.

### હિંમતનગરમાં અથડામણ

# ગણેશ વિસર્જનની શોભાયાત્રા દરમિયાન બે જૂથો વચ્ચે ઘર્ષણ

(એજન્સી) હિંમતનગર | તા.17

હિંમતનગરના ન્યાય મંદિર વિસ્તારમાં સાંજના સુમારે ગણેશ વિસર્જન દરમિયાન હોર્ડીંગ્સ પર લગાવેલ ધાર્મિક ઝંડો ઉતારવાના મામલે કેટલાક લોકોએ વૈમન્યસ્ય રાખીને બબાલ કરતા મામલો ગરમાયો હતો અને બે જૂથો વચ્ચે ઘર્ષણ થયુ હતુ. જોકે એલસીબી, એસઓજીની ટીમ ઘટના સ્થળે દોડી આવી હતી અને પરિસ્થિતને કાબુમાં લીધી હતો. શહેરમાં શાંતિપૂર્વક જઇ રહેલ ગણેશ વિસર્જન શોભાયાત્રા દરમિયાન શાંતિભંગ કરનાર અસામાજીક તત્વોને ઝડપી લેવા માટે પોલીસે કાર્યવાહી હાથ ધરી છે. આ અંગેની વિગત એવી છે કે હિંમતનગર શહેરમાં વિવિધ વિસ્તારોમાંથી ભગવાન વિઘ્નહર્તાની શોભાયાત્રા શાંતિપૂર્વક રીતે પસાર થઇ રહી હતી તે દરમિયાન ન્યાય મંદિર વિસ્તારમાં શોભાયાત્રા પહોંચ્યા બાદ હોર્ડીંગ્સ પર લગાવેલ ધાર્મિક ઝંડા ઉતારવાના મામલે બે જૂથો વચ્ચે ઘર્ષણ થયુ હતુ અને બીજી તરફથી લોકોના ટોળા શોભાયાત્રા તરફ દોડી આવ્યા હતા. જોકે પરિસ્થિતને કાબુમાં લેવા માટે એલસીબી, એસઓજીની ટીમ ઘટના સ્થળે દોડી આવી હતી અને મામલો થાળે પાડવાનો પ્રયાસ કર્યો હતો.

### RE Summit... મુખ્યમંત્રીની ઉપસ્થિતિમાં 4 MoU સાઈન થયા

# રિન્યુએબલ ઊર્જા ક્ષેત્રમાં AIના ઉપયોગ વિશે ચર્ચા કરાઇ



(એજન્સી) ગાંધીનગર | તા.17

ગાંધીનગરમાં મહાત્મા મંદિર ખાતે આયોજિત ચોથી ગ્લોબલ રિન્યુએબલ એનર્જી ઇન્વેસ્ટર્સ મિટ અને એક્ષ્પોના બીજા દિવસે આર્ટિફિશ્યલ ઈન્ટેલિજન્સ ઈન રિન્યુએબલ એનર્જી સેક્ટર વિષય પર વિશેષ સત્રનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સત્રમાં ઈલેક્ટ્રોનિક્સ અને ઈન્ફોર્મેશન ટેકનોલોજી મંત્રાલય (MEITY) ના અધિક સચિવ અભિષેક સિંઘ, વારી એનર્જીસ કંપનીના સીઈઓ ડૉ. અમિત પૈથાનકર, અદાણી ગ્રીન એનર્જીસ લિ.ના ચીફ ડિજીટલ ઓફિસર માધવી ઈસાન્કા, એઝ્યોર પાવરના સીઈઓ સુનિલ ગુપ્તા, સેન્ટ્રલ ઈલેક્ટ્રિસિટી ઓથોરિટીના CSIRT- પાવર અને સીએસ ડિવીઝનના ડાયરેક્ટર એલ.કે.એસ રાઠોર અને ગ્રીન અર્થ એક્સચેન્જના મેનેજિંગ ડાયરેક્ટર ડૉ. સુમિત ચૌધરી સામેલ થયા હતાં. તેમણે રિન્યુએબલ ઊર્જા ક્ષેત્રમાં આર્ટિફિશ્યલ ઈન્ટેલિજન્સના ઉપયોગ તેના ભવિષ્ય અને પડકારો વિશે ચર્ચા કરી હતી.

### 1,79 હજાર કરોડના MOU

આ ઉપરાંત મુખ્યમંત્રીશ્રીની ઉપસ્થિતિમાં કુલ ચાર MoU સાઈન કરવામાં આવ્યા હતા. જેમાં PGCIL અને ગુજરાત સરકાર વચ્ચે રૂ. 5 હજાર કરોડ, GSEC અને GUVNL વચ્ચે રૂ. 59 હજાર કરોડ, અવાડા એનર્જી અને GPCL વચ્ચે રૂ. 85 હજાર કરોડ તેમજ જુનીપર ગ્રીન એનર્જી અને GEDA વચ્ચે રૂ. 30 હજાર કરોડના MoU સાઈન થયા છે.

### વિશ્વમાં જે ક્ષમતાના સર્વર ફાર્મ બની રહ્યા છે, બાજુમાં ન્યૂક્લિયર પ્લાન્ટ બનાવવા પડશે

આ ચર્ચાની શરૂઆતમાં કેન્દ્રીય ઈલેક્ટ્રોનિક્સ અને ઈન્ફોર્મેશન ટેકનોલોજી મંત્રાલય (MEITY)ના અધિક સચિવ અભિષેક સિંઘે આર્ટિફિશ્યલ ઈન્ટેલિજન્સ ક્ષેત્ર સાથે સંકળાયેલા પડકારો અને ટેક્નોલોજી વિશે સૌને માહિતગાર કર્યા હતા. તેમણે જણાવ્યું હતું કે AI ક્ષેત્રના વિકાસ માટે સૌથી મોટો પડકાર એ છે કે જે AI મોડલ આપણે ઉપયોગ કરીએ છીએ તેમાં ઊર્જાની પુષ્કળ ખપત થાય છે. અત્યારે વિશ્વસ્તરે નાનામા નાનું મોડલ પણ 100 કિલોવોટ અવરની ઊર્જા વાપરે છે અને મોટા મોડલ અને ટ્રાન્સફોર્મર્સ છે જે 500 મેગાવોટ અને ગીગાવોટની ઊર્જા વાપરે છે.

### રાજકોટના ત્રંબામાં વિસર્જન દરમિયાન ચાર ડૂબ્યાં, એકનું મોત

(એજન્સી) રાજકોટ | રૂખડિયાપરામાં રહેતા ચાર યુવાનો ભાવનગર રોડ પર ત્રંબા ખાતે ત્રિવેણી સંગમ ખાતે ત્રિવેણી ઘાટ પાસે ગણેશ વિસર્જન માટે ગયા હતા. જોકે, એક બાદ એક ચાર યુવાનો ડૂબી જતાં આસપાસના લોકો દ્વારા ચારેય યુવાનોને બહાર કાઢી દેવામાં આવ્યા હતા. જે બાદ બે યુવાનોને રાજકોટ સિવિલ હોસ્પિટલમાં 108 મારફત ખસેડવામાં આવ્યા હતા. જે પૈકી એક યુવાનને પૂરતી સારવાર મળે તે પૂર્વે મોત નિપજ્યું હતું. મૃતક યુવાનની ઓળખ મેળવતા તે રૂખડિયાપરામાં રહેતા લક્કી મકવાણા હોવાનું સામે આવ્યું હતું. જ્યારે અન્ય યુવાન રાહુલ રાઠોડ હાલ સારવાર હેઠળ છે, જેની તબિયત સ્થિર હોવાનું માનવામાં આવી રહ્યું છે. હાલ હોસ્પિટલ ચોકીના સ્ટાફે બનાવ અંગે સ્થાનિક પોલીસને જાણ કરી મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે ખસેડી જરૂરી કાર્યવાહી હાથ ધરી છે.

# દ્વારકાના દરિયાકિનારે અફઘાની ચરસ મળ્યું

## બિનવારસી મળેલ ચરસનું વજન 1.866 અને કિંમત રૂપિયા 93 લાખ

(એજન્સી) દ્વારકા | તા.17

ગુજરાતના બેટ દ્વારકાના દરિયાકિનારે બિનવારસી અફઘાની ચરસ મળ્યું છે. બેટ દ્વારકાના દરિયા કિનારેથી બિનવારસુ ચરસ પેકેટ મળી આવ્યા છે. જેમાં એસ.ઓ.જી દેવભૂમિ દ્વારકા દ્વારા કોસ્ટલ પેટ્રોલિંગ દરમિયાન બેટ દ્વારકાના પૂર્વ કાંઠા તરફ દરિયા કિનારેથી બિનવારસી અફઘાની ચરસના બે પેકેટ મળી આવતા તપાસ શરૂ કરવામાં આવી છે.



કુલ વજન 1.866 અને કિંમત રૂપિયા 93,30,000 નો મુદ્દામાલ મળી આવેલ છે. જેમાં વધુ તપાસ દેવભૂમિ જિલ્લાના એસપી નિતેશ પાંડે સુચના અનુસાર હાથ ધરાઇ છે. દ્વારકાના દરિયા કિનારાના વિસ્તારોમાં અગાઉ ચરસ મળવાના કિસ્સાને ધ્યાનમાં રાખીને જિલ્લા પોલીસ વડાએ પોલીસની ટીમો દ્વારા દરિયા કિનારા વિસ્તારોના સ્ટેસ્ટિક પોઈન્ટ નક્કી કરીને પેટ્રોલિંગની કામગીરી હાથ ધરી છે. ઉલ્લેખનીય છે કે અગાઉ પણ મીઠાપુર વિસ્તારના મોજપ ગામના દરિયા કિનારાના વિસ્તારોમાં મીઠાપુર પોલીસ સ્ટાફ અને SRDની ટીમ દ્વારા પેટ્રોલિંગ દરમિયાન મોજપના દરિયા કિનારેથી ચરસના 21 પેકેટ મળી આવ્યા હતા જેની કિંમત આશરે 12 કરોડ રૂપિયા હતી.

# અંબાજી મંદિરના ચાચર ચોકમાં ડ્રોન દ્વારા પુષ્પવર્ષા કરાઈ




માહિતી બ્યુરો | પાલનપુર

શકિતપીઠ અંબાજી ખાતે તારીખ 12 મી સપ્ટેમ્બર થી શરૂ થયેલો ભાદરવી પૂનમનો મેળો હવે તેના અંતિમ ચરણમાં છે. લાખો માઈ ભક્તોએ કઠિન પદયાત્રા કરી મા અંબાને શીશ નમાવ્યું છે. ત્યારે સમગ્ર મેળા દરમિયાન શ્રદ્ધાળુઓની આસ્થાને અનુરૂપ તમામ પ્રકારની સુવિધાઓથી લાખો યાત્રાળુઓએ સંતોષ વ્યક્ત કર્યો છે. મેળાના છઠ્ઠા દિવસે શ્રી આરાસુરી અંબાજી ટ્રસ્ટ અને જિલ્લા વહીવટીતંત્ર દ્વારા માઈભક્તો પર પુષ્પવર્ષા વરસાવવામાં આવી હતી.

મા અંબા ના આશીર્વાદથી મેળાના છ દિવસ નિર્વિઘ્ને પૂર્ણ થયા છે, ત્યારે મેળાના અંતિમ ચરણમાં લાખોની સંખ્યામાં માઈ ભક્તોનો માનવ મહેરામણ અંબાજી ખાતે ઉમટયો હતો. શ્રદ્ધા ભક્તિના આ ઘોડાપૂરથી અંબાજી રળિયામણું બન્યું હતું. શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ અને જિલ્લા વહીવટી તંત્ર દ્વારા મેળાના છઠ્ઠા દિવસે માઇ ભક્તો પર ડ્રોન દ્વારા પુષ્પવર્ષા કરવામાં આવી હતી.